દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 188 ■ વિક્રમ સંવત ૨૦૮૨

આષાઢ વદ - ૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 August 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૧૦ ઑગસ્ટ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u






the ultimate OLD GOLD UPGRADE
SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565


# ઝારખંડના વિદ્યાર્થીઓ ટસના મસ નથી થતા


## સરકારે સ્ટૂડન્ટ્સની ૯૮ ટકા માગણી સ્વીકારી લીધી છતાં આંદોલન ઉગ્ર બનવાની તૈયારીમાં

રાંચીઃ મુખ્ય પ્રધાન હેમંત સોરેન અને ગવર્નર સંતોષકુમાર ગંગવારે વિદ્યાર્થીઓને ન્યાય આપવાનું વચન આપ્યું હોવા છતાં ભરતી પરીક્ષામાં આચરવામાં આવેલી ગેરરીતિને મામલે વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ રવિવારે પણ તેમની માગણીને લઈને અડગ રહ્યા હતા.

જેએસએસસી-સીજીએલ પરીક્ષામાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિને મામલે સીબીઆઈ તપાસની માગણીને બાદ કરતાં સરકારે વિદ્યાર્થીઓની ૯૮ ટકા માગણી સ્વીકારી લીધી હોવાનો વહીવટકર્તાઓએ દાવો કર્યો હોવા છતાં સરકાર અને વિદ્યાર્થીઓ વચ્ચે વાટાઘાટના નવા યોજાયેલા રાઉન્ડમાં પણ કોઈ સમાધાન થઈ શક્યું નહોતું.

૧૪મી જેપીએસસી પરીક્ષા રદ કરવા સહિત અમારી મોટાભાગની માગણીઓ સ્વીકારી લેવામાં આવી છે, પરંતુ પરીક્ષામાં આચરવામાં આવેલી ગેરરીતિને મામલે સીબીઆઈ તપાસ યોજવાની અમારી માગણી પૂરી કરવામાં નહીં આવે ત્યાં સુધી અમે

(જુઓ પાનું ૨) ▸▸



**જુસ્સો ન ઊતરેઃ** રાંચીમાં અનશન પર બેઠેલા વિદ્યાર્થી નેતા દેવેન્દ્રનાથ મહાતોને રવિવારે એક્ટર પીયૂષ મિશ્રા મળ્યા હતા. (એજન્સી)

## લાઠીઓ નહીં, સંવાદથી મળશે સમાધાનઃ સોરેન

રાંચીઃ ભરતીની પરીક્ષામાં આચરવામાં આવેલી ગેરરીતિને મામલે વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને ગેરમાર્ગે ન દોરવાની અને આ મુદ્દા પર રાજકારણ ન કરવાની ઝારખંડના મુખ્ય પ્રધાન હેમંત સોરેને રવિવારે રાજકીય પક્ષોને ચેતવણી આપી હતી.

તેમણે કહ્યું હતું કે સરકાર પરીક્ષાની પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવા અને વિદ્યાર્થીઓની ચિંતા વાટાઘાટ મારફતે દૂર કરવા પ્રતિબદ્ધ છે.

વિદ્યાર્થીઓની માગણીઓ સામે બળપ્રયોગ કરવો એ આ સમસ્યાનો ઉકેલ નથી, એમ તેમણે કહ્યું હતું.

(જુઓ પાનું ૨) ▸▸

## કેરલમમાં આખું 'વંદે માતરમ્' નહીં ગવાય

તિરુવનંતપુરમઃ કેરલમમાં વંદે માતરમ્નું સંપૂર્ણપણે ગાન કરવામાં નહીં આવે, એમ કેરલમના આરોગ્ય પ્રધાન કે. મુરલીધરન અને કૉંગ્રેસના સાંસદ રાજમોહન ઉન્નિથને રવિવારે કહ્યું હતું.

પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે કેરલમમાં હંમેશની જેમ જ વંદે માતરમ્ના પહેલા બે અંતરા જ ગાવામાં આવશે.

તમામ રાજ્ય સરકારના કાર્યક્રમોમાં અગાઉ પણ વંદે માતરમ્ના પહેલા બે અંતરા જ ગવાતા હતા અને આગળ પણ આ પ્રથા ચાલુ રહેશે, એમ તેમણે કહ્યું હતું.

ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે રાષ્ટ્રગીતનું સંપૂર્ણ ગાન કરવા અંગે મુખ્ય સચિવ તરફથી સૂચના આપવામાં આવી હોય એવી

(જુઓ પાનું ૨) ▸▸

## ઉજ્જૈન મહાકાલના દર્શન કરી પાછા ફરી રહેલા વડોદરાના છ યુવાનને કાળ ભરખી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિરના દર્શન કરી પરત ફરી રહેલા વડોદરાના સાત યુવકને રવિવારે અકસ્માત નડ્યો હતો, જેમાં છ યુવકના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા જ્યારે એક યુવકને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

વડોદારાના રહેવાસી યુવકો ઈકો વેનમાં દર્શન માટે ઉજ્જૈન ગયા હતા. પરત ફરતી વખતે બદનાવર-ઉજ્જૈન ફોરલેન પર ગ્રામ પંચકવાસા પાસે બપોરના સમયે રોંગ સાઈડથી આવતા ટ્રકે તેમની કારને જોરદાર ટક્કર મારી હતી. સામેથી ટક્કર લાગતા

(જુઓ પાનું ૨) ▸▸



**ગમખ્વારઃ** ઉજ્જૈન દર્શન કરીને આવેલા વડોદરાના યુવાનોના વાહનની ટ્રક સાથેની ટક્કર એટલી જબરજસ્ત હતી કે વાહનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. (એજન્સી)

## મમતાનાં વળતાં પાણીઃ વાહન પર કીચડ અને જૂતાં ફેંકાયાં

હલીશહર, પશ્ચિમ બંગાળઃ પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગના જિલ્લાના હલીશહરમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનરજીના કાફલા પર ટોળાએ હુમલો કર્યો હતો. પૂર્વ મુખ્યપ્રધાન એક ટીએમસી કાર્યકર્તાના ઘરે જઈ રહ્યા હતા જેનું પોલીસ કસ્ટડીમાં મોત થયું હતું. ત્યારે ગુસ્સે ભરાયેલા ટોળાએ તેમને રસ્તામાં રોક્યા હતા અને હુમલો કરી દીધો હતો.

નોંધનીય છે કે પોલીસ કસ્ટડીમાં બીમાર પડ્યા બાદ મૃત્યુ પામેલા તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર બિરજુ કેઓટનું મૃત્યુ થયા બાદ વિરોધ પ્રદર્શન શરૂ થયું હતુ. જ્યાં પોલીસે તેના મૃત્યુ પાછળનું કારણ હાર્ટ અટેક ગણાવ્યું હતું. જ્યારે તેમના પરિવારે કસ્ટડીમાં ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે રાજકીય વિવાદ થયો હતો અને સ્વતંત્ર તપાસની માગણી કરવામાં આવી હતી.

શનિવારે પશ્ચિમ બંગાળના હલીશહરમાં મમતા બેનરજીના કાફલાને પ્રદર્શનકારીઓના એક જૂથ દ્વારા અટકાવવામાં આવ્યા બાદ તણાવ સર્જાયો હતો. રિપોર્ટ અનુસાર, પ્રદર્શનકારીઓએ બેનરજીની ગાડીને ઘેરી લીધી હતી અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ટોળાએ કાર પર કાદવ ફેંક્યો હતો અને કાફલા પર પાણીની બોટલો, જૂતા અને ચંપલ ફેંક્યા હતા. વિરોધીઓએ ટીએમસી

(જુઓ પાનું ૨) ▸▸

## આર.જી. કર રેપ કેસની નવેસરથી તપાસ થશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ રવિવારે દેશને હચમચાવી મૂકનાર રાજ્ય સંચાલિત આર.જી. કર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલના ડોક્ટરના ૨૦૨૪ના બળાત્કાર અને હત્યાના કેસમાં નવી તપાસની જાહેરાત કરી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે સરકારે મૃતક ડોક્ટરની માતાની વિનંતી પર આ નિર્ણય લીધો છે. પીડિતાની માતા હવે ભાજપના વિધાનસભ્ય છે.

તેમણે કહ્યું, રતના દેબનાથે મને પત્ર લખીને નવી તપાસ કરાવવાની વિનંતી કરી હતી. મુખ્ય સચિવ અને નિષ્ણાતોની ટીમ સાથે વ્યાપક ચર્ચા કર્યા પછી, હું સ્પેશ્યલ કમિશન એક્ટ, ૧૯૫૨ હેઠળ નવી તપાસની જાહેરાત કરી રહ્યો છું.''

અધિકારીએ દાવો કર્યો હતો કે આ કેસના સંદર્ભમાં પોલીસ પોતાની ફરજ નિભાવવામાં નિષ્ફળ રહી છે.

બંગાળમાં રેપ અને હત્યાના આ કેસને કારણે લોકોમાં ભારે આક્રોશ ભભૂક્યો હતો. તેમણે પીડિતાના અંતિમ સંસ્કારમાં થયેલી કથિત બેદરકારી અંગે પણ અલગથી તપાસનો આદેશ આપ્યો હતો અને તે માટે જવાબદારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ■

## ટ્રમ્પનો ગાઝા પ્લાન ફગાવ્યો નેતન્યાહુએ

તેલ અવીવ : ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ૧૫-મુદ્દાના ગાઝા પ્લાનને નકારી દીધો છે. નેતન્યાહુએ સ્પષ્ટપણે કહ્યું હતું કે જ્યાં સુધી હમાસ સંપૂર્ણપણે પોતાના હથિયારો છોડશે નહીં ત્યાં સુધી ઇઝરાયલની સેના ગાઝામાંથી પીછેહઠ કરશે નહીં.

નેતન્યાહુએ રવિવારે કેબિનેટની બેઠકમાં જણાવ્યું હતું કે ઇઝરાયલ ૧૫-મુદ્દાના દસ્તાવેજને માનશે નહીં. તેમણે કહ્યું હતું કે ઇઝરાયલ ગાઝામાંથી ત્યાં સુધી પાછળ હટશે નહીં જ્યાં સુધી તેની સંપૂર્ણ ખાતરી નહી થાય કે હમાસે

(જુઓ પાનું ૨) ▸▸

## હોર્મુઝની ખાડી ખોલવા ઈરાનની આકરી માગણીઓ

### હુતીઓનો સઉદી અરામકોની ઑઈલ રિફાઈનરી પર મોટો હુમલો

દુબઈઃ હોર્મુઝ સામુદ્રધુની ફરી ખોલવા ઇરાને નવી અને કડક માગણીઓ રજૂ કરી છે. યુએઈના જણાવ્યા અનુસાર ઇરાનના મિસાઈલે તેમનાં જહાજને નિશાન બનાવ્યું હતું અને યમનની સેનાએ ઇરાન સમર્થિત હુતી બળવાખોરોના ઠેકાણાઓને નિશાન બનાવી હુમલો કર્યો હતો તેમ જ તૂર્કીના કુર્દીશ શાંતિ ખરડાને સંસદમાં મંજૂરી આપવામાં આવી હતી. ઇરાનની શક્તિશાળી સંસ્થા સુપ્રીમ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના જણાવ્યા અનુસાર જ્યાં સુધી અમેરિકા પોતાનું વર્તન નહીં સુધારે ત્યાં સુધી હોર્મુઝ સામુદ્રધુની ફરી ખોલવામાં નહીં આવે. ઇરાનના આ નિવેદનથી હોર્મુઝના સંચાલન અંગે ચાલી રહેલી વાટાઘાટ મુશ્કેલીમાં મુકાઈ છે.

સુપ્રીમ નેશનલ સિક્યોરિટ કાઉન્સિલના સચિવ મોહંમદ બાઘેર ઝોલઘાદરે કહ્યું હતું કે અમેરિકાએ ઇરાનને ફરી ક્યારેય ધમકી આપવી ન જોઈએ અને ઇરાન તેમ જ આ વિસ્તારના તેનાં સાથીઓ સાથેનું યુદ્ધ કાયમ માટે સમાપ્ત કરી દેવું જોઈએ. અમેરિકાએ ઇરાનના બંદરોની અમેરિકાના નૌકાદળ દ્વારા કરવામાં આવેલી નાકાબંધી હટાવી લેવી જોઈએ અને આ વિસ્તારમાંથી પોતાની સૈન્ય ટુકડીઓ પાછી ખેંચી લેવી જોઈએ. યુદ્ધને કારણે ઇરાનને થયેલા નુકસાનની અમેરિકાએ સંપૂર્ણ ભરપાઈ કરવી જોઈએ અને જપ્ત કરેલી સંપત્તિ કોઈ પણ શરત વિના પરત કરવી જોઈએ, એમ ઇરાને કહ્યું હતું. દરમિયાન યમનના હૂતી બળવાખોરોએ રવિવારે દક્ષિણ-પશ્ચિમ સઈદી અરેબિયામાં આવેલી આરામકોની ઑઈલ રિફાઈનરીપર હુમલો કર્યો હતો.

ઈરાન સમર્થિત હુતી બળવાખોરો દ્વારા સઉદી પર કરવામાં આવેલો આ તાજેતરનો હુમલો છે. લાલ સમુદ્રના એક મહત્ત્વપૂર્ણ બંદર પર પણ તેમણે હુમલો કર્યો હતો. (એજન્સી)■

## લૉ કૉલેજના વિદ્યાર્થીઓને ચીફ જસ્ટિસના હાથે ડિગ્રી નથી જોઇતી

### હૈદરાબાદમાં પદવીદાન સમારંભમાં સૂર્યકાંતને અપાયેલા આમંત્રણનો વિરોધ કર્યો

હૈદરાબાદઃ હૈદરાબાદસ્થિત દેશની અગ્રણી કાયદા સંસ્થા નેશનલ એકેડેમી ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ (નાલસર) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંત સામે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. ૨૦૨૬ બેચના ૪૫૦થી વધુ સ્નાતક વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર, રજિસ્ટ્રાર અને અન્ય અધિકારીઓને એક મેમોરેન્ડમ સુપરત કર્યું હતું, જેમાં માગ કરવામાં આવી હતી કે સીજેઆઈને દીક્ષાંત સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત ન કરવામાં આવે.

વિદ્યાર્થીઓનો આ વિરોધ તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણી સાથે જોડાયેલો છે. વિદ્યાર્થીઓના મતે ૨૩ જુલાઈના રોજ સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશે પોલીસ કાર્યવાહી સંબંધિત વીડિયો પુરાવા જોવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો.

વિદ્યાર્થીઓના એક જૂથે પત્રમાં વહીવટીતંત્રને તેના નિર્ણય પર ફરીથી વિચાર કરવા વિનંતી કરી હતી. તાજેતરની ઘટનાઓ પર તર્ક આપતા વિદ્યાર્થીઓએ દલીલ કરી હતી કે મુખ્ય ન્યાયાધીશને મુખ્ય મહેમાન

(જુઓ પાનું ૨) ▸▸

## ઍર ઇન્ડિયા ફ્લાઇટ ટર્બ્યુલન્સઃ પાઇલટનો ડૉપ ટેસ્ટ પૉઝિટિવ

નવી દિલ્હીઃ ફુકેટથી દિલ્હી આવી રહેલી ઍર ઇન્ડિયાની ફ્લાઇટ એઆઈ ૨૩૭૯માં ચોથી ઓગસ્ટના રોજ બનેલી ટર્બ્યુલન્સની ગંભીર ઘટનાની તપાસમાં એક નવો વળાંક આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હી પહોંચ્યા પછી વિમાનમાં કમાન્ડમાં રહેલા પાઇલટનો ડૉપ ટેસ્ટ કરવામાં આવ્યો હતો જેમાં સાઈકોએક્ટિવ પદાર્થ હોવાની પુષ્ટિ થઈ હતી.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે, ફૂકેટ-દિલ્હી ફ્લાઇટ દરમિયાન અચાનક ઊંચાઈ ઓછી થવાની ઘટનાનો સામનો કરનારી એર ઇન્ડિયાની ફ્લાઇટના પાઇલટ-ઇન-કમાન્ડનું કન્ફર્મેટરી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ પ્રારંભિક સાયકોએક્ટિવ સબ્સટેન્સ સ્ક્રીનિંગ (નશીલા પદાર્થોની તપાસ)માં એવાં પરિણામો મળ્યા બાદ ઉઠાવવામાં આવ્યો છે જેની વધુ તપાસની જરૂર હતી.

ચોથી ઓગસ્ટના રોજ ફુકેટથી દિલ્હી માટે ઉડાણ ભરનારી ફ્લાઇટ એઆઈ ૨૩૭૯ની ઉંચાઈ ક્રુઝ દરમિયાન લગભગ ૩૦૦ ફૂટ ઓછી થઈ ગઈ હતી ત્યારબાદ તે સ્થિર થઈ હતી અને સુરક્ષિત રીતે દિલ્હીમાં ઉતરાણ કર્યું હતું. આ ઘટના દરમિયાન કેટલાક મુસાફરો અને કેબિન ક્રૂ સભ્યોને ઇજાઓ પહોંચી હતી. વિમાનમાં ૧૩૭ મુસાફરો અને આઠ ક્રૂ સભ્યો સવાર હતા.

માન્ય સંચાલન પ્રક્રિયાઓ હેઠળ ઘટના બાદ ફ્લાઇટના બંને પાઇલટની ફરજિયાત સાઈકોએક્ટિવ પદાર્થ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતુ. મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે પાઇલટ-ઇન-કમાન્ડના નમૂનાની પુષ્ટી માટે પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા હતા અને અંતિમ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. આ એએઆઈબી દ્વારા તેની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ અને પરીક્ષણ પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે બંને ફ્લાઇટ ક્રૂ સભ્યોને રોસ્ટરમાંથી હટાવી દેવામાં આવ્યા છે. ■

## એફસીઆરએ ખરડાને નામે લઘુમતીઓ ટાર્ગેટઃ કૉંગ્રેસ

અલાપ્પુઝા (કેરલમ)ઃ કેન્દ્ર સરકારના પ્રસ્તાવિત એફસીઆરએ સંશોધન બિલ, ૨૦૨૬ સામે વિપક્ષે વિરોધની તૈયારીઓ શરૂ કરી છે. કૉંગ્રેસના મહાસચિવ કે. સી. વેણુગોપાલે રવિવારે જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકાર સંસદમાં પ્રસ્તાવિત એફસીઆરએ બિલ રજૂ કરશે તો કૉંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો તેનો જોરદાર વિરોધ કરશે. તેમણે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને નીટ પેપર લીક સામેના વિરોધમાં વિદ્યાર્થીઓ સામે બળપ્રયોગ અંગેના પ્રશ્નોના જવાબ આપવા પણ કહ્યું હતું.

પત્રકારો સાથે વાત કરતા અલાપ્પુઝાના સાંસદે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ પર સવાલોનો સામનો કરવાથી બચવા અને તેનો સામનો કરવાના ડરથી સંસદમાં હાજર ન રહેવાનો

(જુઓ પાનું ૨) ▸▸

## કૃષ્ણજન્મભૂમિની મુક્તિ માટે છ ડિસેમ્બરે કારસેવાનું એલાન

મથુરાઃ અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ બાદ હવે ઉત્તર પ્રદેશના મથુરામાં શ્રીકૃષ્ણ જન્મભૂમિ પર ભવ્ય મંદિર બનાવવા માટે સાધુ-સંતોએ મોટું આહવાન કર્યું છે. મથુરાની ચિત્રગુપ્ત પીઠ ખાતે એકઠા થયેલા સંત સમાજના પ્રતિનિધિઓએ શ્રીકૃષ્ણ જન્મભૂમિ મુક્તિ માટે આગામી છઠ્ઠી ડિસેમ્બરે 'કારસેવા' કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. આ કાર્યક્રમ દરમિયાન 'કૃષ્ણ લલ્લા હમ આયેંગે, મંદિર વહી બનાયેંગે' ના નારા પણ લગાવવામાં આવ્યા હતા.

આ દરમ્યાન, આયોજકો, જેમણે રવિવારે કૃષ્ણ જન્મભૂમિ સ્થળ પર મંદિર નિર્માણ માટે 'શંખનાદ' અને 'કારસેવા'

(જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઝારખંડનું વિદ્યાર્થી આંદોલનઃ રાહુલ હેમંત સોરેનનું રાજીનામું માગશે?

**'નીટ'** પેપર લીક મુદ્દે કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ કરેલા આંદોલનના પડઘા શમ્યા નથી ત્યાં ઝારખંડમાં ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલનની આખા દેશમાં ચર્ચા છે. ઝારખંડમાં સરકારી નોકરીઓમાં ભરતી માટે લેવાતી ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી)ની એપ્રિલમાં લેવાયેલી પરીક્ષામાં ભ્રષ્ટાચારની વાતો બહાર આવી તેના પગલે શરૂ થયેલું આંદોલન અત્યંત ઉગ્ર બની ગયું છે. ઝારખંડની રાજધાની રાંચીમાં લાખો વિદ્યાર્થીઓ ઊમટી પડ્યા છે અને દેખાવો કરી રહ્યા છે.

ઝારખંડમાં સ્ટુડન્ટ પોલિટિક્સનો દબદબો છે ને રાજકીય પાર્ટીઓનાં તથા બિન-રાજકીય પણ ઘણાં વિદ્યાર્થી સંગઠનો અસ્તિત્વમાં છે. આ બધાં સંગઠનો કૂદી પડ્યાં તેમાં આંદોલન સ્ફોટક બની ગયું છે. આંદોલનની શરૂઆત જેપીએસસીની પરીક્ષા રદ કરવાની માગણી સાથે થયેલી પણ પછી બીજી વ્યાજબી માગણીઓ પણ ઉમેરાતી ગઈ. ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી) અને ઝારખંડ શોર્ટ સર્વિસ કમિશન (જેએસએસસી)ની પરીક્ષાઓમાં પારદર્શકતા, પેપર લીક સહિતની ગરબડો માટે ૯૦ દિવસમાં સજા સહિતની માગણીઓ વિદ્યાર્થી સંગઠનો કરી રહ્યાં છે.

સામાજિક કાર્યકર હરિશરણ દેવગણે સુપ્રીમ કોર્ટમાં જાહેર અરજી કરીને ભરતી પરીક્ષાઓમાં ભ્રષ્ટાચારની સીબીઆઈ તપાસની તેમજ પરીક્ષાઓ રદ કરવાની માગ કરી છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ અથવા રાજ્ય બહારની હાઈ કોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિનાં વડપણમાં સ્વતંત્ર તપાસ સમિતિની પણ માગ કરાઈ છે.

જો કે માગ શું છે એ બહુ મહત્ત્વનું નથી. મહત્ત્વની વાત વિદ્યાર્થીઓની સાચી માગણી તરફ સરકારનું વલણ છે અને ઝારખંડની જેએમએમ-કૉંગ્રેસ સરકારનું વલણ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારથી અલગ નથી. મોદી સરકારે પણ પહેલાં કશું બન્યું ના હોય એ રીતે વિદ્યાર્થીઓને અવગણાના ને ધર્મેન્દ્ર પ્રધાન તો પેપર લીક નહીં થયાની રેકર્ડ વગાડ્યા કરતા હતા. મોદી તો આંદોલનની ખબર જ ના હોય એ રીતે વર્ત્યા કરતા હતા ને વિદેશોમાં મહાલ્યા કરતા હતા. પગ નીચે રેલો આવ્યો પછી રોજ ઈન્સ્ટાગ્રામની રીલો કરતા થઈ ગયા છે પણ એ પહેલાં યુવાઓના મન કી બાત સમજવાની તેમણે તસદી નહોતી લીધી એ હકીકત છે.

ઝારખંડની હેમંત સોરેનની સરકાર પણ એ રીતે જ વર્તી રહી છે. છેક એપ્રિલમાં પરીક્ષામાં ભ્રષ્ટાચારની વાતો બહાર આવી ત્યારથી વિદ્યાર્થીઓ પરીક્ષા રદ કરવાની માગ કરી રહ્યા છે પણ સોરેન સરકાર તેમને ગણકારતી જ નથી. વિદ્યાર્થી નેતા દેવેન્દ્રનાથ મહાતો ૨૫ દિવસથી આમરણાંત ઉપવાસ પર બેઠા છે પણ એ મરી જાય તો આપણે કેટલા ટકા એમ માનીને સરકાર તેમને પારણાં કરાવવા કશું જ કરી રહી નથી. આંદોલન સ્ફોટક બન્યું પછી મંત્રણાનું નાટક મોદી સરકારની જેમ શરૂ કર્યું છે પણ તડ ને ફડ કરીને એક ઝાટકે આંદોલન ખતમ કરાવવાની વૃત્તિ જ નથી.

ટૂંકમાં ઝારખંડનું વિદ્યાર્થી આંદોલન એ વાતનો પુરાવો છે કે, કાગડા બધે કાળા છે. કૉંગ્રેસ 'નીટ' પેપર લીક મુદ્દે થયેલા આંદોલનમાં સક્રિય હતી ને ગાજી ગાજીને રાહુલ ગાંધી સહિતના કૉંગ્રેસી નેતાઓએ ભાષણબાજી કરેલી, ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણીમાં પણ સૂર પુરાવેલો ને મોદીના ઘર સામે ધાડું લઈ જઈને દેકારો મચાવી દીધેલો. ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ની સરકાર છે અને કૉંગ્રેસ તેમાં ભાગીદાર છે ત્યારે રાહુલ ગાંધી ચૂપ છે. રાહુલ હેમંત સોરેનના ઘર સામે જઈને તેમનું રાજીનામું માગે એવી તો આશા જ નથી પણ કમ સે કમ સોરેનને વિદ્યાર્થીઓની માગણી સ્વીકારવા અલ્ટિમેટમ તો આપી જ શકે પણ કૉંગ્રેસ સાવ ચૂપ છે.

ઝારખંડ તો કદાચ ટ્રેલર છે પણ બીજાં રાજ્યોમાં પણ ધીરે ધીરે યુવાઓનો ધૂંધવાટ બહાર આવી જ રહ્યો છે. હમણાં કર્ણાટકમાં આંદોલન શરૂ થયું છે ને ગુજરાતમાં પણ દલિત, આદિવાસી અને અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓની ગયા શૈક્ષણિક વર્ષ એટલે કે ૨૦૨૫-૨૬ની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ નથી મળી તેની સામે આંદોલનની જાહેરાત કરાઈ છે. ગયા વર્ષથી જ દલિત, આદિવાસી વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ નહીં મળતાં ઊંચાનીચા થતા હતા. કોલેજોમાં રજૂઆત પણ કરી પણ કોલેજોએ એમ કહીને હાથ અધ્ધર કરી નાખ્યા કે, શિષ્યવૃત્તિ સરકારે આપવાની છે એટલે અમે કશું ના કરી શકીએ.

ગુજરાત સરકારે દલિત, આદિવાસી વિદ્યાર્થીઓને ફ્રી-શિપ કાર્ડ આપ્યાં છે. સરકાર કાર્ડમાં રકમ જમા કરાવે ને આ કાર્ડમાંથી કોલેજો ફી કાપી લેતી હોય છે પણ સરકારે રકમ જ જમા ના કરાવી તેમાં વિદ્યાર્થીઓ ફી નથી ભરી શકતા તેથી કોલેજો ફી માટે પણ વિદ્યાર્થીઓ પર દબાણ કરે છે.

કોલેજોની વાત સાચી છે એટલે વિદ્યાર્થી સંગઠનોએ સરકાર સામે રજૂઆત કરી પણ સરકાર સાંભળતી નથી. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થઈ ગયું છતાં હજુ ગયા વરસની શિષ્યવૃત્તિનાં ઠેકાણાં નથી એટલે આમ આદમી પાર્ટીના યુવરાજસિંહે સરકારને ૯ ઓગસ્ટ સુધીનું એલ્ટિમેટમ આપેલું. આ અલ્ટિમેટમ પતી ગયું પણ શિષ્યવૃત્તિનાં ઠેકાણાં પડ્યાં નથી એટલે ગુજરાતમાં પણ વિદ્યાર્થીઓનું આંદોલન શરૂ થવાના ભણકારા છે.

આ આંદોલન શરૂ થશે કે સરકાર વિદ્યાર્થીઓને સમજાવી લેશે એ જોવાનું છે પણ મૂળ મુદ્દો એ છે કે, સરકારો પોતાની મનમાની કરે છે તેની સામે યુવાઓમાં અસંતોષ છે અને કોક્રોચ જનતા પાર્ટીના આંદોલન પછી યુવાઓને વિશ્વાસ બેસી ગયો છે કે, આપણે તાકાત બતાવીશું તો સરકારે જખ મારીને આપણી વાત માનવી પડશે. કોઈ પણ પક્ષની સરકાર હોય પણ આ સ્થિતિ શરમજનક કહેવાય પણ આ દેશની આ જ વાસ્તવિકતા છે. રાજકારણીઓ પોતાના મન કી બાત કરે છે પણ લોકોની વાત સાંભળતા નથી ને લાત ના ખાય ત્યાં લગી સળવળતા નથી.

કમનસીબી એ છે કે, આ દેશની પ્રજા એટલી નમાલી છે કે, પોતાની જ યુવા પેઢીની સાચી વાતને પણ સમર્થન નથી આપી શકતી. બલ્કે નેતાઓની અંધ ભક્તિ કરીને યુવા પેઢીને બદનામ કરવાનાં ફાંફાંમાં ભાગીદાર બને છે. નીટ આંદોલન વખતે નેતાઓના ઈશારે આંદોલનકારીઓને દેશદ્રોહી, ચીન-પાકિસ્તાનના એજન્ટ વગેરે ચિતરવા ભરપૂર મથામણ થઈ ને તેમાં આ દેશની પ્રજાના જ મોટા વર્ગે સાથ આપ્યો. જેમણે સાથ ના આપ્યો તેમણે ચૂપ રહીને સમર્થન આપ્યું.

કૌરવ સભામાં દ્રૌપદીના ચિરહરણ વખતે ચૂપ રહેલા દરબારીઓ પાપમાં ભાગીદાર હતા એ રીતે આ દેશનો મોટો વર્ગ યુવાઓને દેશદ્રોહી ને ચીન-પાકિસ્તાનના એજન્ટ ચિતરવાના પાપમાં ભાગીદાર બન્યો. પંદર-સત્તર વર્ષની છોકરીઓની એઆઈથી બનાવેલી તસવીરો પર ગંદી કોમેન્ટ્સ કરીને કેટલાકે માનસિક વિકૃતિ બતાવી તો કેટલાકે એ પોસ્ટ વાઇરલ કરીને નીચતા બતાવી.

આ યુવાઓ આ દેશની ભ્રષ્ટ સિસ્ટમને સાફ કરવા અવાજ ઉઠાવી રહ્યા છે ત્યારે તેમને સાથ આપવો આપણી ફરજ છે. શાસકો તેમની વાત નહીં સાંભળીને ફરજ ચૂક્યા ને આપણે ભક્તિમાં અંધ બનીને ફરજ ચૂક્યા. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ,
સોમવાર, તા. ૧૦-૮-૨૦૨૬, સોમ પ્રદોષ, તેરસ ક્ષય તિથિ છે

- ભારતીય દિનાંક ૧૯, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અષાઢ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે અષાઢ, તિથિ વદ- ૧૨
- પારસી શહેનશાહી ગાથા-૧ સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૬મો આસતાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર આર્દ્રા બપોરે ક. ૧૨-૨૬ સુધી, પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રિ પછી ક. ૧૮-૪૨ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૯, અમદાવાદ. ૦૬ મિ. ૧૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૮, અમદાવાદ. ૧૯ મિ. ૧૪, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ક્ર
- ભરતી : સવારે ક. ૧૦-૧૯, રાત્રે ક. ૨૧-૫૩
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૬ (તા. ૧૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – દ્વાદશી. સોમ પ્રદોષ, તેરસ ક્ષય તિથિ છે. પારસી ગાથા-૧ અહુનવદ, ગુરુ દર્શન પૂર્વમાં, ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૪ થી બપોરે ક. ૧૫-૨૨. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ સોમપ્રદોષ વ્રત ઉપવાસ, ચંદ્ર-રાહુ દેવતાનું પૂજન, શિવ-પાર્વતી પૂજા, અગરના ઔષધીય પ્રયોગો, પ્રદોષ વ્રત નિમિત્તે શિવભક્તિ, રાત્રિ જાગરણ, શિવ-મંદિરોમાં વિશેષ અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી. બગીચાના કામકાજ ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, અર્જુનનું વૃક્ષ વાવવું, વૃક્ષનું પૂજન, ૐ રુદ્રાય નમઃના મંત્રજાપ.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ. ચંદ્ર પૃથ્વીથી અત્યંત નજીક રહે છે. ચંદ્ર પુનર્વસુ યુતિ થાય છે. ગુરુનો પૂર્વમાં ઉદય થાય છે.

ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# લેસર કિરણોને લીધે કોલકાતા ઍરપોર્ટમાં વિમાન ચકરાવે ચડ્યું

કોલકાતાઃ લેસર બીમને કારણે પાઈલટનું ધ્યાન ભંગ થતાં ૧૫૯ પ્રવાસી સાથેની કુઆલાલમ્પુરથી આવી રહેલી મલેશિયા ઍરલાઈન્સની ફ્લાઈટ વિલંબમાં પડી હતી. ફ્લાઈટ એમએચ-૧૮૪ શનિવારે રાત્રે ૧૧:૨૦ વાગે કોલકાતાના નેતાજી સુભાષચંદ્ર બોઝ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર ઉતરાણ કરવાની હતી.

જોકે ફ્લાઈટ ઍરપોર્ટના રનવેથી આઠ નોટિકલ માઈલ દૂર હતી ત્યારે મધ્યમગ્રામ-બારસાત વિસ્તાર તરફથી એક લેસર બીમ કોકપિટ તરફ ફ્લેશ થતું હોવાની પાઈલટે નોંધ લીધી હતી. આ લેસર બીમને કારણે પાઈલટની દૃષ્ટિ પર અસર થઈ હતી અને થોડા સમય માટે તેને દિશાભ્રમ થયો હતો પરિણામે વિમાન નિર્ધારિત સમયે ઉતરાણ કરી શક્યું નહોતું અને ફરીવાર ઉતરાણ કરવાનો પ્રયાસ કરતા અગાઉ વિમાને આકાશમાં ચક્કર લગાવવું પડ્યું હતું.

વિમાને અંતે રાત્રે ૧૧:૨૫ વાગે સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું. તમામ પ્રવાસીઓ અને ક્રૂમેમ્બરો સુરક્ષિત હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઘટના અંગે ઍરલાઈન્સે ઍરપોર્ટના સત્તાવાળાઓને જાણ કરી હતી.

કોલકાતા ઍરપોર્ટના સત્તાવાળાઓએ ઘટના અંગે એનએસસીબીઆઈ ઍરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કોલકાતા ઍરપોર્ટના ડિરેક્ટર વિક્રમ સિંહે જણાવ્યું હતું કે ઍરપોર્ટની આસપાસના વિસ્તારમાં લેસર લાઈટના ઉપયોગ પર પ્રતિબંધ છે, પરંતુ આવી ઘટના ક્યારેક બને છે અને વિમાનના સંચાલન પર તેની અસર પડે છે.

ઘટનાને મામલે પોલીસે તપાસ આરંભી હોવાનું તેમણે કહ્યું હતું. પાઈલટે અગાઉ પણ લેસર બીમને કારણે વિમાનના ઉડાન પર થતી અસર અંગે ફરિયાદો કરી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

# આધુનિક યુગના શ્રવણઃ માતા-પિતાને કાવડ-યાત્રા કરાવી રહ્યા છે ભાઈઓ

બાગપતઃ ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાના ચિરચિતા ગામના બે ભાઇઓ હરિદ્વારથી લગભગ ૨૦૦ કિ.મી. પગપાળા અંતર કાપી રહ્યા છે. ખાસ વાત એ છે કે બંને ભાઇઓ તેમના માતાપિતાને કાવડમાં બેસાડીને યાત્રા કરાવી રહ્યા છે.

આ દૃશ્ય જોઇને લોકો અને વટેમાર્ગુઓ માતા-પિતા પ્રત્યેની સેવા અને આદરને જોઇને તેમને કળિયુગના શ્રવણ કુમાર ગણાવી રહ્યા છે. સંજીવ કુમાર અને અનિલ કુમાર નામના બંને ભાઇઓ હરિદ્વાર ગયા હતા. આ ભાઇઓએ હર કી પૌડીમાં ગંગાનુ પવિત્ર જળ એકત્રિત કર્યું, તેમના પિતા વેદરામ અને માતા રાજેન્દ્રને કાવડની બે ટોપલાંમાં બેસાડ્યા અને બાગપત પરત ફરવાની યાત્રા શરૂ કરી હતી.

આ બંને ભાઇઓ વારાફરતી કાવડ પોતાના ખભા પર ઉઠાવીને લગભગ ૨૦૦ કિલોમીટરનું અંતર કાપી રહ્યા છે. યાત્રા દરમિયાન યાત્રાળુઓ તેમની કાવડને જોવા રોકાય જાય છે અને ભાઇઓની સેવા ભાવનાની પ્રશંસા કરી રહ્યા છે.

બંને ભાઇઓનું કહેવું છે કે તેઓએ ભગવાન પાસે કોઇ ખાસ વરદાન માંગ્યું નથી. તેમના માટે તેમના માતા-પિતાની સેવા કરવી એ જ તેમનું સૌથી મોટું કર્તવ્ય અને તીર્થયાત્રા છે. તેમનું માનવું છે કે જીવનમાં સાચા આશીર્વાદ માતાપિતાનો આદર અને સેવા કરવાથી જ મળે છે. યુવાનોને સંદેશ આપતા તેઓ કહે છે કે જીવનમાં પ્રગતિ માટે માતાપિતાનો આદર અને સેવા કરવી બહુ જરૂરી છે. ■

# અમેરિકાનો નવો નિયમઃ નોકરી ગઈ તો તરત દેશ છોડવો પડશે વિદેશીઓએ

નવી દિલ્હીઃ અમેરિકામાં કામ કરતા વિદેશી કર્મચારીઓ માટે મોટી મુશ્કેલી ઉભી થઇ શકે છે. નોકરી જતી રહેશે તો નવી નોકરી શોધવા માટે મળનારો ૬૦ દિવસનો ગ્રેસ પીરિયડ સમાપ્ત થઇ શકે છે. અમેરિકાની સરકાર એક એવા પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે જો આ પ્રસ્તાવને મંજૂરી મળી જશે તો કેટલાક ખાસ બિન-પ્રવાસી વિઝા ધારકોની નોકરી ગયા બાદ અમેરિકામાં રોકાઇને નવી નોકરી શોધવાની તક નહીં મળે. તેમણે તરત અમેરિકા છોડવું પડી શકે છે. અમેરિકામાં મોટી સંખ્યામાં ભારતીયો નોકરી કરે છે અને આનાથી તેમને ફટકો પડશે.

વર્તમાન નિયમ હેઠળ, જો કોઈ નોન-ઇમિગ્રન્ટ વિઝાધારકના વિઝાની મુદત સમાપ્ત થાય તે પહેલાં તેમની નોકરી છૂટી જાય છે, તો તેમને અમેરિકામાં રહીને નવી નોકરી શોધવા માટે ૬૦ દિવસનો સમય મળે છે. આ નિયમ ૨૦૧૭માં શરૂ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ્ય એ હતો કે વિદેશી કર્મચારીઓ અચાનક નોકરી ગુમાવ્યા પછી તરત જ અમેરિકા છોડવાને બદલે બીજી નોકરી શોધી શકે.

અમેરિકી ગૃહ વિભાગ (ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી)નો એક પ્રસ્તાવ હાલમાં ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ પાસે સમીક્ષા માટે છે. આ પ્રસ્તાવમાં ૬૦ દિવસના આ ગ્રેસ પિરિયડને સમાપ્ત કરવાની વાત કરવામાં આવી છે. જોકે, હજુ સુધી પ્રસ્તાવ વિશેની સંપૂર્ણ માહિતી સામે આવી નથી અને તે પણ નક્કી નથી કે તેને મંજૂરી મળશે કે નહીં.

જો આ પ્રસ્તાવ લાગુ થાય છે, તો ઇ-વન, ઇ-ટૂ, ઇ-થ્રી, એચ-વનબી, એ વન, બી વન, એલ વન, ઓ વન જેવા બિન-પ્રવાસી વિઝા ધારકો અને તેમના પર આધારિત (આશ્રિતો) લોકો પર તેની અસર પડી શકે છે. ■

# ચીનના પૂર્વ દરિયાકાંઠે ટકરાયું ટાયફૂન ડોલ્ફિન

બેઈજિંગઃ ચીનના પૂર્વી દરિયાકાંઠે 'ટાયફૂન ડોલ્ફિન' ટકરાયું હતું. જેના કારણે ઝેજિયાંગ અને ફુજિયાન પ્રાંતો ઝડપી પવનો અને ભારે વરસાદ શરૂ થઈ ગયો છે. ચીનના રાષ્ટ્રીય હવામાન વિભાગે આ ભયાનક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે તોફાન 'ડોલ્ફિન'એ દેશના પૂર્વ કિનારા પર ઝેજિયાંગ પ્રાંતના સાનમેનથી લઈને ફુજિયાન પ્રાંતના ફુડિંગ સુધીના વિસ્તારોમાં લેન્ડફોલ કર્યું હતું.

હવામાન વૈજ્ઞાનિક વાંગ હૈપિંગે જણાવ્યું હતું કે રવિવારથી બુધવાર સુધી ઉત્તરી ફુજિયાન, ઝેજિયાંગ, શાંઘાઈ, ઉત્તરી જિયાંગ્શી, જિઆંગ્સૂ, અનહુઈ, પૂર્વી હુબેઈ, મધ્ય અને પૂર્વી હેનાન અને દક્ષિણ શેનડોંગ સહિતના પ્રદેશોમાં ભારે વરસાદ પડશે, જેમાં મધ્ય-પૂર્વી ઝેજિયાંગ અને દક્ષિણ અનહુઈના કેટલાક વિસ્તારોમાં મૂશળધાર વરસાદ વરસશે. ■

# 'ભારત છોડો આંદોલન'માં ભાગ લેનારા પ્રેરણારૂપઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારના રોજ ઐતિહાસિક 'ભારત છોડો આંદોલન'માં ભાગ લેનારા લોકોને યાદ કર્યા હતા. આ પ્રસંગે તેમણે તેમની હિંમત હંમેશા દરેક ભારતીય માટે પ્રેરણા રહેશે એમ કહ્યું હતું.

'ભારત છોડો આંદોલન' ૯ ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવ્યું હતું. આ આંદોલને ભારતની સ્વતંત્રતાની લડાઇને નિર્ણાયક વેગ આપ્યો હતો. મોદીએ સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે ઐતિહાસિક 'ભારત છોડો આંદોલન'માં ભાગ લેનારા તમામ લોકોને યાદ કરી રહ્યો છું. તેમની હિંમત દરેક ભારતીય માટે હંમેશા પ્રેરણારૂપ રહેશે. વડા પ્રધાને કહ્યું કે 'ભારત છોડો'ના આહ્વાન સ્વતંત્રતા સંગ્રામમાં નવી ઊર્જાનો સંચાર કર્યો હતો અને અંગ્રેજ શાસનથી મુક્ત થવા માટે લોકોના અતૂટ સંકલ્પને દર્શાવ્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઝારખંડના

સમાધાન નહીં કરીએ એમ જણાવતાં સરકાર સાથેની વાટાઘાટના છઠ્ઠા રાઉન્ડ બાદ વિદ્યાર્થી નેતા રવીન્દ્ર પાસવાને કહ્યું હતું કે સોમવારે ઝારખંડ વિધાનસભા સુધી મોરચો લઈ જવાના અમારા પ્રસ્તાવના અમલ પર અમે કાયમ રહીશું.

ટૅક્નિકલ ઍન્ડ હાયર એજ્યુકેશન ખાતાના પ્રધાન અને પેનલના સભ્ય સૂદિવ્યા કુમારે કહ્યું હતું કે સરકારે વિદ્યાર્થીઓની ૯૮ ટકા માગણી સ્વીકારી લીધી છે, પરંતુ જેએસએસસી-સીજીએલની પરીક્ષાને મામલે સીબીઆઈ તપાસ યોજવાની માગણી સ્વીકારવાની સ્થિતિમાં નથી કેમ કે આ પરીક્ષા હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ યોજવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ સાથે અમે હકારાત્મક વાટાઘાટ યોજી હતી અને ઝારખંડ સરકાર જેપીએસસી પરીક્ષાને મામલે ઈડી તપાસની ભલામણ કરશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે હવે આંદોલન પાછું ખેંચી લેવું કે નહીં તેનો નિર્ણય વિદ્યાર્થીઓએ લેવાનો રહેશે.

#### પીએસસીમાં રાજીનામાં

ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (જેપીએસસી) દ્વારા યોજવામાં આવેલી ભરતી પરીક્ષામાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિને મામલે ભારે વિરોધ પ્રદર્શન થઈ રહ્યું હોવા વચ્ચે જેપીએસસીના તમામ ત્રણ સભ્યએ રવિવારે રાજીનામું આપી દીધું હતું.

પેપર લીક સહિત ગેરરીતિ આચરવામાં આવી હોવાને મામલે સીઆઈડીએ હાજર થવાનું ફરમાન આપ્યા બાદ આ ત્રણેએ રાજીનામું આપી દીધું હતું. (એજન્સી) ■

### ઉજ્જૈન મહાકાલના

કારનો ફૂરચો બોલી ગયો હતો અને સાતેય યુવક કારમાં જ ફસાઈ ગયા હતા. ઘટના બાદ ગ્રામજનો દોડી આવ્યા હતા અને પોલીસ સહિત સ્થાનિક તંત્રને જાણ કરી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે યુવકોના મૃતદેહ બહાર કાઢવામાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. મૃતકોને બહાર કાઢવા માટે ગ્રાઈન્ડર મશીનથી કારનો અમુક ભાગ કાપવામાં આવ્યો હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

મૃતકોના મૃતદેહ બદનાવર હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા છે જ્યારે પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. સ્થાનિકોએ જણાવ્યું હતું કે લોખંડના સામાનથી ભરેલો ટ્રક રોંગ સાઈડથી આવતો હતો અને ઉજ્જૈન તરફ જઈ રહ્યો હતો. ■

### મમતાનાં વળતાં

સુપ્રીમો વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા, તેમને ચોર અને ડાકુઓની રાણી ગણાવી હતી.

આ વિરોધ પ્રદર્શન એક ટીએમસી કાર્યકરના મૃત્યુથી શરૂ થયું હતું, જેના પરિવારે આરોપ લગાવ્યો છે કે પોલીસ કસ્ટડીમાં હુમલો થયા બાદ તેનું મૃત્યુ થયું હતું. પરિવારે સ્થાનિક પોલીસ પર તેમને માર મારવાનો આરોપ લગાવ્યો છે, જેના કારણે લોકોમાં રોષ ફેલાયો છે અને વિસ્તારમાં પ્રદર્શનો શરૂ થયા છે. કસ્ટોડિયલ ડેથના આરોપોને લઈને વધી રહેલા વિવાદ વચ્ચે બેનરજી શોકગ્રસ્ત પરિવારને મળવા માટે હલીશહર ગયા હતા.

મમતા બેનરજીએ આરોપ લગાવ્યો હતો કે અસામાજિક તત્વોએ પોલીસ કર્મચારીઓની હાજરીમાં તેમના કાફલા પર મોટા પથ્થરો ફેંક્યા હતા. તેમણે કહ્યું હતું કે પોલીસની સામે જ અસામાજિક તત્વો દ્વારા મારી કાર પર મોટા પથ્થરો ફેંકવામાં આવ્યા હતા. હુમલો એટલો ગંભીર હતો કે જો બારીઓ ખુલ્લી હોત તો મારું માથું ફાટી ગયું હોત. ■

### લૉ કૉલેજના

તરીકે આમંત્રિત કરવાથી બંધારણીય જવાબદારી અને શૈક્ષણિક સ્વતંત્રતાના મૂલ્યોનું ઉલ્લંઘન થાય છે.

પોતાના પત્રમાં વિદ્યાર્થીઓએ તાજેતરના ન્યાયિક ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી હતી ખાસ કરીને ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ દિલ્હીના જંતર-મંતરથી સંસદ કૂચ પ્રદર્શન દરમિયાન પ્રદર્શનકારીઓ સામે કથિત પોલીસ કાર્યવાહી સાથે જોડાયેલી સુનાવણીમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતના વલણ પર ચિંતા વ્યક્ત કરાઈ હતી.

વિદ્યાર્થીઓના પત્ર અનુસાર, ૨૩ જુલાઈના રોજ થયેલી સુનાવણી દરમિયાન સીજેઆઈએ કથિત રીતે પોલીસની કાર્યવાહીના વીડિયો પુરાવા તરીકે જોવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે અમને વીડિયોમાં કોઈ રસ નથી. અમારી પાસે તેને જોવાનો સમય નથી. વિદ્યાર્થીઓએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે ત્યારબાદ અરજીકર્તાના વકીલની દલીલોને વચ્ચે જ રોકી દેવામાં આવી હતી. ■

### કેરલમમાં

અમને કોઈ જાણકારી નથી.

તેમણે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અમને ગોળી મારી દેવાની ધમકી આપશે તો પણ વંદે માતરમ્‌નું સંપૂર્ણ ગાન કરવામાં નહીં આવે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે વંદે માતરમ્ અત્યાર સુધી જે રીતે ગવાતું આવ્યું છે તે જ રીતે ગવાશે. તેનાથી વધુ કંઈ ગવાશે નહીં.

કેરલમના મુખ્ય સચિવ વિશ્વનાથ સિંહાના ૬ ઑગસ્ટના પત્રના જવાબમાં બંને નેતાએ આ નિવેદન આપ્યું હતું. (એજન્સી) ■

### એફસીઆરએ

આરોપ લગાવ્યો હતો. જો કેન્દ્ર સરકારને લાગે છે કે તેઓ આ બે કે ત્રણ દિવસમાં વિદેશી યોગદાન (નિયમન) સુધારા બિલ રજૂ કરે છે તો તેમણે તે ઇચ્છા પોતાના સુધી સીમિત રાખવી જોઈએ. વેણુગોપાલે આરોપ લગાવ્યો હતો કે પ્રસ્તાવિત કાયદો લઘુમતીઓ અને એનજીઓને નિશાન બનાવે છે અને કહ્યુ કે વિપક્ષ તેને પસાર થવા દેશે નહીં.

તેમણે કહ્યું કે જ્યારે ભારતમાં વિદ્યાર્થીઓ આ મહત્વપૂર્ણ પ્રશ્ન પૂછે છે કે તેમના વિરોધને દબાવવા માટે તેમના પર પૅલિટ ગન, લાઠીચાર્જ અને ટીયર ગેસના શેલનો ઉપયોગ કરવાનો આદેશ કોણે આપ્યો તો અમિત શાહ તેનો જવાબ આપવા માટે આગળ આવતા નથી. જો અમિત શાહ આ જનવિરોધી બિલ પસાર કરવા આવશે તો તેમાં કોઈ શંકા નથી કે તેમને સંસદમાં જોરદાર વિરોધનો સામનો કરવો પડશે. આ બિલ ગેરબંધારણીય અને જનવિરોધી છે. અમે આવા જનવિરોધી અને ગેરબંધારણીય બિલને પસાર થવા દઈશું નહીં. ■

### લાઠીઓ નહીં

લાઠીઓથી નહિ સંવાદથી સમસ્યાનો ઉકેલ આવશે, શસ્ત્રો સરહદ પરના દુશ્મનો માટે છે, એમ જણાવી સોરેને પારદર્શક પ્રક્રિયા મારફતે પ્રદર્શનકર્તા વિદ્યાર્થીઓને ન્યાય આપવાનું વચન આપ્યું હતું.

સતત ૧૬ દિવસથી વિરોધપ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે ઝારખંડ સરકારે નવેસરથી વાટાઘાટ શરૂ કરી હોવા વચ્ચે સોરેને આ નિવેદન કર્યું હતું. જોકે વિદ્યાર્થીઓના એક જૂથે આને સરકારની રાજકીય ચાલ લેખાવી હતી. (એજન્સી) ■

### ટ્રમ્પનો

તેનાં શસ્ત્રો છોડી દીધા છે.

ઇઝરાયલના વડા પ્રધાને કહ્યું કે ઇઝરાયલની સેના ત્યાં સુધી પાછળ હટશે નહીં જ્યાં સુધી હમાસનાં હથિયારો સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જાય નહીં અને અમારી સેના અને નાગરિકોના ખતરાઓને નિષ્ફળ કરવાનું કામ યથાવત રહેશે.

આ પ્લાન ઓક્ટોબરમાં જાહેર કરાયેલા અમેરિકાના નેતૃત્વ હેઠળના યુદ્ધવિરામનો નવો તબક્કો છે જેનાથી ગાઝામાં ઇઝરાયલી લશ્કરી કાર્યવાહીમાં ઘટાડો થયો છે પરંતુ સંપૂર્ણપણે બંધ કરાઈ નથી. આ પ્રસ્તાવ હેઠળ હમાસને એક પ્રસ્તાવિત પેલેસ્ટિનિયન ગવર્નિંગ બોડીને પોતાના હથિયારો સોંપવા પડશે. ■

### કૃષ્ણજન્મભૂમિની

માટે આહ્વાન કર્યું હતું, તેમણે આ કાર્યક્રમ રદ કર્યો છે, અને જણાવ્યું છે કે ઘણા અનુયાયીઓ કાવડ યાત્રામાં ભાગ લઈ રહ્યા છે.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, ચિત્રગુપ્ત પીઠાધીશ્વર સ્વામી સચ્ચિદાનંદ મહારાજે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને અપીલ કરતા જણાવ્યું છે કે, 'સીએમ યોગી અમને કારસેવા માટે પરવાનગી આપે અને આ પવિત્ર કાર્યમાં સહયોગ કરે. અમે આવતા મહિને જન્મભૂમિ તરફ કૂચ કરીશું અને શ્રીકૃષ્ણને મુક્ત કરાવીને જ જંપીશું. આ માટે સંતો પોતાના પ્રાણનું બલિદાન આપવા પણ તૈયાર છે.' ■




BOOK YOUR CABIN NOW!
For Bookings & Business Collaborations: +91 98199 57598 | +91 90049 95154

# એનસીપી (એસપી)ના સાંસદો વડા પ્રધાન સમક્ષ વિપક્ષની માગણી રજૂ કરે : કૉંગ્રેસ

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે રવિવારે એનસીપી (એસપી)ના સાંસદોને આગ્રહ કર્યો કે તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ વિપક્ષી 'ઇન્ડી' ગઠબંધનનું વલણ સ્પષ્ટપણે રજૂ કરે કે ૨૦૨૩નો મહિલા અનામત કાયદો તાત્કાલિક અમલમાં મૂકવો જોઈએ અને તેને સીમાંકન સાથે જોડવો જોઈએ નહીં.

એનસીપી (એસપી)ના સાંસદો મહારાષ્ટ્રને લગતા મુદ્દાઓ રજૂ કરવા માટે સોમવારે વડા પ્રધાન મોદીને મળવાના છે તેવી જાહેરાત બાદ સાવંતની આ ટિપ્પણી આવી છે. સરકાર ચાલુ ચોમાસુ સત્ર દરમિયાન વિપક્ષી નેતાઓ અને એનડીએ સહયોગીઓનો સંપર્ક કરીને બંધારણીય સુધારા ખરડાને પસાર કરાવવાનો નવો પ્રયાસ કરી રહી છે. આ ખરડાનો ઉદ્દેશ્ય ૨૦૨૯માં ધારાસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાનો અને લોકસભા મતવિસ્તારોની સંખ્યા વધારીને ૮૧૬ કરવા માટે તેનું પુનર્ગઠન કરવાનો છે. (પીટીઆઈ)

# નાગપુરમાં ચોરી કર્યા પૂર્વે ચોરોએ ભગવાનની સામે કાન પકડી માફી માગી, સીસીટીવીમાં કેદ થઈ ઘટના

નાગપુર: દેશમાં અત્યારે 'ચંદા ચોરી'ની ચારેકોર ચર્ચા છે, ત્યારે નાગપુરમાં એક ચોંકાવનારી ઘટના ઘટી હતી. નાગપુરના માલધક્કા સ્થિત શીતળા માતા મંદિર અને શિવ મંદિરમાં બે ચોરોએ દાનપેટીનું તાળું તોડી દાનની ચોરી કરી હતી, પરંતુ વાઇરલ સીસીટીવીમાં ચોરી કર્યા પછી ચોરોએ ભગવાનની માફી માગતા જોવા મળ્યા હતા.

મંદિરના સીસીટીવી ફૂટેજમાં બંને ચોર ચોરી કરતા પહેલા ભગવાન સામે કાન પકડી માફી માગતા નજરે પડે છે અને ત્યાર બાદ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરી કર્યા બાદ ભાગી રહેલા એક ચોર માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ પહોંચી ગયો, જ્યારે બીજો આરોપીની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

આ ઘટના ૨૭ જુલાઈના ઘટી હતી. મોડી રાતના મંદિરની દાનપેટીમાંથી રોકડની ચોરી કરી હતી, જ્યારે સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામા કેદ થઈ હતી. ચોરી કર્યા પછી બંને ચોર કાન પકડીને ભગવાનની માફી માગતા જોવા મળ્યા હતા. ઘટના બાદ એક આરોપી જયનીત ચૌરે છત્તીસગઢમાં પોતાના એક સબંધીને ત્યાં છુપાવવા માટે ગયો હતો. પરંતુ કહેવાય છે કે 'ભગવાન કે ઘર દેર હે, પર અંધેર નહીં', ચોરી કર્યા બાદ ભાગી રહેલો આ આરોપી માર્ગ અકસ્માતમાં તેનો પગ ભાંગી જતા ઈજાગ્રસ્ત થયો અને તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું જ્યારે બીજા આરોપીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. નાગપુર પોલીસ દ્વારા પોતાના સિમ્બા સોફ્ટવેરની મદદથી ફરાર આરોપી વંશ મેશ્રામની શહેરના જરીપટકા વિસ્તારથી અટકાયત કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે બંને આરોપી દારૂના બંધાણી છે અને દારૂ પીને હંગામો કરવાના અનેક મામલામાં તેઓ પોલીસ રેકોર્ડમાં નોંધાયેલા છે.

# અધોગતિનું મૂળ વૈચારિક પ્રદૂષણમાં છેઃ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ

લાતુર : વૈચારિક પ્રદૂષણ એ તમામ પર્યાવરણીય અધોગતિનું મૂળ છે, અને નાગરિક જાગૃતિના અભાવ, પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતામાં ઘટાડો અને સામાજિક અને રાજકીય નિષ્ક્રિયતા પર્યાવરણને નુકસાન પહોંચાડે છે, એમ સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અભય ઓકાએ જણાવ્યું છે.

શનિવારે લાતુરમાં દયાનંદ લો કોલેજ ખાતે નવા સેમિનાર હોલના ઉદઘાટન પ્રસંગે બોલતા, ભૂતપૂર્વ ન્યાયાધીશે કહ્યું કે, હવા, પાણી અને ધ્વનિ પ્રદૂષણની સાથે, પ્રદૂષણનું બીજું, ઓછું દેખાતું સ્વરૂપ છે - વૈચારિક પ્રદૂષણ - જે પર્યાવરણીય અધોગતિના અન્ય તમામ સ્વરૂપોના મૂળમાં છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તહેવારો અને ઉજવણીઓ ધાર્મિક પરંપરાઓને વિજ્ઞાન સાથે ગૂંચવ્યા વિના, વૈજ્ઞાનિક અભિગમ સાથે યોજવા જોઈએ.

તેમણે ગણેશ ઉત્સવ દરમિયાન ડીજે સાઉન્ડ સિસ્ટમ, ફટાકડા અને બેનરોના અતિશય ઉપયોગ અંગે પણ સવાલ ઉઠાવ્યા અને ટિપ્પણી કરી કે, ''જે દેવતાને બુદ્ધિના દેવ માનવામાં આવે છે તેવા ભગવાન ગણેશને સમર્પિત ઉત્સવ દરમિયાન આવી પ્રથાઓમાં કઈ સમજદારી છે?'' તેમણે પર્યાવરણ અંગેના કડક કાયદાઓ અને તેના અમલીકરણ પર વધુ ધ્યાન આપવાની હિમાયત કરી અને કહ્યું કે તે માત્ર કાનૂની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની નૈતિક જવાબદારી છે. તેમણે ઉમેર્યું કે, પર્યાવરણીય જાગૃતિ શાળાના દિવસોથી જ શરૂ થવી જોઈએ. (પીટીઆઈ)

# ક્લાસિફાઈડ


## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૯૭૩)

## ૧૭. જગ્યા આપવી છે

**દાદર ઈસ્ટ**

2 બેડ 800' (2.90) કાલાચોકી 1.5 બેડ (1.65) માટુંગા સેન્ટ્રલ 2 બેડ 525' (2.45) દાદર વેસ્ટ 1 બેડ 420' (1.85) જય જિનેન્દ્ર સંગોઈ 9223222537. (બી-૧૭૯૭૫)

**BYCULLA, INVESTORS UNIT**

**Luxurious Spectacular Interiors. Ready OC Units Palatial Size, Great Views 3100 cpt 17 Cr. ++, 2500 cpt 12 Cr. ++ 12. Acre Township Pool, Gym Play Area Beach Volleyball, Banquet, Largest Clubhouse +918976908501. (B-17976)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર - ઈન્ડસ્ટ્રીયલગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**જોઈએ છે**

**ઈન્ડસ્ટ્રીયલ ગાલો અથવા શોપ 500 થી 700 કાર્પેટ ગ્રાઉન્ડ, ફર્સ્ટ, સેકન્ડ ફ્લોર વિલેપાર્લે/ અંધેરી વેસ્ટ અથવા તેના નજીકના લોકેશનમાં કોન્ટેક્ટ 98252 25428. (એસડીબી-૩૪૬૦)**

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR DESIGN**

2, 3, 4 બેડરૂમના ફ્લેટ (15,000/- 25,000/- 30,000/-) 86527 62577. (૧૩૦૭-એ)

**MODULAR FURNITURE**

2, 3, 4 બેડરૂમ (3-7 લાખથી શરૂ). 8652762577. (૧૩૦૭-સી)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**PREMIUM**

૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઊધઈ, ઉંદરનો ઉપાય. Pestiguard - 8169473531 / 9869781781. (બી-૧૭૯૫૨)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૨૦૪-સી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૧૩૦૦-જી)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# સંસ્થા સમાચાર

## અભયમ્ ચાતુર્માસ/શિબિરો

સુપ્રસિદ્ધ જૈનાચાર્ય, જૈનતીર્થ વિકાસ પુરુષ, પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. ગણિવર્ય શ્રી યોગરત્નવિજયજી મ.સા. આદિઠાણા, પૂ. સાધ્વીજી શ્રી તારકયશાશ્રીજી મ.સા. આદિઠાણાનો ભવ્યાતિભવ્ય અભયમ્ ચાતુર્માસ પ્રવેશ બોરીવલી (પ.) એસ. વી. રોડ, સુમેરનગર શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સુમેરનગર શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘમાં થયો. શ્રી સંઘમાં પૂ. ગણિવર્ય શ્રી યોગરત્નવિજયજી મ.સા.ની પાવનનિશ્રામાં દરરોજ વિવિધ જૈનધર્મ વિષયો પર પ્રવચન, રવિવાર ફેમિલી શિબિરો, સમૂહ સૌભાગ્ય કલ્પવૃક્ષતપારાધના, બેનો માટે ધાર્મિક શિબિરો-વિશિષ્ટ કાર્યક્રમ દર ગુરુવારે, નાનાં બાળકો માટે રવિવારે બપોરે સેમિનાર, જૈન ધર્મના કાર્યક્રમનું મંડાણ થયું. જેનો લાભ સહપરિવાર શ્રાવક/શ્રાવિકા લઈ રહ્યાં છે.

## શ્રી હેમચંદ્રાચાર્યજીનાં શ્રી યોગશાસ્ત્ર વ્યાખ્યાન

શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-પં.ચંદ્રશેખર-જિતરક્ષિતસૂરિ સમુદાયના યુગપ્રધાન આચાર્યસમ પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્યરત્ન શ્રુતપ્રેમી પૂ. આચાર્ય શ્રી જિતરક્ષકસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પૂ. પંન્યાસ શ્રી આર્યરક્ષિતવિજયજી મ. સા. મુનિશ્રી તત્વર્ષિવિજયજી મ.સા.ની પાવનનિશ્રામાં બોરીવલી (પ.) ટી.પી.એસ. રોડ સત્રા પાર્કના શ્રી કલ્પતરુ મરુધર (ટી.પી.એસ.) જૈન સંઘમાં દરરોજ સવારે ૯થી ૧૦ લગભગ ૯૩૫ વરસ પહેલાં જેની રચના કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીએ કરી હતી એ અદ્ભુત ગ્રંથ 'શ્રી યોગશાસ્ત્ર'ના આધારે પંન્યાસ પૂ. શ્રી આર્યરક્ષિતવિજયજી મ.સા. પ્રવચન આપે છે. આ પ્રવચન શ્રેણીમાં શ્રાવક/શ્રાવિકાઓને પધારવા શ્રીસંઘ દ્વારા ભાવભર્યું આમંત્રણ છે. શ્રી સંઘમાં મોટી સંખ્યામાં તપસ્વીઓ સિદ્ધિદાયક સિદ્ધિતપ કરી રહ્યા છે.

## શ્રી નયચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.નું ચાતુર્માસ

ભીષ્મતપસ્વી, યુગ પ્રવર્તક પૂ. આચાર્ય ભગવંત શ્રી નયચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.પૂ.આ.ભ. શ્રી ઋષભચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. પૂ. આ.ભ. શ્રી અજિત-ચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિઠાણા, પૂ. સાધ્વીજી શ્રી ચારિત્રપૂર્ણાશ્રીજી મ.સા. શ્રી તત્વરસાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો બોરીવલી (પ.) હરિદાસ નગર, સાંઈબાબા નગર રોડ, શ્રી શંખેશ્વર દેરાસરની બાજુમાં શ્રી ગીતાંજલિ શ્વે. મૂર્તિ. જૈન સંઘમાં વિશાળ ગુરુભક્તો, શ્રસંઘનાં શ્રાવક/શ્રાવિકાઓ સહપરિવાર ઉપસ્થિતિમાં ઉલ્લાસભર્યા વાતાવરણમાં યાદગાર ચાતુર્માસ પ્રવેશ થયો, સિદ્ધિદાયક સામૂહિક સિદ્ધિતપ, યુથોપદેશ-યુવા શિબિરો, ધર્મસંસ્કાર ગુરુકુલવાસ (નાનાં બાળકો માટે), બેનો માટે શિબિરોનો, શુભારંભ શ્રી સંઘમાં થયો.

## શાસ્ત્રીય ગાયન સ્પર્ધાનું આયોજન

કલા ગુર્જરી (સ્થાપક સંસ્થા)ના ઉપક્રમે ગુજરાતી ભાઈ-બહેનોને સુગમ તેમ જ શાસ્ત્રીય સંગીત પ્રત્યે અભિગમ કેળવાય, નવોદિત કલાકારોને પ્રોત્સાહન મળે તેમ જ તેમનામાં રહેલી પ્રતિભા લોકો સુધી પહોંચે એ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને દુર્ગાદેવી સરાફ ગુર્જરગીત-શાસ્ત્રીય ગાન સ્પર્ધા ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. સેમી ફાઇનલ રવિવાર, ૧૬-૦૮-૨૦૨૬ના રોજ બપોરે ૨.૦૦ કલાકે અને ફાઇનલ સ્પર્ધા રવિવાર, ૨૩-૦૮-૨૦૨૬ના રોજ સાંજે ૫.૦૦ કલાકે. સ્થળ- કલા ગુર્જરી હૉલ, શ્રી દશરથલાલ જોષી પુસ્તકાલય, ડી. જે. રોડ, વિલે પાર્લે.

## પર્યાવરણ જાગૃતિ અભિયાન

પ્રગતિ મિત્ર મંડળ તરફથી પર્યાવરણ જાગૃતિ અભિયાન અંતર્ગત રવિવાર, તા. ૦૨/૦૮/૨૦૨૬ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન બોરસાપાડા રોડ, કપોળ વિદ્યાનિધિ સ્કૂલની બાજુમાં, કાંદિવલી (પ), મુંબઈ ૬૭ ખાતે કરવામાં આવ્યું હતુ. પર્યાવરણની હાનિકારક પરિસ્થિતિને ધ્યાનમાં લઈને દરેક વ્યક્તિ પોતાના જીવનમાં ઓછામાં ઓછો એક છોડ વાવીને તેની દેખભાળ કરે તો આગામી પેઢીને સ્વસ્થ પર્યાવરણ આપી શકે છે.

# હિન્દુ મરણ

વિનોદભાઈ પરસોત્તમદાસ શાહની પ્રાર્થનાસભા તા. ૧૦-૦૮-૨૦૨૬, સોમવારના રોજ રાખવામાં આવેલ છે. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી પશ્ચિમ. સમય: સાંજે ૪:૦૦ થી ૬:૦૦ શોકાકુલ પરિવાર: પુત્ર: કલ્પેશ, પુત્રી: અનુજા, પુત્રવધૂ : ભ્રાંતિ, જમાઈ : હેમંતકુમાર, પૌત્ર-પૌત્રીઓ ધૈર્ય, હિરલ, ફોરમ અને હેનીલકુમાર.

**કચ્છી લોહાણા**

પ્રતીક જોગેશ ઠક્કર (ભીયાણી) (ઉં. વ. ૪૭) ગામ ગણપાદર કચ્છ હાલ મુંબઇ તે વર્ષા જોગેશ ઠક્કરના પુત્ર. અનીતાના પતિ. ધ્રુવના પિતા બુધવાર, તા. ૫-૮-૨૬ના અવસાન થયેલ છે. તે રૂપા બી.એસ. મુદલીયારના જમાઇ. ભાવિકના મોટાભાઇ. અંકિતાના જેઠ. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

પંકજ જેઠાલાલ પુજારા (ઉં. વ. ૬૩) મૂળ વતન મયકા ગામ હાલ કાંદિવલી ૮ ઓગસ્ટ ૨૦૨૬ના શ્રીજીના ચરણ પામ્યા છે. પુત્ર : સ્વ. જસવંતીબેન જેઠાલાલ પુજારા. પતિ : બીના પંકજ પુજારા. ભાઇ : જયશ્રીબેન, ગીતાબેન, કોમળબેન તથા સંજયભાઇના મોટાભાઇ. ભત્રીજો : સ્વ. છગનભાઇ, સ્વ. દયાળભાઇ, સ્વ. જાધવજીભાઇ તથા સ્વ. ભાણજીભાઇ. પિતા : રુચિતા નવીનકુમાર પાંડે તથા અર્જુન પંકજ પુજારા. પ્રાર્થનાસભા સોમવાર,તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૬. સમય ૪થી ૬. ઠે. ૨૦૧, ન્યુ હાઇલેન્ડ પાર્ક, ચારકોપ ગામ, એમ. જી. રોડ, કાંદિવલી (પશ્ચિમ).

**દશા મોઢ માંડલિયા વણિક**

રોહા નિવાસી હાલ કાંદિવલી અમિત (ઉં. વ. ૬૫) શનિવાર તા. ૮.૮.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. મંજુબેન તથા સ્વ. નવનીતલાલ રમણલાલ શાહના પુત્ર. તે ઈલાના પતિ. કેયુર અને દ્વિતીના પિતા. નેહા તથા પ્રભવ જગદીશભાઈ પારેખના સસરા. સ્વ. દમયંતીબેન તથા સ્વ. મનસુખલાલ રાણભાણના જમાઈ. તેમની પ્રાર્થનાસભા સોમવારે તા. ૧૦.૦૮.૨૬ ના રોજ ૪ થી ૬ વાગે રાખેલ છે. તેરાપંથી ઑડિટોરીઅમ, ત્રીજે માળે, કેમ્બ્રિજ સ્કૂલની સામે, ઠાકુર કોમ્પ્લેક્સ, કાંદિવલી ઇસ્ટ.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

હાંસોટ નિવાસી હાલ વિરાર સ્વ. દેવેન્દ્રભાઈ ધીરજલાલ શેઠનાં પત્ની જયશ્રીબેન (ઉં. વ. ૮૭) શનિવાર, તા. ૮-૮-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. નિલેશભાઈ, પરેશભાઈ, ભારતીબેન, ઉમેશભાઈનાં માતા. હંસાબેન, શીતલબેન, તેજલબેન, કેતન કુમારનાં સાસુ. સ્વ. હીરાબેન પરમાનંદભાઈ મહેતાના પુત્રી. રમાબેન, સ્વ. જિતુભાઈ, ગીતાબેનના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**પાટણ વિસા પોરવાડ જૈન**

મુંબઈ નિવાસી (હાલ વિલેપાર્લે - પૂર્વ), સોનીવાડો ઊંચી પોળ, સ્વ. નિર્મળાબેન ભોગીલાલ શાહના પુત્ર. યોગેશ ભોગીલાલ શાહ (ઉં. વ. ૭૩) - સ્મિતા શાહના પતિ. જીગર શાહના પિતા. પિનલ શાહના સસરા. યાશીના દાદા. નૈલેશ શાહના ભાઈ. હીના શાહના જેઠ અને સ્વ. પદ્માબેન જશવંતલાલ શાહના જમાઈ. તા. ૯ ઓગસ્ટ ૨૦૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામું: ૨૦૩, સાકેત રેસીડેન્સી, પરાંજપે 'એ' સ્કીમ, રોડ નં. ૨, વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

તલવાણાના અ.સૌ. હસ્તીબેન લક્ષ્મીચંદ દેઢિયા (ઉં. વ. ૭૪) ૮-૮ના અવસાન પામ્યા છે. મા. ભાનુબેન પ્રેમજી મેઘજીના પુત્રવધૂ. લક્ષ્મીચંદના પત્ની. દિપક, પરીનના મા. મો.આસંબીયા મા. નેણબાઈ પ્રેમજી દેવજી ગાલાના પુત્રી. પુનડી વિમળા (ચંદ્રીકા) ખીમજી, બિદડા નિર્મળા શાંતિલાલ, સ્વ. દિનેશ, નરેશના બેન. પ્રાઃ શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુ હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

ભારાપુરનાં રતનબાઇ પાસુ હરીયા (ઉં. વ. ૯૪) તા. ૦૯-૦૮-૨૦૨૬નાં અરિહંત શરણ પામેલ છે. વેલબાઇ પાસુના પુત્રી. ધનજી, દામજી, નાનજી, નિર્મળાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. એડ્રેસ : કીર્તી નાનજી હરીયા, ૪૦૪, પારસનાથ બીલ્ડીંગ, સીંપોલી ક્રોસ રોડ નં. ૧, સોનીવાડી ચોક, બોરીવલી (વે.), મું. ૯૨.

**પાટણ વિસા શ્રીમાળી જૈન**

ગામ પાટણ, ફોફળીયા વાડો પોળની શેરીના સ્વ. જેસિંગલાલ રતનચંદ શાહના સુપુત્ર શ્રી મહેન્દ્રભાઈ જેસિંગલાલ શાહ (ઉં. વ. ૮૩) તે સ્વભારતીબેન મહેન્દ્રભાઈ શાહના પતિ. હીરાબેન સુંદરલાલ શાહના જમાઈ. તે સ્વ. અજિતભાઈ, ભૂપેન્દ્રભાઈ, સ્વ.અરુણાબેન દિલીપભાઈ શાહના ભાઈ અને તેજસ, ફાલ્ગુની અને ડિમ્પલ ના પિતાશ્રી. વંદનાબેન, જિગ્નેશભાઈ, અને સ્વ.કેતનભાઈના સસરા. ચાર્મી, ધાર્મિક, શ્રેયસ-રાજવી, ધ્રુવિલના દાદા-નાના, તે શીલાબેન જયવંતભાઈ, સ્વ.કિરણબેન ભૂપેન્દ્રભાઈ, સ્વ.રશ્મિબેન નરેશભાઈના વેવાઈ તા. ૯મી ઓગસ્ટ ૨૦૨૬ના રોજ અરિહંત શરણ પામ્યા છે. લૌકીક વ્યવહાર બંધ છે.

# ભારત છોડો આંદોલનની ૮૪મી વર્ષગાંઠ: શહીદોનું બલિદાન આજે પણ પ્રેરણા આપે છેઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે 'ભારત છોડો' ચળવળની ૮૪મી વર્ષગાંઠ પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, અને કહ્યું હતું કે સ્વતંત્રતા સેનાનીઓ દ્વારા દર્શાવવામાં આવેલી દેશભક્તિનો વારસો પેઢીઓને પ્રેરણા આપે છે.

આ પ્રસંગે પક્ષના નેતાઓ, શાળાના બાળકો અને સમાજના વિવિધ ક્ષેત્રના લોકોએ દક્ષિણ મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે શહીદ સ્મારકની મુલાકાત લઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૯ ઓગસ્ટ, ૧૯૪૨ ના રોજ મુંબઈમાં મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરાયેલ ભારત છોડો આંદોલન બ્રિટિશ શાસનનો અંત લાવવાનો નિર્ણાયક આહવાન અને દેશના સ્વતંત્રતા સંગ્રામમાં એક વળાંક હતો. (પીટીઆઈ)

છેલ્લા પાનાનું ચાલુ

## જળાશયોમાં પાણીની

સ્ટોક છેલ્લા બે વર્ષની સરખાણીમાં ઓછો હતો, જેમાં ગયા વર્ષે આ જ સમયગાળા દરમ્યાન કુલ પાણીનો જથ્થો ૮૯.૧૧ ટકા નોંધાયો હતો, જ્યારે ૨૦૨૪ માં તે ૯૦.૮૭ ટકા હતો.

સાત જળાશયોમાં, મોડક સાગર અને વિહાર તળાવો તેમની ઉપયોગી જીવંત સંગ્રહ ક્ષમતાના ૧૦૦ ટકા સુધી પહોંચી ગયા છે. તુલસી અને તાનસામાં અનુક્રમે લગભગ ૯૯.૮૭ ટકા અને ૯૮.૭૭ ટકાનો જથ્થો જળસંગ્રહ થયો હોવાનું નોંધાયું છે. અપર વૈતરણામાં ૮૦.૧૪ ટકા, ત્યારબાદ મિડલ વૈતરણામાં ૯૦.૫૫ ટકા, જ્યારે ભાતસામાં ૮૬.૨૮ ટકા પાણીનો જથ્થો જળસંગ્રહ થયો છે.

નોંધનીય છે કે જુલાઈમાં ભારે વરસાદ દરમ્યાન વિહાર અને તુલસી તળાવો સાત જુલાઈએ ઓવરફ્લો થવા લાગ્યા હતા, જ્યારે તાનસા ૨૨ જુલાઈએ અને મોડક સાગર ૨૩ જુલાઈએ ઓવરફ્લો થયા હતા. અપર વૈતરણામાંથી પાણી છોડવાનું છ જુલાઈએ બંધ કરવામાં આવ્યું હતું, જ્યારે મિડલ વૈતરણાનો ગેટ છ જુલાઈએ બંધ કરવામાં આવ્યો હતો.

## ભાણેજને વેચ્યાની

કર્યો હતો અને સનીને ઘરે આવવા માટે કહ્યું હતું.

સની ધારાવી પહોંચ્યો હતો અને બનેવી પર ગુસ્સે ભરાયો હતો. ત્યાર બાદ તે ગોરેગામ જતો રહ્યો હતો. બીજે દિવસે સવારે તે પાછો બહેનના ઘરે ગયો હતો અને ભાણેજ વિશે પૂછતાં રોલી સિંહે કહ્યું હતું કે માથામાં ઇજા થવાને કારણે અનંતસિંહનું મૃત્યુ થયું હતું અને તેને પોસ્ટમોર્ટમ માટે લઇ જવાયો છે. આ સાંભળીને સની તેની બહેન અને બનેવી પર રોષે ભરાયો હતો અને કહ્યું હતું કે પુત્ર મૃત્યુ પામ્યો છે અને તમે બંને જણ ઘરે બેઠા છો. સનીને બંને પર શંકા જતાં તે ત્યાંથી નીકળી ગયો હતો અને બીજે દિવસે પાછો ધારાવી આવ્યો હતો.

તેણે ભાણેજ અનંતસિંહ વિશે પૂછપરછ કરતાં બહેને કબૂલાત કરી હતી કે તેમણે અનંતસિંહને ૨ ઑગસ્ટે રાણી નામની મહિલાને ૧.૦૫ લાખ રૂપિયામાં વેચી દીધો હતો. આ જાણી સનીને આંચકો લાગ્યો હતો અને તેણે બહેન-બનેવી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## બેંગકોકથી

આઠ ટ્રિપલ લેયર વેક્યુમ પેકેટ્સ મળી આવ્યાં હતાં, જેમાંથી ૨.૦૯ કરોડ રૂપિયાનો ૬૬૫૦ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. આથી અભિષેક વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવામાં આવી હતી. અભિષેકે બેંગકોકમાં ગાંજો કોની પાસેથી મેળવ્યો હતો અને તે મુંબઈમાં કઇ વ્યક્તિ સુધી પહોંચાડવાનો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે. કેસની તપાસ હાલ એઆઇયુના અધિકારી આલોક કુમાર કરી રહ્યા છે.

## બારામતી એરપોર્ટ

પટકાયા પહેલા વિમાનનો એક ભાગ વીજળીના થાંભલા સાથે અથડાયો હતો. તે સમયે પણ વિમાનમાં માત્ર એક ટ્રેની પાઇલટ હતો, જેનો બચાવ થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી, ૨૦૨૬માં બારામતી એરપોર્ટ પર જ એક ચાર્ટર વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના તત્કાલીન ડેપ્યુટી સીએમ અજિત પવાર (અષશર્િંક્ફૂક્ીં) સહિત પાંચ લોકોના મૃત્યુ થયા હતા. અજિત પવાર મુંબઈથી બારામતી જઈ રહ્યા હતા ત્યારે તેમનું 'લિયરજેટ ૪૬' વિમાન ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં ૧૫,૦૦૦ કલાકનો અનુભવ ધરાવતા કેપ્ટન સુમિત કપૂર, કો-પાઇલટ શાંભવી પાઠક, પીએસઓ વિદિપ જાધવ અને ફ્લાઈટ એટેન્ડન્ટ પિંકી માલીનું પણ કરુણ મોત થયું હતું.

એક જ વર્ષમાં વારંવાર બની રહેલી વિમાન દુર્ઘટનાઓને કારણે બારામતી એરપોર્ટના મેન્ટેનન્સ, ફ્લાઈટ ઓપરેશન અને મોનિટરિંગ પર કડક પગલાં ભરવાની માગણીઓ ઉઠી રહી છે.

## હિલ સ્ટેશન

તમામ કસર પૂરી કરી હતી અને ૩૧ જુલાઈના અંત સુધીમાં મહાબળેશ્વરમાં ૪,૧૭.૬ મિ.મી. વરસાદ પડીને તેણે અગાઉના રેકોર્ડને તોડી નાંખ્યો હતો. હાલ રાજ્યના અનેક જિલ્લામાં વરસાદે બ્રેક લીધો છે ત્યારે મહાબળેશ્વરમાં હજી પણ વરસાદ ચાલુ જ છે. સાત ઑગસ્ટ સુધીમાં મહાબળેશ્વરમાં ૫,૦૬૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ગયા વર્ષે આ જ સમયે અહીં ૧૫૦ ઈંચ વરસાદ પડ્યો હતો, તેની સામે આ વર્ષે એનાથી પણ વધુ એટલે કે લગભગ ૨૦૦ ઈંચ વરસાદ પડયો છે.

## પ્રોપર્ટી ટૅક્સના

તેના પ્રોપર્ટી ટૅક્સ વસૂલાત લક્ષ્યાંકને વટાવી દીધો હતો. આર્થિક વર્ષ માટે ૭,૩૪૧ કરોડ રૂપિયાના લક્ષ્યાંક સામે પાલિકાએ ૭,૬૧૦.૯૦ કરોડ રૂપિયા વસૂલ્યા, જે લક્ષ્યના ૧૦૩.૬૮ ટકા હતા.

પ્રોપર્ટી ટૅક્સધારકો માટે બિલ મળવાના ૯૦ દિવસની અંદર પ્રોપર્ટી ટૅક્સ ચૂકવવો આવશ્યક છે. અન્યથા પાલિકા નોટિસ બહાર પાડીને પાણીપુરવઠો બંધ કરવા, મિલકત જપ્ત કરવા અને મિલકતની લિલામી સહિતના વસૂલાતના પગલાં શરૂ કરી શકે છે.

## શિવસેનાના કોર્પોરેટર

અન્ય આરોપીઓ પર કડક શરતો લાદી હતી અને આદેશ આપ્યો હતો કે જ્યાં સુધી કેસમાં ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી તેઓ મહારાષ્ટ્રની બહાર રહે. હાઈ કોર્ટે કલ્યાણની અદાલતના આદેશને ''અયોગ્ય'' ગણાવી તેના પર રોક લગાવી હતી. કોર્ટે કહ્યું હતું કે મેજિસ્ટ્રેટ કોર્ટે આ મુદ્દાને ખૂબ હળવાશથી લીધો હતો અને મ્હાત્રેના ગુનાહિત ભૂતકાળને પણ ધ્યાનમાં લીધો ન હતો. (પીટીઆઈ)

## પીઓપીની મૂર્તિના

યોજાઈ હતી. આ બેઠકમાં મુંબઈ અને ઉપનગરના સાર્વજનિક ગણેશોત્સવ મંડળોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ મંડળોની સમસ્યાઓના નિરાકરણ માટે સરકાર અને વહીવટીતંત્ર સાથે અસરકારક રીતે ફોલોઅપ કરવાનો નિર્ણય લીધો હતો.

આ બેઠકમાં ગયા વર્ષની જેમ આ વર્ષે પણ સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની મૂર્તિઓને દરિયામાં વિસર્જન કરવાની મંજૂરી આપવામાં આવે એ બાબતે મહત્ત્વની ચર્ચા કરવામાં આવી હતી. સમિતિએ એવો અભિપ્રાય આપ્યો હતો કે દરિયામાં ગોળાકાર રીતે વિસર્જન કરવાનો વિકલ્પ ખાસ કરીને મોટા કદની મૂર્તિઓના વિસર્જન માટે આ વર્ષે પણ અમલમાં મૂકવો જોઈએ. દરમ્યાન પીઓપી મૂર્તિઓના વિસર્જનનો મુદ્દો કોર્ટ પ્રક્રિયામાં હોવાથી સરકાર તેના પર નક્કર અને સ્પષ્ટ વલણ અપનાવે તેવી માગણી બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિ દ્વારા મુખ્ય પ્રધાનને કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગયા વર્ષે દરિયામાં ઊંચી મૂર્તિઓના વિસર્જન માટે કરવામાં આવેલી ભલામણનો અમલ કરવામાં આવ્યો હતો. જોકે આ વર્ષના ઉત્સવ માટે તમામ સંબંધિત પક્ષો સાથે સમયસર ચર્ચા થઈ ન હોવાને કારણે સમસ્યાઓ ફરીથી ઊભી થઈ શકે છે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિના અધ્યક્ષ એડવોકેટ નરેશ દહીબાવકરે જણાવ્યું હતું કે આ બેઠકમાં મંડળોએ રસ્તાઓ પરના ખાડા, ખુલ્લા કેબલ વાયર, ઝાડની ડાળીઓ, લાઉડસ્પીકરનો સમય, ટ્રાફિક વ્યવસ્થા, પોલીસ વ્યવસ્થા, વીજળી અને મ્યુનિસિપલ વિભાગ જેવા મુદ્દાઓ ઉઠાવ્યા હતા. દહીબાવકરે સ્પષ્ટતા કરી કે બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ આ ફરિયાદો લેખિતમાં લેવા અને સંબંધિત વિભાગો સાથે તાત્કાલિક ફોલોઅપ કરવાની ખાતરી આપી છે.

## મહારાષ્ટ્રમાં દૂધ

ખોરવાશે.

### મહારાષ્ટ્રમાં દૂધના નવા ભાવ (૧૧મી ઓગસ્ટથી લાગુ):

**ગાયનું દૂધઃ** હવે રૂ.૬૨ પ્રતિ લિટર (પહેલાં રૂ. ૬૦ પ્રતિ લિટર હતું).
**ભેંસનું દૂધઃ** હવે રૂ. ૭૮ પ્રતિ લિટર (પહેલાં રૂ. ૭૬ પ્રતિ લિટર હતું).
**અન્ય પ્રોડક્ટ્સઃ** દહીં, છાશ, ઘી અને પનીરની કિંમતોમાં ૧૦ ટકા સુધીનો વધારો.

### દૂધ પર એમએસપી લાગુ કરવાનો હાલ કોઈ પ્રસ્તાવ નથીઃ કેન્દ્ર સરકાર

બીજી તરફ, ચોમાસુ સત્ર દરમિયાન સંસદમાં કેન્દ્રીય ડેરી મંત્રી રાજીવ રંજન સિંહ (લલન સિંહ) એ સ્પષ્ટ કર્યું હતું કે દૂધ માટે ન્યૂનતમ સમર્થન મૂલ્ય (એમએસપી) લાગુ કરવાનો સરકારનો હાલ કોઈ પ્રસ્તાવ નથી. તેમણે ઉમેર્યું કે દૂધના ભાવ બજારની સ્થિતિના આધારે સહકારી મંડળીઓ અને ખાનગી ડેરીઓ દ્વારા જ નક્કી કરવામાં આવે છે.

### આંધ્ર પ્રદેશમાં પણ દૂધના ભાવ વધતાં વિરોધ પ્રદર્શનો

મહારાષ્ટ્ર ઉપરાંત આંધ્ર પ્રદેશમાં પણ દૂધના ભાવ વધતાં ગ્રાહકો અને રાજકીય પક્ષોમાં રોષ જોવા મળી રહ્યો છે. વિજયા ડેરી એ ૧૦મી ઓગસ્ટથી પ્રતિ લિટર રૂ.૨નો વધારો ઝીંક્યો છે, જેના કારણે ફૂલ ક્રીમ દૂધનો ભાવ રૂ.૭૮થી વધીને રૂ.૮૦ થઈ ગયો છે. આ વારંવારના ભાવવધારા સામે વિજયવાડા સહિતના શહેરોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે.


| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મ તેજ



## માનસ મંથન


મોરારિબાપુ
feedback@bombaysamachar.com


# આપણાથી થતા અપરાધોમાંથી મુક્ત થવું હોય તો ભગવાન શિવના રુદ્રાષ્ટકનો પાઠ કરવો

नमामीशमीशान निर्वाण रुपं ।
विभुं व्यापकंब्रह्म वेदस्वरुपं ।।ॐ

કોઈ યુવકની એક જિજ્ઞાસા હતી, એ રહી ગઈ. પૂછવામાં આવ્યું છે કે કાગભુશુંડિજી મહાકાલના મંદિરમાં ગુરુ અપરાધ કરી બેસે છે અને ગુરુના ચિત્તમાં સમ્યકબોધ હતો એટલે તેઓ તો કંઈ ન બોલ્યા પરંતુ ભગવાન શંકર કુપિત થઈ જાય છે અને ભગવાન શિવ શાપ આપે છે. હાહાકાર મચી જાય છે ! ભુશુંડિજી કાંપી રહ્યાં છે એનાથી વધારે ગુરુ કાંપી રહ્યાં છે. શંકર ક્રોધને કારણે કાંપી રહ્યાં છે. ત્રણેય સ્થળે કંપન છે? એ કંપનોમાં ‘રુદ્રાષ્ટક’નો જન્મ થાય છે. તો પૂછવામાં આવ્યું છે કે ‘રુદ્રાષ્ટક’ અષ્ટક જ કેમ છે? સપ્તક કેમ નથી? ષટ્ક કેમ નથી? પંચક પણ કરી શકતા હતા, સપ્તક પણ લખી શકતા હતા, પરંતુ અષ્ટક લખવા પાછળનું કારણ શું ? બહુ સુંદર પ્રશ્ન છે. વિચારવા માટે બાધ્ય કરી દે એવી જિજ્ઞાસા છે. હું તમને કેટલીક વાતો કરું.

‘રુદ્રાષ્ટક’ની સ્તુતિ અહીં અષ્ટકમાં આવી છે એટલા માટે તો આપણે એને અષ્ટક કહીએ છીએ; રુદ્રનું અષ્ટક. એનું એક કારણ તો એ છે કે ભગવાન શિવ અષ્ટમૂર્તિ છે. ભગવાન શિવને શાસ્ત્રકારોએ અષ્ટમૂર્તિ માન્યા છે અને અષ્ટક ગાવામાં આવ્યું એનું એક કારણ આ અષ્ટમૂર્તિ માની શકાય. બીજું, આ અષ્ટકની રચના એટલા માટે થઈ કે અપરાધ થયા બાદ આપણે અષ્ટક ગાઈએ અને અપરાધથી મુક્ત થઈએ. એ તો છે જ, પરંતુ આપણે જીવ છીએ. આપણે ગમે ત્યારે અપરાધ કરી શકીએ છીએ. ક્યારેક બ્રાહ્મણનો દ્રોહ કરી દઈએ; ક્યારેક હરિજનનો દ્રોહ કરી દઈએ; ક્યારેક ગુરુનો દ્રોહ કરી દઈએ. અહીં એક કારણ અષ્ટકનું એ પણ છે કે અષ્ટકનું ગાન કરવાથી આપણે એ અપરાધથી મુક્ત થઈ શકીએ.

અષ્ટકનું એક કારણ તો એ છે કે કાગભુશુંડિએ કુલ આઠ અપરાધ કર્યા છે. ભુશુંડિજીના જે અપરાધ થઈ ગયા; ગુરુ અપરાધ, દ્વિજદ્રોહ, એમાં કુલ મળીને આઠ અપરાધ આપણે સૌ કરવા લાગીએ છીએ. તો આઠ અપરાધ છે ભુશુંડિના. ‘**आन देव निंदक अभिमानी**।’થી લઈને તમે એના અપરાધ ગણશો તો બિલકુલ આઠ અપરાધ મળશે. અને એ આઠ અપરાધોથી મુક્તિ મેળવવા માટે કદાચ બુદ્ધપુરુષે અષ્ટક- ‘રુદ્રાષ્ટક’ ગાયું. એ પણ એક કારણ છે. અષ્ટક લખવા પાછળ એક એ કારણ પણ હોઈ શકે કે ભગવાન



શંકર મહાકાલ જ્યારે કુપિત થયા ત્યારે એમણે ભુશુંડિને શાપ આપતી વખતે આઠ પ્રકારનાં સંબોધન કર્યા. ક્યારેક અજ્ઞાની કહ્યો; ક્યારેક અભિમાની કહ્યો; ક્યારેક ખલ કહ્યો; ક્યારેક શઠ કહ્યો; ક્યારેક અધમાધમ કહ્યો. આઠ પ્રકારનાં સંબોધન કર્યા, એટલે કદાચ અષ્ટક આવ્યું. અને અષ્ટમૂર્તિ તો શિવ છે જ; એટલે અષ્ટક. તો એનાં ઘણાં કારણ બતાવી શકાય છે.

આ પ્રવાહમાં વાતો ચાલશે તો હું તમને એવું નિવેદન પણ કરવા માગું છું કે આખાયે ‘રુદ્રાષ્ટક’માં કેન્દ્રમાં તો મહાકાલ છે, પરંતુ ગુરુકૃપાથી એને જોવામાં આવે તો આખાયે ‘રુદ્રાષ્ટક’માં કોઈ ને કોઈ સંદર્ભમાં બાર જ્યોર્તિલિંગનો સંકેત છે. મને એ કહેવામાં કોઈ મુશ્કેલી નથી; ‘રુદ્રાષ્ટક’ પ્રત્યે મારી વિશેષ શ્રદ્ધા છે; થોડો કંઈક અનુભવ છે તો તમારી સાથે શેર કરું કે ‘રુદ્રાષ્ટક’ની અંદર બાર જ્યોર્તિલિંગ સમાહિત છે. હવે જ્યારે ‘**नमामीशमीशान**’ એમાં જે પહેલો ‘ઇશાન’ શબ્દ આવ્યો એ સીધો કેદારનો સંકેત કરે છે. ઇશાન દિશા એ બતાવી રહી છે કે એમાંનો ‘ઇશાન; શબ્દ સીધો ભગવાન કેદારેશ્વરનો જ સંકેત કરે છે. ‘**भाल बालेन्दु** ।’ ભાલમાં ઈંદુ છે; ચંદ્ર છે; તો એમાં સીધો સોમનાથનો સંકેત છે. એ સોમેશ્વર છે. અને ‘**निर्वाण रूपं**’, જ્યારે ‘રુદ્રાષ્ટક’ની સ્તુતિમાં ભગવાન મહાકાલને નિર્વાણરૂપ કહ્યા તો એમાં સીધો બનારસનો સંકેત છે. એ નિર્વાણદાતા શિવ વિશ્વનાથ છે. ‘**शिव शंकरम**’, એ ભીમાશંકર તરફ સંકેત છે. ‘**कंठे भुजंगा**’, એ નાગેશ્વરનો સંકેત છે. તમે તમારી ઝોળીમાં ‘રુદ્રાષ્ટક’ પુસ્તકના રૂપમાં રાખો અથવા તો ‘રામચરિતમાનસ’માં રાખો; ‘માનસ’માં આ ‘રુદ્રાષ્ટક’ છે; એ તમારી ઝોળીમાં રાખો અને તમારો ભરોસો અને શ્રદ્ધા હોય તો તમારી ઝોળીમાં તમે બાર જ્યોર્તિલિંગ લઈને ઘૂમી રહ્યા છો. પ્રશ્ન છે ભરોસાનો. ભરોસો ન હોય તો અહીં બેઠાં પછી પણ ક્યારેક ઘટના નથી ઘટતી અને ભરોસો હોય તો બાર જ્યોર્તિલિંગ આપણી સાથે સાથે ચાલે છે. બાર શું? વધારે છે. આપણાં અન્ય જે વિશિષ્ટ શિવધામ છે એ પણ એમાં સમાવિષ્ટ છે. ‘**सर्वभूतादिवासम**’, પ્રત્યેક ભૂતના આપ ભૂપતિ છો. તો મને ત્યાં પશુપતિનાથનો સંકેત મળી જાય છે કે નેપાળ સુધી ત્યાં દૃષ્ટિ ગઈ છે. આવનારા દિવસોમાં એની ચર્ચા કરીશું. પરંતુ તમારા ધ્યાનમાં રહે કે આખું ‘રુદ્રાષ્ટક’ દ્વાદશ જ્યોર્તિલિંગમય છે.

તો બહુ જ અદ્ભુત, અલૌકિક છે આ ‘રુદ્રાષ્ટક’. મહાકાલના મંદિરમાં આકાશવાણી થઈ. આકાશવાણીનો અર્થ છે આકાશમાંથી આવેલી વાણી. પરંતુ ‘રુદ્રાષ્ટક’ એ ઉપરના આકાશમાંથી નથી આવ્યું. એ અંદરથી આવેલી, ચિદાકાશમાંથી નીકળેલી વાણી છે. અંદરથી ફૂટેલી એક અદ્ભુત વાણી ‘રુદ્રાષ્ટક છે. ‘રુદ્રાષ્ટક’ માણસની રામભક્તિને દૃઢ કરે છે. મને કહેવામાં કોઈ મુશ્કેલી નથી કે ‘રુદ્રાષ્ટક’નો પાઠ કૃષ્ણભક્તિને બળ આપે છે. ‘રુદ્રાષ્ટક’નું પારાયણ માણસમાં ઊર્જા ભરી દે છે. મારે બોલવામાં ધ્યાન રાખવું પડે છે પરંતુ જવાબદારી સાથે બોલું તો હું કહું કે ‘રુદ્રાષ્ટક’ શુદ્ધ પણ છે અને સિદ્ધ પણ છે. એમ જ એનો તમે પાઠ કરો તો પણ એનો મહિમા છે. પરંતુ ‘રુદ્રાષ્ટક’નું ગાન કરો એનો વિશેષ મહિમા છે. તો શિવનું આ ‘રુદ્રાષ્ટક’ અદ્ભુત છે. શિવ, શિવ છે; શિવ, શિવ છે.

સંકલન : જયદેવ માંકડ ■

## શિવ રહસ્ય


ભરત પટેલ
feedback@bombaysamachar.com


# શું આપના ભોજનરૂપી સ્નેહનું પાન નહીં કરાવશો?



અરુણાસુરની માતાને માતા પાર્વતી મુક્તિ આપતાં અરુણાસુર ત્રાડી ઊઠે છે, ‘માતા પાર્વતી આ છળ-કપટ છે, તમે આવું કઈ રીતે કરી શકો? હું તમને આની પરવાનગી નહીં આપું. તમને જ્યારે ખબર હતી કે મારી માતા મુક્તિ મેળવવા તમારી ભક્તિ કરતી હતી તો તમે મને કેમ ન જણાવ્યું. કેવી જગતમાતા છો તમે? શું જગત માતાના હૃદયમાં મમતા નહીં ક્રૂરતા છે? તમે મારી માતાને મારાથી દૂર કરી છે હું પણ તમને અહીંથી નહીં જવા દઉં.’ આટલું કહી અરુણાસુર માતા પાર્વતી પર આક્રમણ કરવા જાય છે. એ જ સમયે કુમાર કાર્તિકેય વચ્ચે આવી જાય છે, સાથે એજ સમયે ભગવાન શિવ ત્યાં પ્રગટ થાય છે. અરુણાસુર ભગવાન શિવને જોઈ કહે છે, ‘દેવોના દેવ મહાદેવ, સારું થયું તમે આવી ગયા, હું બાળક અને સ્ત્રી સાથે યુદ્ધ લડવા નથી માગતો. હે દેવતાઓ બ્રહ્માજી, સરસ્વતીજી, લક્ષ્મીજી, શ્રીહરી વિષ્ણુ જુઓ દેવોના દેવ મારી સાથે કઈ રીતે છળ કરી રહ્યા છે. તમે જ સમજાવો કે અહીં અરુણાસુર છે નહીં કે કોઈ નિર્બળ માનવી.’ ભગવાન શિવ તેને સમજાવે છે કે તમારી હઠ અને વિચારવાની શક્તિએ તમારી સાથે છળ કર્યું છે. કોઈ સામાન્ય માનવી ક્યારેય પુનઃજીવિત થઈ શકતો નથી, એટલું તો એક રાજાને સમજપડવું જોઈએ. તમારી માતાનું જીવન ફરી આરંભ નહીં થઈ શકે, પણ તમે ઇચ્છો તો તમારું નવું જીવન આરંભ થઈ શકે છે.’ ક્રોધિત અરુણાસુર ભગવાનને કહે છે કે ‘તમે માતાનું વાત્સલ્ય કઈ રીતે જાણી શકો તમે તો પોતે અજન્મા છો.’ માતા પાર્વતી તેને ચેતવણી આપતાં કહે છે, ‘અરુણાસુર તમે તમારી હદ વટાવી રહ્યા છો. ધ્યાન રહે આ દેવોના દેવ મહાદેવ છે.’ નાદાન અરુણાસુર કહે છે, ‘મહાદેવ તમને એ તો યાદ જ હશે કે તમારી પહેલી પત્નીના શબને લઈને તમે કેટલો વખત ભટકી રહ્યા હતા, હવે તમારે ફરીવાર પત્નીના વિરહમાં જીવવું પડશે, મેં મારી આરાધનાથી માતા પાર્વતીનું આહ્વાન કર્યું છે, તેઓ હવે મારી પરવાનગી સિવાય અહીંથી નહીં જઈ શકે.’ ભગવાન શિવ સખ્ત થતાં કહે છે, ‘અરુણાસુર તમે તમારા મૃત્યુને આમંત્રણ આપી રહ્યા છો.’ અટ્ટહાસ્ય કરતાં અરુણાસુર કહે છે, ‘તમે મારો વધ તો કરી જ નહીં શકો, કેમ કે બ્રહ્માજીએ મને વરદાન આપ્યું છે કે, એકપદી, દ્વીપદી, ત્રીપદી કે ચતુષ્પદી પ્રાણી મારો વધ નહીં કરી શકે.’ માતા પાર્વતી કહે છે, ‘મૂર્ખ અરુણાસુર! તમે વિચાર્યું કે હવે હું અમર છું ખરું ને? પણ તમે તમારા અહંકારમાં પ્રકૃતિની વિવિધતાને ન સમજી શકયા. તમે ભૂલી ગયા કે સંસારમાં ષષ્ટપદી પ્રાણી પણ હોય છે. હવે તમારો અંત નિશ્ચિત છે, તુરંત મહાદેવના શરણે જાઓ અન્યથા દંડિત થવાની તૈયારી કરો.’ અરુણાસુર માતા પાર્વતીની ચેષ્ટા કરતા કહે છે, ‘દેવી પાર્વતી! શું તમે મને દંડિત કરશો? હું જોઉં છું કે તમારી પાસે કઈ શક્તિ છે જે તમને બચાવશે.’ ક્રોધિત માતા પાર્વતી દેવી ભ્રામરીનું આવાહન કરે છે. માતા પાર્વતીના આદેશથી દેવી ભ્રામરી પ્રગટ થાય છે. (દેવી ભ્રામરી ભમરાઓની દેવી) માતા પાર્વતી કહે છે ‘દેવી ભ્રામરી જાઓ તમારા ભમરાઓને આદેશ આપો કે અરુણાસુરને સંસારથી મુક્ત કરે.’ માતાનો આદેશ સાંભળતાં જ દેવી ભ્રામરીના શરીરમાંથી લક્ષચોર્યાસી ભમરા નીકળ્યા અને અરુણાસુરના શરીરને વળગી પડયાં. થોડી જ ક્ષણોમાં અરુણાસુર તડપી તડપીને નિસ્તેજ થઈ ગયો.

***

અરુણાસુરના પ્રાણ પંખેરુ ઊડી જતાં બ્રહ્માજી, માતા સરસ્વતી, માતા લક્ષ્મી, ભગવાન શ્રીહરી વિષ્ણુ, દેવર્ષિ નારદ, દેવગુરુ બૃહસ્પતિ, દેવરાજ ઇન્દ્ર, તમામ દેવગણો સહિત કૈલાસ ખાતેથી શિવગણો આવી પહોંચે છે.

નંદીઃ ‘માતા ભ્રામરી રૂપી માતા પાર્વતીની જય હો.’

તમામ શિવગણો અને દેવગણો માતા પાર્વતી, ભગવાન શિવ, બ્રહ્માજી, માતા સરસ્વતી, માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરી વિષ્ણુનો જયજયકાર બોલાવે છે.

દેવર્ષિ નારદઃ ‘માતા તમારા આ ભ્રામરી રૂપનો સાક્ષાત્કાર સમસ્ત સંસાર માટે કલ્યાણકારી સાબિત થશે. માતા ભ્રામરી યુગો યુગો સુધી પૃથ્વી પર બિરાજમાન રહેશે, કલિયુગમાં જે માનવી માતા ભ્રામરીના ગુણગાન ગાશે એનાથી અસુરી શક્તિઓ દૂર રહેશે.’

ભગવાન શિવ, માતા પાર્વતી, ભગવાન શ્રીહરિ વિષ્ણુના આશીર્વાદ લઈ દેવગણો પોત પોતાના લોક ચાલ્યાં ગયાં.

***

માતા પાર્વતી, ભગવાન શિવ અને કુમાર કાર્તિકેય ફરી તેમની સાથે કૈલાસ પધારતાં શિવગણો આનંદ અનુભવે છે.

કુમાર કાર્તિકેયઃ ‘પિતાશ્રી મને માફ કરો તમે મને પહેલાજ ચેતવ્યો હતા કે યુદ્ધભૂમિમાં લાગણીશીલ ન થતાં તમે એક યોદ્ધા તરીકે યુદ્ધભૂમિમાં ઊતરજો, હું એક સેનાપતિ તરીકે જવાબદારી નિભાવવામાં અસફળ રહ્યો અને યુદ્ધમાં ભાવુક થઈ એક ખોટું વચન આપી બેઠો, મેં તમારી સમક્ષ અયોગ્ય વર્તણૂક કરી તમારી નારાજગી વ્હોરી, મને માફ કરો.’

ભગવાન શિવઃ ‘પુત્ર! તમે અને ગણેશ મારા પ્રિય છો, પિતા ક્યારેય પુત્રથી નારાજ થતા નથી, પણ તમારી માતા અવશ્ય દુઃખી થયાં છે, તમારે એમની માફી માગવી જોઈએ.’

માતા પાર્વતીઃ ‘માતાને મન પુત્ર સર્વસ્વ હોય છે, માતા બન્યા બાદ સ્ત્રીનું જીવન પુત્રથી શરૂ થાય છે અને પુત્રથી જ અંત પામે છે. પુત્ર માટે માતાની મમતા અનંત છે. પુત્ર તમારી વર્તણૂકથી અમને દુઃખ નથી થયું પણ અન્ય દેવતાઓ અવશ્ય દુઃખી થયા છે. તમારે વચન આપવું પડશે કે આવનારા સમયમાં કોઈપણ અસુરની માયાજાળમાં નહીં ફસાઉં.’

કુમાર કાર્તિકેયઃ ‘પિતાજી હું તમને વચન આપું છું કે આપના શબ્દો અને ચેતવણીનું ધ્યાન રાખતાં કોઈ માયાજાળમાં નહીં ફસાઉં કે જેથી દેવગણોને દુઃખ થાય. સમસ્ત દેવગણની સુરક્ષા માટે દેવસેનાપતિ તરીકે મારી ફરજ યોગ્ય રીતે બજાવીશ.’

માતા પાર્વતી : ‘કુમાર તમે સંસારના શ્રેષ્ઠ સેનાપતિ છો, યુગોના યુગો સુધી તમારી ખ્યાતિ ફેલાતી રહેશે.’

કુમાર કાર્તિકેયઃ ‘માતા તમારા અને પિતાજીના આશીર્વાદથી હું દેવગણો પર આવનારા સંકટને હંમેશાં દૂર કરીશ.’

ભગવાન શિવઃ ‘કુમાર તમે કૃત્તિકા લોકથી ક્રોધિત અવસ્થામાં ક્ષીરસાગર ગયા હતા. તમારી કૃત્તિકા માતાઓ (સીવા, સંભુતી, પ્રીતિ, સન્નતી, અનાસુયા અને ક્ષમા) ખૂબ પીડા અનુભવી રહી છે, તમારે ત્યાં જવું પડશે, કૃત્તિકા માતાઓના સ્નેહનું પાન કરવું પડશે.’

કુમાર કાર્તિકેયઃ ‘અવશ્ય પિતાશ્રી! હું કૃત્તિકા લોક જઈ માતાઓની માફી માંગીશ.’

માતા પાર્વતીઃ ‘કુમાર, અહીં તમારી માતા પણ તમારી પ્રતીક્ષામાં હશે એ ભૂલશો નહીં.’

કુમાર કાર્તિકેયઃ ‘નહીં માતા, હું કૃત્તિકા માતાઓના આશીર્વાદ લઈ તુરંત પાછો આવીશ.’

કુમાર કાર્તિકેય, માતા પાર્વતી અને ભગવાન શિવના આશીર્વાદ લઈ કૃત્તિકા લોક તરફ પ્રયાણ કરે છે.

***

કુમાર કાર્તિકેય કૃત્તિકા લોક ખાતે પહોંચતાં જ માતાએ કુમારને ઘેરી વળે છે.

કુમાર કાર્તિકેય માતા સીવા, માતા સંભુતી, માતા પ્રીતિ, માતા સન્નતી, માતા અનાસુયા અને માતા ક્ષમાના આશીર્વાદ લે છે.

માતા સંભુતિઃ ‘કુમાર તમે ક્રોધિત અવસ્થામાં ખૂબ કદરૂપા લાગતા હતા.’

કુમાર કાર્તિકેયઃ ‘માતા હમણાં પણ હું કદરૂપો લાગું છું?’

માતા પ્રીતિઃ ‘નહીં પુત્ર! આજે તમે ખૂબ પ્રેમાળ લાગી રહ્યા છો.’

કુમાર કાર્તિકેયઃ ‘માતા ઘણા સમય બાદ અહીં આવ્યો છું, શું આપના ભોજનરૂપી સ્નેહનું પાન નહીં કરાવશો?’

કુમારની માગણી થતાં જ કૃત્તિકા માતાઓ ભોજન બનાવવામાં વ્યસ્ત થઇ જાય છે. (ક્રમશઃ) ■

## ચિંતન


હેમુ ભીખુ
feedback@bombaysamachar.com


# પ્રકાશ-પ્રકાશક-પ્રકાશિત



પ્રકાશ એટલે જેના વડે પ્રકાશિત થાય છે તે તેજ. પ્રકાશક એટલે તેજની ઉત્પત્તિનું કારણ અને પ્રકાશિત એટલે તેજને કારણે જે નજરે પડે તે પરિસ્થિતિ. પ્રકાશિત જગત છે, પ્રકાશક ઈશ્વર છે અને પ્રકાશ એટલે જગત અને ઈશ્વરનું સંધાન.

ભૌતિક વિશ્વના સંદર્ભમાં પ્રકાશ એટલે જેને કારણે પરિસ્થિતિ જોઈ શકાય છે. આ પ્રકાશનું ઉદ્ભવ સ્થાન સૂર્ય, દીવો, વીજળી કે એવાં અન્ય સ્રોત હોઈ શકે. ભૌતિકતાના સંદર્ભમાં પ્રકાશક એટલે ચોક્કસ પ્રકારની રાસાયણિક કે ભૌતિક પ્રક્રિયા જેના અંતે પ્રકાશ ઉદ્ભવે. પ્રકાશક એ ઉપકરણ કે પદાર્થ પણ હોઈ શકે. સામાન્ય સમજ પ્રમાણે પ્રકાશિત એટલે જેના પર પ્રકાશ પડે છે, જેને પરિણામે ‘પ્રકાશિત’ના ચોક્કસ પ્રકારના ગુણધર્મો ‘પ્રકાશિત’ થાય. પ્રકાશ જે પરિસ્થિતિ - પદાર્થ પરથી પરાવર્તિત થઈને પરત થાય તે પરિસ્થિતિ - પદાર્થ પ્રકાશિત છે એમ કહેવાય. સૂર્યના કિરણો પૃથ્વી પર પડીને પરાવર્તિત થાય ત્યારે પૃથ્વી પ્રકાશિત થઈ તેમ કહેવાય. પ્રકાશિત થયેલી પરિસ્થિતિ ચમકે.

આધ્યાત્મિકતાના સંદર્ભમાં પ્રકાશ શબ્દ જ્ઞાન ચેતના, જાગૃતિ, સત્ય જેવા સંકેત માટે વપરાય છે. આ બધાં પરિમાણો દ્વારા વાસ્તવિકતાની પ્રતીતિ થાય. આધ્યાત્મિક અને ચિંતનાત્મક અર્થમાં પ્રકાશક એટલે એવી વ્યક્તિ કે બાબત કે જે અજ્ઞાનના અંધકારમાં જ્ઞાનનું પ્રકાશ પ્રસરાવે, ચૈતન્યની અનુભૂતિ કરાવે, જાગૃતિ માટેનું નિમિત્ત બને, સત્ય તરફ નિર્દેશન કરે. આ પ્રકારની ક્ષમતા ગુરુમાં હોય, સંત-મહાત્મામાં હોય કે ઈશ્વર-કૃપા તરીકે હોય. આધ્યાત્મિક અર્થમાં પ્રકાશિત એટલે જ્ઞાન, ચેતના, જાગૃતિ, સત્ય જેવા ભાવની પ્રાપ્તિ બાદની પરિસ્થિતિ. અમુક સારાં વિધાન, સારાં પુસ્તક કે સારાં ઉદાહરણ થકી પણ જીવન પ્રકાશિત થઈ શકે. માનવ ઇતિહાસમાં ગીતા થકી ઘણાનાં જીવન પ્રકાશિત થઈ ચૂક્યાં હશે. કોઈપણ સાત્વિક કારણથી મનોમય અંધકાર તથા અજ્ઞાન દૂર થાય ત્યારે પ્રકાશિત પરિસ્થિતિ અસ્તિત્વમાં આવે.

શું હકીકત છે અને શું મિથ્યા છે, અસત્યનું સ્વરૂપ શું છે અને સત્યની વાસ્તવિકતા કઈ છે, શું માયા છે અને શું પ્રમાણિત પરિસ્થિતિ છે, પ્રપંચનું શું પરિણામ છે અને પ્રપંચમાંથી મુક્તિ મળતાં શેની પ્રતીતિ થાય - પ્રકાશકની કૃપાથી આ બધી બાબતોનું સ્વરૂપ ખબર પડે. આનાથી સૃષ્ટિમાં પ્રવર્તમાન સમીકરણો જાણમાં આવે. આધ્યાત્મિક પ્રગતિ માટે ‘પ્રકાશક’નું ખૂબ મહત્ત્વ છે. પ્રકાશક સમજ આપે, માર્ગદર્શન આપે, પ્રેરણા આપે તથા ‘પ્રવાસ’માં રક્ષણ કરે.

પ્રકાશક પોતાના આધ્યાત્મિક જ્ઞાન અને અનુભવથી અન્યના જીવનમાં પ્રકાશ ફેલાવવાનો પ્રયત્ન કરે. જેણે આત્માનુભૂતિ કરી હોય, જે સાત્વિક પ્રેમથી તન્મય હોય અને જે કરુણાસભર હોય તે જ પ્રકાશકની ભૂમિકામાં આવી શકે. જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર જ્ઞાની હોય, ધર્મનો પ્રકાશ ફેલાવનાર ધાર્મિક હોય, આધ્યાત્મનો પ્રકાશ ફેલાવનાર આધ્યાત્મિક હોય. ચેતના રૂપી પ્રકાશની જાગ્રત કરનાર પૂર્ણ-ચૈતન્ય સ્વરૂપ હોય.

આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં પ્રકાશિત શબ્દનો અર્થ છે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું, ચેતનાનું ઉન્નતિ પામવું અથવા દૈવિક પ્રકાશ દ્વારા જીવનના સત્યને ઓળખવું. આ શબ્દનો ઉપયોગ વિવિધ ધર્મો અને તત્ત્વજ્ઞાનમાં ખૂબ થાય છે. જ્યારે વ્યક્તિ પોતાના અંદર ઘર કરી ગયેલાં ઈર્ષા, ક્રોધ, લોભ, મોહ જેવાં અંધકારના પ્રતીક સમાન ભાવને દૂર કરી સત્ય, કરુણા, સાત્વિકતા, ધાર્મિકતા અને શાંતિને પ્રાપ્ત થાય, તે તરફ આગળ વધે છે, ત્યારે તેને પ્રકાશિત છે તેમ કહેવાય. જ્યારે વ્યક્તિ બ્રહ્માંડના સત્યને પોતાના અંતરમનમાં અનુભવે છે અને આ વિશેના પરમ જ્ઞાન દ્વારા તે બધાંને એકરૂપ માનવા લાગે, જ્યારે બધામાં જ બ્રહ્મના દર્શન કરે, જ્યારે દરેક પ્રકારના દ્વંદ્વથી મુક્ત થાય, જ્યારે નિષ્પક્ષતા, તટસ્થતા, સ્થિતપ્રજ્ઞતા અને સાક્ષીભાવ ધારણ કરે ત્યારે તે પ્રકાશિત છે તેમ કહેવાય. આ પ્રમાણે પ્રકાશિત થવું એટલે જીવન ચક્રથી મુક્તિની તૈયારી અથવા મુક્તિ પ્રાપ્ત કરી લેવી.

પ્રકાશિત થવા માટે મનને શાંત કરી પરમ સાથે જોડાવા માટે ધ્યાન ધરી શકાય, કોઈ જ્ઞાનીના માર્ગદર્શન હેઠળ સૃષ્ટિના સત્ય જાણવાનો પ્રયત્ન કરી તે દિશામાં નિષ્ઠા દર્શાવી શકાય, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ જાણી સૃષ્ટિના સમીકરણો સમજી પોતાના જીવનને યથાર્થ કરી શકાય, સેવાભાવ, પ્રેમ અને કરુણાથી યુક્ત થઈ નૈષ્કર્મ્ય ભાવ થકી કર્મ કરતાં કરતાં નિર્વાણ પામી શકાય, અથવા તો શાસ્ત્રમાં દર્શાવાયેલ કોઈપણ માર્ગ દ્વારા પૂર્ણતાને પામી શકાય.

સૃષ્ટિમાં દૃશ્ય છે દર્શન છે અને દ્રષ્ટા છે. આ રૂપકને જો સમજવામાં આવે તો એમ કહી શકાય કે દૃશ્ય એટલે પ્રકાશિત, દર્શન એટલે પ્રકાશ અને દૃષ્ટા એટલે પ્રકાશક. પ્રકાશિત એ બાહ્ય સ્થિતિ છે, પ્રકાશક એ આંતરિક સ્થિતિ છે જ્યારે પ્રકાશ એ આ બંનેનું સંધાન છે. આ પરિપ્રેક્ષ્યમાં પ્રકાશક એટલે આત્મા, ચૈતન્ય, વ્યક્તિમાં સ્થિત પુરુષ, અને અમુક સંદર્ભમાં જીવ. પ્રકાશ એટલે એ પરિસ્થિતિ એ જેને કારણે સૃષ્ટિ તેના કોઈ એક સ્વરૂપે ભાસમાન થાય છે. પ્રકાશિત એટલે સૃષ્ટિ.

પ્રકાશિત ત્યારે જ પ્રકાશિત થઈ શકે કે જ્યારે ‘પ્રકાશક’ કિરણો ઉત્સર્જિત કરે. પ્રકાશિત ત્યારે જ પ્રકાશિત થઈ શકે કે જ્યારે તેનાથી પરાવર્તિત થયેલાં કિરણોને ચોક્કસ માળખામાં ફેલાવવામાં આવે. પ્રકાશિત પરિસ્થિતિની પ્રતીતિ ત્યારે જ થાય જ્યારે એ ફેલાયેલાં કિરણો જે તે ગ્રાહક દ્વારા ગ્રહણ થાય. પ્રકાશક ત્યારે જ કિરણો ઉત્સર્જિત કરે કે જ્યારે તે પ્રમાણે કરવા માટે તેને પ્રેરણા થાય. પ્રકાશક પાસે કિરણોને ઉત્સર્જિત કરવાની ક્ષમતા તો હોય છે જ પરંતુ ઘણીવાર આ માટેના ઇચ્છનીય સંજોગો ન પણ હોય. પ્રલય બાદ પણ ઈશ્વર પાસે પ્રકાશિત થવાની ક્ષમતા હોય છે, પરંતુ જ્યાં સુધી સર્જનનો કાળ સ્થાપિત ન થાય ત્યાં સુધી તે પ્રકાશ એકત્ર અને સંયમિત રહે છે. પ્રકાશની અનુભૂતિ ત્યારે જ શક્ય બને કે જ્યારે પ્રકાશક અને પ્રકાશિત વચ્ચે ચોક્કસ પ્રકારનું સમીકરણ સ્થાપિત થાય. પ્રકાશ ત્યારે જ અસ્તિત્વમાં આવે જ્યારે પ્રકાશકની જે તે સ્થિતિ સંભવિત પ્રકાશિત માટે અનુકૂળ હોય.


ઈશ્વર પ્રકાશક છે, સૃષ્ટિ પ્રકાશિત છે અને જીવાત્માનો સ્વભાવ એ પ્રકાશ છે. પરમ પદની અંતિમ સ્થિતિમાં પ્રકાશક, પ્રકાશિત અને પ્રકાશ ત્રણે એકત્વને પામે છે. ■

# આદિ શંકરાચાર્યઃ બૌદ્ધિક વિસ્મય ને ભક્તિનો મધુર સમન્વય

આતમના અજવાળે

ભાર્ગવ ઠાકર
feedback@bombaysamachar.com

આઠમી સદીનો એ કાલખંડ ભારતવર્ષની સાંસ્કૃતિક ચેતના માટે એક સંધિકાળ હતો. જ્યારે આધ્યાત્મિક આકાશ જટિલ કર્મકાંડોના ધુમ્મસથી ઘેરાયેલું હતું અને તર્કની છીણીથી સત્યના ટુકડા થઈ રહ્યા હતા, ત્યારે કેરળના કાલડી ગામમાં પૂર્ણા નદીના સાંનિધ્યમાં એક બાલસૂર્યનો ઉદય થયો. શિવગુરુ અને આર્યામ્બાના તપના ફળ સ્વરૂપ જન્મેલા શંકરનું વ્યક્તિત્વ સ્વયં શિવનું વાઙ્મય સ્વરૂપ હતું. માત્ર આઠ વર્ષની કુમળી વયે અગમ-નિગમના ગૂઢ રહસ્યોને આત્મસાત કરનાર આ બાળકના હૃદયમાં સંસારની ક્ષણભંગુરતા પ્રત્યેનો તીવ્ર વૈરાગ્ય લહેરાતો હતો.




પૂર્ણા નદીના શીતળ જળમાં સ્નાન કરતી વખતે એક મગરે શંકરનો પગ પકડી લીધો, ત્યારે તે માત્ર એક અકસ્માત નહોતો પરંતુ એક દાર્શનિક સંકેત હતો કે જ્યારે મનુષ્ય સંસારના મોહમાં ડૂબેલો હોય છે, ત્યારે કાળ તેને ગમે ત્યારે ગ્રસી લે છે. મૃત્યુને અત્યંત નિકટ જોઈને શંકરે તેમની માતા આર્યામ્બા પાસે 'આતુર સંન્યાસ' ગ્રહણ કરવાની માંગણી કરી. હૃદય પર પથ્થર મૂકીને માતાએ સંમતિ આપી, અને ચમત્કારિક રીતે મગરે તેમનો પગ છોડી દીધો અને નદીમાં અદૃશ્ય થઈ ગયો. નદીની બહાર આવીને શંકરે ઘોષણા કરી કે હવે તેઓ માત્ર એક માતાના નહીં, પરંતુ સમગ્ર વિશ્વના પુત્ર છે અને તેમનો દેહ પરબ્રહ્મની સેવા માટે અર્પણ થઈ ચૂક્યો છે. એ દિવસે બાલક શંકરનું મૃત્યુ થયું અને યતિ શંકરનો જન્મ થયો જેને વિશ્વ આદિ શંકરાચાર્ય તરીકે જાણે છે. જ્યારે જૂના વ્યક્તિત્વનું મૃત્યુ થાય ત્યારે જ નવા દિવ્ય વ્યક્તિત્વનો જન્મ થાય છે.

ગુરુની શોધમાં નર્મદા તટે પહોંચીને જ્યારે તેઓ પરમગુરુ ગોવિંદ ભગવતપાદને મળ્યા, ત્યારે ગુરુના પ્રશ્ન 'કોઽહમ્? તું કોણ છે?'ના ઉત્તરમાં આદિશંકરાચાર્યના મુખેથી જે કાવ્યધારા વહી, તે 'નિર્વાણાષ્ટકમ' આજે પણ જ્ઞાનમાર્ગી સાહિત્યનું શિખર છે.

**ન મૃત્યુર્ન શંકા ન મે જાતિભેદઃ, પિતા નૈવ મે નૈવ માતા ન જન્મે**

**ન બન્ધુર્ન મિત્રં ગુરુર્નૈવ શિષ્યઃ, ચિદાનન્દરૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્**

'મને મૃત્યુનો ભય નથી, કે નથી જાતિના કોઈ ભેદ. મારે કોઈ પિતા નથી, નથી કોઈ માતા કે નથી મારો જન્મ. હું કોઈનો બંધુ નથી, નથી કોઈનો મિત્ર, નથી ગુરુ કે નથી શિષ્ય. હું તો માત્ર ચૈતન્ય અને આનંદસ્વરૂપ શિવ છું.'

ભારતના ચાર ખૂણે ચાર જ્યોતિર્મય મઠોની સ્થાપના કરનાર શંકરાચાર્યના જીવનમાં અનેક વિલક્ષણ પ્રસંગો આવ્યા. આદિ શંકરાચાર્ય કાશીના મણિકર્ણિકા ઘાટ પર ગંગા સ્નાન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં તેમની સામે ચાર કૂતરાઓ સાથે એક ચાંડાલ (અંત્યજ) આવ્યો. શારીરિક શુદ્ધતા અને સામાજિક માન્યતાને કારણે શંકરાચાર્યે ચાંડાલને પોતાના રસ્તામાંથી ખસી જવા કહ્યું. ત્યારે ચાંડાલ રૂપે આવેલા ભગવાન શિવે પૂછ્યુંઃ 'તમે કોને ખસી જવા કહો છો? શરીરને કે આત્માને? તમારું અને મારું બંને શરીર પાંચ મહાભૂતોથી બન્યું છે અને જો આત્માની વાત હોય, તો એ તો સર્વત્ર સમાન અને શુદ્ધ છે.' આ ગહન જ્ઞાન સાંભળીને શંકરાચાર્ય સ્તબ્ધ થઈ ગયા અને તેમને સમજાઈ ગયું કે આ ચાંડાલ સાક્ષાત્ ભગવાન શિવ છે અને ચાર કૂતરાઓ ચારેય વેદના છે. આ અનુભવ પછી શંકરાચાર્યે પાંચ શ્લોકો રચ્યા જેને 'મનીષા પંચકમ' કહે છે.

'જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણેય અવસ્થાઓમાં જે ચૈતન્ય નિરંતર સ્ફુર્યા કરે છે, તે જ હું છું. આવી દ્રઢ અનુભૂતિ જેની પાસે છે, તે ચાંડાલ હોય તો પણ મારો ગુરુ છે.'

નિત્યક્રમ અનુસાર એક ગરીબ વિધવાના આંગણેથી ભિક્ષામાં માત્ર એક શુષ્ક આમળું મળતાં, શંકરના હૃદયમાં કરુણાનો અતિરેક થયો અને તેમણે 'કનકધારા સ્તોત્ર' રચીને મહાલક્ષ્મીને પ્રાર્થના કરીઃ

'હે મા લક્ષ્મી! જે દ્રષ્ટિ ઈન્દ્ર પદ આપવા સમર્થ છે, તે દ્રષ્ટિ દીન અને દરિદ્ર ભક્ત પર પણ વર્ષાવો.'

કાશીની પવિત્ર ગલીઓમાં વ્યાકરણના શુષ્ક સૂત્રો ગોખતા એક વૃદ્ધને જોઈને તેમને પ્રતીતિ થઈ કે માણસ મરણપથારીએ પણ શબ્દોની માયાજાળમાં જ ફસાયેલો રહે છે. આ ઘટનાએ તેમના મુખેથી 'ભજ ગોવિંદમ'નો આક્રંદ સેરવ્યોઃ

'દિવસ અને રાત, સાંજ અને સવાર, શિયાળો અને વસંત આ બધું જ વારંવાર આવ્યા કરે છે. સમય પોતાની રમત રમે છે અને આયુષ્ય ક્ષીણ થતું જાય છે, છતાં મનુષ્યની આશાનો વાયુ હજુ શમતો નથી.'

આ મહાન સન્યાસીની વિદ્વત્તા ત્યારે વામણી સાબિત થઈ જ્યારે તેઓ પોતાની મરણાસન્ન માતા પાસે પહોંચ્યા. વચનબદ્ધ શંકરે સંન્યાસના કઠોર નિયમો તોડીને પોતાની યોગશક્તિથી જમણા હાથમાં અગ્નિ પ્રગટાવી માતાને મુખાગ્નિ આપ્યો. આ સમયે રચાયેલું 'માતૃપંચકમ'નું ગાનથી આજે પણ હૃદય દ્રવી ઉઠે છેઃ

'હે માં! તારા મરણ સમયે હું તને અંજલિનું જળ પણ ન આપી શક્યો, ન મેં શાસ્ત્રોક્ત વિધિથી તારું શ્રાદ્ધ કર્યું. તારી મુક્તિ માટે ન મેં કોઈ મંત્ર જપ્યા, ન કોઈ યજ્ઞમાં આહુતિ આપી. હે જનની! તારા આ સંન્યાસી પુત્રના સર્વ અપરાધોને ક્ષમા કર અને હવે પછી મને તારી કૂખે જન્મ લેવો ન પડે (એટલે કે મને મુક્તિ મળે) તેવી કૃપા કર.'

આ પંક્તિઓમાં જગદગુરુ પોતાની માતા સામે એક અસહાય અને પશ્ચાતાપ કરતા બાળક બનીને ઊભા છે.

શંકરાચાર્યની ભક્તિ એ શુષ્ક જ્ઞાનની વિરુદ્ધનો વિદ્રોહ છે. 'શિવ અપરાધ ક્ષમાપન સ્તોત્ર' દ્વારા તેમણે પોતાના અહંકારને ઓગાળીને ઈશ્વર સમક્ષ સંપૂર્ણ સમર્પણ કર્યુંઃ

કરચરણ કૃતં વાક્કાયજં કર્મજં વા શ્રવણનયનજં વા માનસં વાપરાધમ્ વિહિતમવિહિતં વા સર્વમેતત્ક્ષમસ્વ જયજય કરુણાબ્ધે શ્રીમહાદેવ શમ્ભો

'હે મહાદેવ! મારા હાથ, પગ, વાણી કે શરીર દ્વારા, આંખ કે કાન દ્વારા અથવા મન દ્વારા જે કંઈ અપરાધ થયા હોય, તે સર્વને આપની ક્ષમાના સાગરમાં વિસર્જિત કરી દો.'

માત્ર ૩૨ વર્ષના અલ્પકાળમાં પોતાનું કાર્ય પૂર્ણ કરી, કેદારનાથના બરફીલા શિખરોમાં અદૃશ્ય થતા પહેલા તેઓ મનુષ્યજાતિ માટે એક અભેદ સત્ય મૂકી ગયા 'બ્રહ્મ સત્યં જગત મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાપરઃ' (બ્રહ્મ સત્ય છે, જગત ભ્રમ છે અને જીવ એ બીજું કંઈ નહીં પણ બ્રહ્મ જ છે).

તેમનો અંતિમ સંદેશ અત્યંત લાગણીસભર અને ગૂઢ છેઃ જીવનના અંતિમ શ્વાસ સુધી જ્ઞાનની શોધ ચાલુ રાખવી, પણ હૃદયમાં ભક્તિનો દીવો અખંડ બળતો રાખવો. જે દિવસે મનુષ્ય પોતાના ભીતરના 'શિવ'ને ઓળખી લેશે, તે જ દિવસે શંકરાચાર્યનો આ આધ્યાત્મિક પરિશ્રમ સાર્થક થશે અને તેમનો 'શિવોઽહમ્'નો નાદ અનંતકાળ સુધી ગુંજતો રહેશે. ■

# શ્રદ્ધા એ ઈર્ષ્યાથી રહિત


ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

ગત અંકમાં મનની માન્યતાઓને મૂકીને શરણાગતિ સ્વીકારવાની વાત કરીને હવે ભગવાન કૃષ્ણ જ્ઞાનને જીવનમાં ઠરવા માટે બે અગત્યનાં પરિબળોની વાત કરે છે.

જ્ઞાન કોઈ દુકાનમાં મળતી વસ્તુ નથી કે પૈસા આપ્યા અને લઈ આવ્યા. જ્ઞાન તો ચેતનાનો પ્રકાશ છે. આ પ્રકાશ દરેક માણસને મળતો નથી. તેના માટે સાચું પાત્ર બનવું પડે. તેમાં જ આ જ્ઞાન ઠરી શકે છે. આ જ્ઞાનને ઠરવા માટે ગીતા બે પરિબળો બતાવે છે. જે વ્યક્તિમાં શ્રદ્ધા હોય અને જેમાં ઈર્ષ્યાનો ઝેર ન હોય, એ જ વ્યક્તિ જ્ઞાનનું સાચું પાત્ર બને છે.

શ્રદ્ધા એટલે જીવનની સૌથી મોટી શક્તિ. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં શંકા લાંબા સમય સુધી ટકી શકતી નથી. શ્રદ્ધાવાન માણસ શીખવા માટે ધીરજ રાખી શકે છે. તે જાણે છે કે સત્ય મોટું છે અને હું હજુ શીખવાનો છું. આ શીખવાની તૈયારી જ જ્ઞાનનાં દ્વાર ખોલે છે. અસ્થિર માણસ તરત રસ્તો બદલે છે, પરંતુ શ્રદ્ધાવાળો માણસ ટકે છે, અને લાંબા સમય સુધી ટકે તેને જ જ્ઞાન મળે છે.



ગીતામાં એક અદ્‌ભુત વાત કહેવામાં આવી છે – ''શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્'' ચ અર્થ ખૂબ સ્પષ્ટ છેઃ જ્ઞાન તેને મળે છે જેને શ્રદ્ધા છે. માત્ર બુદ્ધિ પૂરતી નથી. બુદ્ધિ ઘણીવાર તર્કમાં અટકી જાય છે, જ્યારે શ્રદ્ધા માણસને અનુભૂતિ સુધી લઈ જાય છે.

ચાલો, કોઈમાં શ્રદ્ધા હોય પરંતુ જ્ઞાનના માર્ગમાં બીજી એક મોટી અડચણ છે, ઈર્ષ્યા. ઈર્ષ્યા એ મનનો અંધકાર છે. જ્યાં ઈર્ષ્યા હોય ત્યાં શાંતિ રહેતી નથી. ઈર્ષાળુ માણસ બીજાના ગુણ જોઈ શકતો નથી. તે બીજાના પ્રકાશને જોઈને પોતે બળે છે.

ઈર્ષ્યા માણસને અંદરથી હીન બનાવી દે છે. તે બીજાની સિદ્ધિ જોઈને પ્રેરિત થતો નથી, પરંતુ અસ્વસ્થ થઈ જાય છે. આ અસ્વસ્થ મન જ્ઞાન ગ્રહણ કરી શકતું નથી. જ્ઞાન માટે મન નિર્મળ હોવું જોઈએ. જેમ સ્વચ્છ કાચમાં પ્રકાશ સ્પષ્ટ દેખાય છે, તેમ નિર્મળ મનમાં જ જ્ઞાનનો પ્રકાશ ઉતરે છે.

મહાન સંતો અને જ્ઞાનીઓના જીવનમાં એક વાત સામાન્ય જોવા મળે છે, તેઓ ઈર્ષ્યા રહિત હતા. તેઓ બીજાના ગુણ જોઈને આનંદ અનુભવતા. તેથી તેઓ સતત વિકસતા રહ્યા. જે માણસ બીજાના ગુણમાં આનંદ અનુભવે છે, તે જ સાચો શિષ્ય બની શકે છે અને જ્ઞાનને આત્મસાત કરી શકે છે.


વિચાર કરો, જો કોઈ માણસ બીજાના જ્ઞાનને જોઈને જ ઈર્ષ્યા કરે, તો તે શીખશે કેવી રીતે? જે માણસ બીજાને હરાવવાની ચિંતા કરે છે, તે ક્યારેય પોતાને સુધારવાની ચિંતા કરતો નથી. જ્ઞાનનો માર્ગ સ્પર્ધાનો નથી, વિકાસનો છે. જીવનમાં સાચા જ્ઞાની બનવું હોય તો બે જ કામ કરવા પડે, હૃદયમાં શ્રદ્ધાનો દીવો પ્રગટાવવો અને ઈર્ષ્યાનો અંધકાર દૂર કરવો. જ્યાં શ્રદ્ધા દીવો બનીને પ્રગટે છે ત્યાં વ્યગ્રતા અને ચંચળતા ઓગળી જાય છે. અને જ્યાં ઈર્ષ્યા દૂર થાય છે ત્યાં મન વિશાળ અને મુક્ત બની જાય છે. મોટું હૃદય જ જ્ઞાનને ધારણ કરી શકે. નાનું હૃદય માત્ર માહિતી જ ભેગી કરે છે. માહિતી મગજમાં રહે છે, પરંતુ જ્ઞાન હૃદયમાં ઉતરે છે. અને હૃદય ત્યાં જ ખૂલે છે જ્યાં શ્રદ્ધા હોય અને ઈર્ષ્યા ન હોય.

પ્રમુખ સ્વામી મહારાજ કહેતા કે જ્ઞાન માટે મોટી ડિગ્રીની જરૂરી નથી, મોટી બુદ્ધિ પણ જરૂરી નથી. જરૂરી છે, નમ્રતા, શ્રદ્ધા અને નિર્મળતા.

જે માણસ બીજાના ગુણ જોઈને આનંદ અનુભવે છે, જે વિનમ્રતાથી શીખવા તૈયાર રહે છે અને જેના મનમાં શ્રદ્ધા જીવંત છે, એ માણસ જ્ઞાનના માર્ગ પર ઝડપથી આગળ વધે છે. કારણ કે જ્ઞાનને ગર્વ નથી ગમતો, પરંતુ શ્રદ્ધા ખૂબ ગમે છે. વળી, જ્ઞાનને ઈર્ષ્યાનો ધુમાડો ગમતો નથી, તેને નિર્મળ હૃદયનું આકાશ ગમે છે.

મહંત સ્વામી મહારાજ પણ કહે છે કે શ્રદ્ધાનો સાથ હોય અને ઈર્ષ્યાનો ત્યાગ હોય, ત્યારે જ હૃદય જ્ઞાન માટે ખુલ્લું બને છે. ઈર્ષ્યા છોડતાં જ મન હળવું થઈ જાય છે, અને શ્રદ્ધા આવતાં જ જીવન પ્રભુમાં વિશ્વાસ રાખી આગળ વધવા લાગે છે. વળી, શ્રદ્ધા ધૈર્યને જન્મ આપે છે અને ઈર્ષ્યાનો ત્યાગ મનને શુદ્ધ અને પવિત્ર રાખે છે. આ ધૈર્ય જ્ઞાન શીખવા માટે લાંબા સમય સુધી સાથ નિભાવે છે, અને મનની પવિત્રતા દરેક જ્ઞાનને સંગ્રહી રાખે છે.

આમ, શ્રદ્ધા સહિત અને ઈર્ષ્યા રહિત વ્યક્તિ જ જ્ઞાન માટે સાચું અને યોગ્ય પાત્ર બને છે. ■




**જય, તું કારણ વગર મારા પર ગુસ્સો કરે છે. મેં બધું પપ્પાને સોંપી દીધું છે. હવે તમે જાણો ને પપ્પા જાણે... મને શાંતિથી રહેવા દો તો ઠીક. નહીંતર,હું આ ઘર છોડીને બીજે રહેવા ચાલી જાઉં!**

'મને મસ્તી સુઝતી હતી. મેં જાણી જોઈને મોડું કર્યું.'

મને ખબર હતી કે જય મારા પ્રશ્નથી ચીડાશે તે છતાં મેં પૂછ્યું. 'જય ભાઈ કેમ છો?' પપ્પાએ નવાઈથી મારી સામે જોયું. મમ્મીને પણ આશ્ચર્ય થયું. જયે ગુસ્સાથી મારી સામે જોતાં કહ્યું.

'પપ્પા આ છોકરીને સમજાવી દો કે મને અત્યારે ગુસ્સે ન કરે. નહીંતર હું તમારી સામે જ આને મારી બેસીશ.'

હું પપ્પા સામે જોઈને હસી. જયનો છોકરો મારી બાજુમાં બેઠો હતો. મેં તેની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું, 'બીટુ તારા ડેડી વાત વાતમાં ગુસ્સે થઈ જાય છે. તુમ તો નહીં હોગે ના?' એ નિર્દોષ છોકરો મારી સામે જોઈને હસ્યો.

જયે તેને ઊંચકીને પોતાની બાજુવાળી ખુરશી પર બેસાડી દીધો. મને ખરેખર શરારત સુઝતી હતી. મેં ત્યાં ડીશમાં રાખેલા પાપડમાંથી ટુકડો તોડતાં જય સામે જોઈને કહ્યું, 'જય, તું કારણ વગર મારા પર ગુસ્સો કરે છે. મેં બધું પપ્પાને સોંપી દીધું છે. હવે તમે જાણો ને પપ્પા જાણે. મને શાંતિથી રહેવા દ્યો. જો તમે ઈચ્છતા હો તો હું આ ઘર છોડીને બીજે રહેવા ચાલી જાઉં.'

'સંજય શા માટે ઘર છોડીને ચાલ્યો ગયો એનો જવાબ જોઈએ મને.'

'એ તું એને પૂછ. કમસે કમ મને ખબર નથી.' મેં ઉડાઉ જવાબ આપ્યો.

'એ ચાલ્યો ગયો નથી. એને યુક્તિપૂર્વક કાઢવામાં આવ્યો છે. મને આજે ફેંસલો જોઈએ.'

'શેનો ફેંસલો જય?' મારી મમ્મીએ પૂછ્યું.

'અમારી મિલકતનો. જેના પર અમારો કાયદેસરનો હક થાય છે.'

'એવા ફેંસલા આમ ઝઘડા કરીને ન થાય જય. તમે પહેલા પણ કોર્ટમાં જઈ ચૂક્યા છો. બીજી વાર જવું હોય તો છુટ છે. જો મિલકત જોઈતી હોય તો સભ્યતા શીખો. હું કેટલાંય વર્ષોથી જોતી આવી છું કે તમે વાત વાતમાં દાદાગીરી કરો છો. શું સમજો છો તમે?'

મમ્મીના અવાજમાં જુદો રણકો હતો. જયે મમ્મી સામે કતરાતી આંખે જોયું. એ કદાચ એ નક્કી ન કરી શક્યો કે પોતાની દાઝ કોના પર કાઢવી. જયે કહ્યું, 'મમ્મી એક દિવસમાં જ પાવર આવી ગયો? હજુ તો તમે માત્ર મેનેજર બન્યા છો. તે પણ પપ્પાની મહેરબાનીથી. અમે બેય ભાઈઓ જે વિચારતા હતા તે સાચું હતું. મમ્મી સંજય પહેલા તમારા વિશે કહેતો હતો ત્યારે મને વિશ્વાસ નહોતો આવતો પણ આજે સમજાય છે કે તમે શું છો અને તમારા ઈરાદા શું છે. આ ચાલાક છોકરી તમારા ખભે બંદૂક રાખીને નિશાન લઈ રહી છે.'

'જય તારે ફેંસલો જોઈએ છે ને? ચાલ સંજયને ફોન કરીને બોલાવી લે. હું ફોન કરીશ તો એ નહીં આવે.'

'પપ્પા તમને વિશ્વાસ કેમ નથી આવતો એના પર? મારો ભાઈ ભોળો છે અને તમે મારી ગેરહાજરીમાં એને ઘરમાંથી બહાર કાઢ્યો છે.'

'તો હું એને લેવા જાઉં? હાથ જોડીને વિનંતી કરું કે ભાઈ પાછો આવ. પપ્પાએ જરા ઊંચા અવાજે કહ્યું.

'કેમ એ તમારો દીકરો નથી? જે ઘર કાયદેસર અમારું છે તેમાં રહેવા માટે તમારી મહેરબાની માગવી પડે એવા દિવસો શા માટે આવ્યા, કોના કારણે આવ્યા તે અમને નહીં સમજાતું હોય શું? આ છોકરી અહીં આવી ત્યારથી અમે તમારા માટે ઓરમાન બની ગયા છીએ.'

મને જયના શબ્દોમાં લાગણી ઘવાયાની પીડા દેખાઈ. ખબર નહીં શા માટે પણ મને જય પર વહાલ જાગ્યું. મેં કહ્યું, 'જય, તમને બેય ભાઈઓને એમ લાગતું હોય તો હું ખસી જવા તૈયાર છું. હું મારો રસ્તો કરી લઈશ. તું સંજયને ફોન કરીને બોલાવી લે. હું જ પપ્પાને કહું છું કે એ મિલકતમાંથી તમને જે જોઈએ તે આપે.'

'એ કદાપી નહીં બને.' મમ્મી ગર્જી.

મેં માત્ર મમ્મી સામે જોયું. તેની આંખોમાં જે ભાવ હતા તે તેની અદાકારી નહોતી. સૌથી વિચિત્ર હાલત પપ્પાની હતી. તે મમ્મીને અટકાવી શકે તેમ ન હતા. ટેબલ પર જમવાનું પીરસાઈ ગયું હતું. સૌથી પહેલા મેં મારી ડીશમાં નાખ્યું. મને વિચાર આવ્યો, પપ્પાને અત્યારે મારી સગી મમ્મી યાદ આવતી હશે કે કમળામા યાદ આવતા હશે. જય જુદું વિચારતો હતો એટલે તે મમ્મીને બદલે મારી સામે જોઈને બોલ્યો, 'મમ્મીને જવાબ આપ સોનલ. એમને પૂછ કે શા માટે એવું નહીં બને?'

મને લાગ્યું કે મારે હવે કોઈ નક્કર વાત કરવી જ પડશે. મેં પણ એટલા જ વજનથી કહ્યું, 'જય, મમ્મી માલિક નથી. શું બને અને શું ન બને તે નક્કી કરવાના હક એમના નથી. તું પહેલા સંજયને અહીં બોલાવ. હું બધા રસ્તા ખુલ્લા કરી નાખું.'

મારા શબ્દોથી હર્ટ થઈ ગઈ હોય તેમ મમ્મીએ સ્ત્રી ચરિત્ર શરૂ કર્યું. તેની અંદરની અભિનેત્રી બહાર આવી ગઈ, 'અચ્છા આજે મને સમજાયું કે આ ઘરમાં મારું શું સ્થાન છે. મેં પહેલા પણ કહ્યું છે અને આજે ફરીથી કહું છું કે મેં મારું સ્ત્રીત્વ જે પુરુષ પાછળ દાવ પર લગાવ્યું છે તેને અન્યાય થાય એ સહન નહીં કરી શકું.'

મેં મમ્મીના શબ્દોની પરવા કર્યા વગર કહ્યું, 'જય, તું સંજયને ફોન કર. હમણાં જ આવે અને એકલો નહીં ભાભી અને છોકરાને લઈ આવે. હું આ ઘરમાંથી નીકળી જાઉં તે પછી તમને જે કરવું હોય તે કરજો. પપ્પા તમે આજે કંઈ બોલતા નહીં હું જે કરું તમે મને અટકાવતા નહીં. જય તું ફોન કર.'

આવું કહીને હું ચુપચાપ ખાવા લાગી. મેં તેને ઉશ્કેરી નાખી હતી. તેણે પપ્પાને કરડા અવાજે કહ્યું, 'શું તમે ચૂપ બેઠા છો? આ લોકો જે ઠીક લાગે છે તે બોલ્યે જાય છે અને તમે સાંભળ્યા કરો છો?'

'જુઓ પપ્પા આજે તમે મારી સાથે નહીં રહો તો હું તમને ક્યારેય માફ નહીં કરું. તમારા કારણે જ હું કારણ વગર હેરાન થઈ છું.' મેં ઈમોશનલ પાસો ફેંક્યો.

અચાનક જુદું જ બન્યું. પપ્પાએ મારી સામે જોયું પછી મમ્મી સામે જોયું. તેમની આંખોનો રંગ બદલાયો. તેમણે જરા ઊંચા અવાજે કહ્યું, 'સોનલ મેં તને ક્યારે હેરાન કરી? ખરેખર તો તારા કારણે હું હંમેશાં હેરાન થયો છું. તારે અહીં રહેવું હોય તો રહે નહીંતર, તું પણ ચાલી જા.' મને કલ્પનાય નહોતી કે મારા પપ્પા આવું બોલે. મને લાગ્યું કે મારે હવે શા માટે મારા પપ્પાનીય પરવા કરવી જોઈએ? જે એક સ્ત્રીની સામે એટલો મજબૂર થઈ ગયો છે કે સગા દીકરાનું પણ વિચારતો નથી. મારા મોંમાંથી કડવા શબ્દો નીકળી ગયા, 'મારા કારણે તમે હેરાન થયા એમ? તો કોણે તમને કહ્યું હતું કે અમને મા દીકરીને અહીં લઈ આવજો? તમે મારી માની જિંદગી બગાડી. પપ્પા હું ચોક્કસ જાણતી નથી, પણ મને શંકા છે કે મારી મમ્મી પડી જવાથી મરી નથી, કોઈએ એને મારી નાખી છે. મારી મમ્મી કોને આડી આવતી હતી, કોને દુશ્મન લાગતી હતી એ સ્પષ્ટ છે. મહેરબાની કરી મને બોલાવો નહીં.'

મારી વાત સાંભળીને મારી મમ્મી એકદમ ઊભી થઈ ગઈ. સભ્યતાના બધા જ આવરણ તેણે ફેંકી દીધા. તે મારી સામે જોરથી બરાડી, 'શટ અપ યુ નોનસેન્સ. તારું કહેવું એમ છે કે મેં તારી માને મારી નાખી એમ?'

ખબર નહીં કેમ પણ મને તેની ગાળ કાળજે લાગી ગઈ. મેં પણ હું કોણ છું, ક્યાં છું તેની પરવા કર્યા વગર ઘાંટો પાડ્યો, 'યુ શટ અપ એન્ડ માઈન્ડ યોર લેન્ગ્વેજ અધરવાઈઝ હું ભૂલી જઈશ કે તમે મારા કોણ છો...'

'તું મારી કોઈ જ નથી. ક્યારેય નહીં હોય બોલ. મેં મારી કેરીયર ખતમ કરી નાખી આ સાંભળવા માટે? તેં મારા પર આક્ષેપ નાખી જ દીધો છે તો હવે સાંભળી લે. હું આ ઘરની માલિક છું. જે વસિયતને કારણે તું કૂદી રહી છો તે વસિયત કરનાર મણિરામ ઝવેરીની પુત્રવધૂ છું. તારે જે કરવું હોય તે કરી લે. તું કોના ઈશારે રમે છે તેની મને ખબર છે. અત્યાર સુધી હું ચૂપ રહી છું, હવે નહીં રહું. સોનલ તું મારી સામે પડવાની હિંમત ન કરતી હારી જઈશ.'

હું મીનાક્ષી મમ્મીની આંખો જોઈ રહી. સાંજથી નક્કી કર્યું હતું કે જે પણ થાય આ લોકોની સામે હાર નથી માનવી. મેં પણ સામે ચોડ્યું, 'આ બન્ને ભાઈ સાચું કહેતા હતા. તમે જે ઈરાદાથી આ ઘરમાં પગ મૂક્યો હતો તે હવે તમારા મોઢામાંથી નીકળી રહ્યું છે. મને લાગે છે હવે મારે તમને તમારી હદ બતાવવી પડશે. અત્યાર સુધી અન્યાય સહન કર્યો. તમારે મારી સાથે તમીજથી વાત કરવાની, હું તમારી નોકર નથી.' એટલું કહી હું જમવાના ટેબલ ઉપરથી ઊઠી ગઈ. જય કંઈજ ન બોલ્યો તેનું મને આશ્ચર્ય થયું. હું મારા રૂમમાં જઈ કપડાં ચેન્જ કર્યા, મારી ગાડીની ચાવી લીધી અને સીધી એક રેસ્ટોરાં પાસે ઊભી રાખી. એ રેસ્ટોરાં મારી પ્રિય જગ્યા છે. હું છેડાના ટેબલ પર બેઠી. ઓર્ડર આપતાં પહેલા મેં રત્નાકરજીને ફોન કરી આવવાનું કહ્યું અને ઘરમાં જે થયું તે બધું કહી નાખ્યું. મને નવાઈ લાગી કે રત્નાકરજી મારી વાત સાંભળીને જરા હસ્યા અને કહ્યું, 'તારે આ વહેલું કહેવાની જરૂર હતી બેટા. પણ બહુ સારું કર્યું.'

વીસેક મિનિટ પછી રત્નાકરજી આવ્યા. તેમના મોં ઉપર હંમેશ કરતા જુદી જાતનો આનંદ મને દેખાયો. થોડીવાર પહેલા ઘરમાં ઘટેલી ઘટનાથી વ્યગ્ર થયેલું મારું મન રત્નાકરજીના આવવાથી શાંત થઈ ગયું.. રત્નાકરજી અને મેં ઘણી વાતો કરી. મેં મારો નિર્ણય જણાવી દીધો કે કાલે પપ્પાને આપેલું પાવરનામું પાછું ખેંચી લેવું, મકાન પપ્પાના નામે કરી દેવું. મારા માટે બીજું મકાન શોધવું. સંજય અને જયને કુલ મિલકતનો અડધો હિસ્સો આપી દેવો. અમે નિરાંતે ચર્ચા કરતા હતા. મને એવું લાગ્યું કે એન્ટ્રી પાસેના ટેબલ ઉપર બેઠેલા બે જણમાંથી એક સતત મને તાકી રહ્યો છે. મેં આ વાત રત્નાકરજીને કહી તો એમણે કહ્યું, 'બેટા તું ખાવામાં ધ્યાન આપ. હું અહીં એટલે જ આવ્યો છું. આજથી તારે એલર્ટ રહેવાનું છે.'

મને રત્નાકરજીના પગ પકડી લેવાનું મન થયું. એ માણસ મારું કેટલું બધું ધ્યાન રાખતો હતો. અમે ખાસ્સા બે કલાક બેસી રહ્યા. તેમણે મને પુછ્યું, 'પપ્પાને પાવરદાર બનાવ્યા, હવે જો તમે ફરી સત્તા પાછી લઈ લેશો તો સ્ટાફમાં તમારું ખરાબ નહીં લાગે?'

'ભલેને લાગે. મને એની ચિંતા નથી. દાદાજી હવે માત્ર મારો હુકમ ચાલશે.'

'તારું આ રૂપ મને ગમ્યું બેટા. તારામાં મણિરામની ખુમારી જોઈ રહ્યો છું.'

અમે બહાર આવ્યા. અચાનક મારું ધ્યાન ગયું કે મારી કારની બાજુમાં એ જ બ્લ્યુ કાર ઊભી હતી જેની સાથે મારી કાર અથડાતા બચી ગઈ હતી. મારો ચહેરો તંગ થઈ ગયો. મારો ચહેરો વાંચી ગયેલા રત્નાકરજી બોલ્યા, 'તું સરળ છો એટલે અટપટી વાતો તને તરત નથી સમજાતી આ કાર સંજયના મિત્રની છે. હું તારી સાથે હતો એ વાત આજે તારી ફેમિલીમાં ચર્ચાશે. તને સલામત રાખવાનો મારા મિત્રને આપેલો વાયદો પૂરો કરવાનો સમય આવ્યો છે. હવે શાંતિથી ઘરે જા. કાલે શું કરવું તે તારા ઈશ્વરને સાક્ષી રાખી વિચારજે.' (ક્રમશઃ)■




ઉમેશ ત્રિવેદી
feedback@bombaysamachar.com

# સોમનાથ મંદિર

## પ્રથમ જ્યોતિર્લિંગઃ સાત સાત વાર પુનર્નિર્માણ પામી અડીખમ ઊભું છે



ગુજરાતમાં સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલું સોમનાથ મંદિર એ ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગમાંનું પ્રથમ જ્યોતિર્લિંગ છે. સોમનાથનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ જોવા મળે છે. આ મંદિર પર અનેક વાર હુમલા થયા અને ત્યાં લૂંટફાટ થઇ તથા મંદિર તોડી પડાયા પછી પણ આ મંદિર અડીખમ ઊભું છે. તેનું કારણ એ છે કે સાત-સાત વાર તેનું પુનર્નિર્માણ થયું છે અને તે ભક્તોની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે.

દંતકથા મુજબ, સોમ એટલે કે ચંદ્ર ભગવાને સોનાનું, રાવણે ચાંદીનું અને શ્રીકૃષ્ણે ચંદનના લાકડાનું મંદિર અહીં બનાવ્યું હતું. પુરાણોમાં આ વાતનો ઉલ્લેખ છે કે ચંદ્રદેવને ૨૭ પત્નીઓ હતી તે બધી દક્ષરાજાની પુત્રીઓ હતી. તેમાંથી રોહિણીને ચંદ્ર વધુ પ્રેમ કરતા હતા અને બાકીની ૨૬ પત્નીઓ સાથે ઓછો સમય વિતાવતા હતા. પતિ વિયોગને કારણે આ ૨૬ પત્નીઓ ઉદાસ રહેવા લાગી. આ વાતની દક્ષને જાણ થઇ તો તેમણે જમાઇ ચંદ્રને આજ્ઞા કરી કે તે બધી પત્નીઓને એક સરખો સમય આપે. પણ ચંદ્રદેવે તેમની આજ્ઞા અવગણી. આથી દક્ષ રાજાએ શ્રાપ આપ્યો કે, ચંદ્ર તારો ક્ષય થાય.

આ શ્રાપને કારણે ચંદ્રદેવ ક્ષીણ થવા લાગ્યા, ત્યારે તેમણે પ્રજાપિતા બ્રહ્માની સલાહથી આ સ્થાને પોતાનું રૂપ પાછું મેળવવા આ સ્થળે પ્રભુ શિવનું ધ્યાન દોર્યું અને ઘોર તપસ્યા કરી, આથી પ્રસન્ન થયેલા શિવજીએ ચંદ્રને શ્રાપમાંથી મુક્તિ અપાવી, તેથી શિવજીની કૃપાથી ૧૫ દિવસ ચંદ્રનું તેજ વધતું જોવા મળે છે અને ૧૫ દિવસ ઘટે છે. આ ઉપરાંત શિવે તેમને માથા પર પણ સ્થાન આપ્યું ત્યારે ચંદ્રદેવે અહીં શિવલિંગની સ્થાપના કરી અને સોનાનું મંદિર બનાવ્યું. તેથી તે સોમનાથ રૂપે ગણાયું.

મધ્યકાલીન યુગમાં સોમનાથનું પહેલું મંદિર ૨૦૦૦ વર્ષ પહેલાં બંધાયું હતું એમ કહેવાય છે. ત્યાર પછી સન ૬૩૯માં વલ્લભી વંશના શાસક રાજા મૈત્રકે પહેલાં મંદિરનો જિર્ણોદ્ધાર કરીને એનાં સ્થાને બીજું મંદિર બનાવ્યું. પરમારોના એક શિલાલેખ મુજબ માળવાના ભોજ પરમારે અહીં મંદિર બંધાવ્યું હતું જે ૧૩ માળ જેટલું ઊંચું હતું. મંદિરના દ્વાર હીરાજડિત હતા, તેના પર ૧૩ સુવર્ણ કળશ હતા. તેની ઊંચે ફરકતી ધજાથી નાવિકોને દિશા મળતી હતી. ઇ. સ. ૭૫૫માં વલ્લભ સામ્રાજ્યના પતન સાથે આરબોએ આક્રમણ કર્યું અને સોમનાથને ધ્વસ્ત કર્યું. સિંધના આરબ શાસક જૂનાયદે સૈનિકોની મદદથી મંદિર તોડી પાડ્યું હતું અને લૂંટ ચલાવી હતી. પ્રતિહાર રાજા નાગભટ્ટે બીજાએ ૮૧૫માં ત્રીજી વખત લાલ પથ્થર વાપરી મંદિરનો જિર્ણોદ્ધાર કર્યો.

૧૦૨૫ની સાલમાં મહમદ ગઝનવીએ પ્રભાસનો મજબૂત કિલ્લો હિન્દુઓ સાથેના આઠ દિવસ ચાલેલા લોહિયાળ જંગ પછી તોડી પાડ્યો હતો. રાજા ભીમદેવ પહેલા હાર્યા, ત્યારે ૫૦ હજાર જેટલા હિન્દુઓની કતલ કરવામાં આવી હતી. ગઝનવીએ મહાદેવજીની પાંચ ગજ ઊંચી અને બે ગજ ઊંચી પ્રતિમા તોડવા માંડી ત્યારે શિવભક્ત ભૂદેવ (બ્રાહ્મણો) તે સમયે રૂપિયા પાંચ કરોડ આપવાની તૈયારી બતાવી પણ ગઝનવીએ કહ્યું કે મને રૂપિયા લેવા કરતાં મૂર્તિ તોડવામાં વધુ મજા પડે છે. શિવલિંગના ટુકડે ટુકડા કરી તે પોતાની સાથે લઇ ગયો અને ત્યાં મસ્જિદના પ્રવેશદ્વારના પગથિયાની નીચે તેમને દાટી દીધા તેથી મુસલમાનો તેનાં પર પગ મૂકીને અપમાનિત કરીને પ્રવેશ કરતા હતા.

૧૦૨૬થી ૧૦૪૨ના સમયમાં માળવાના પરમાર રાજા ભોજ તથા અણહિલવાડ પાટણના રાજા ભીમદેવે ચોથા મંદિરનું નિર્માણ કર્યું તે જિર્ણ થતાં ૧,૧૬૯માં સમ્રાટ કુમારપાળે મંદિરની પુનઃરચના કરાવી. આ પછી ૧૨૦ વર્ષે સન-૧૨૯૯ની સાલમાં દિલ્હી સલ્તનતે ગુજરાત પર કબજો જમાવ્યો ત્યારે અલાઉદ્દીન ખીલજીના સેનાપતિ ઉલુઘખાને શિવલિંગના ટુકડે - ટુકડા કરી નાખ્યા અને તે ટુકડા દિલ્હી લઇ ગયો.

આ વિનાશ પહેલાં ૧૧મી સદીમાં સોમનાથની સમૃદ્ધિ કેટલી વિપુલ હતી તેનો ઉલ્લેખ મળે છે. આ પવિત્ર સ્થળમાં સોનાની ઘંટડીઓ ઝૂલતી હતી. ૫૬ જેટલાં સાગના સ્તંભો પર રાજા રાજવીઓના નામ, ઇતિહાસ અને ખજાના ભર્યા હતા. મંદિરના ભોંયરામાં રત્નો અને સોનાના ભંડારો હતા. આ બધું સાંભળીને જ મુગલો અહીં લૂંટ ચલાવવાના ઇરાદે આવતા હતા અને કત્લેઆમ કરતા હતા. ઉલુઘખાનના આક્રમણ પછી મંદિર વેરાન બની ગયું.

એ પછી રા'નવઘણ ચોથાએ અહીં ફરી લિંગની સ્થાપના કરી. રાજા મહિપાળ દેવે ૧૩૦૮થી ૧૩૨૫ વચ્ચે મંદિરનો જિર્ણોદ્ધાર કર્યો, પણ માત્ર ૭૦ વર્ષ પછી ૧૩૯૪-૯૫માં ગુજરાતના ધર્માંધ સુલતાન મુઝફ્ફરખાને ફરી અહીં વિનાશ વેર્યો અને લૂંટ ચલાવી. ત્યાર પછી ૧૪૫૧માં રા'માંડલિકે પુનઃ નિર્માણ કર્યું. ૧૫મી સદીમાં મસ્જિદ બનાવી. ૧૫૬૦માં અકબરે આ જગ્યા હિન્દુઓને સોંપી અને ફરી પુનરોદ્ધાર થયો. ૧૭૦૬માં ઔરંગઝેબે મંદિરના સર્વનાશનો આદેશ આપ્યો અને ફરીથી મંદિર તોડી પડાયું. ૧૭૮૭માં મહારાણી અહિલ્યાબાઇએ પુનર્નિર્માણ કરાવ્યું. પરિણામે અહીંના પરિસરમાં રાણી અહિલ્યાબાઇનું મંદિર પણ છે.

ભારતના લોખંડી પુરુષ અને નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલે મૂળ સ્થાન પર સાતમી વાર પુનર્નિર્માણ કર્યું. ૧૧મે ૧૯૫૧ના મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા થઇ. સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું. ચાલુક્ય શૈલીથી બંધાયેલા આજના સોમનાથ મંદિરમાં 'કૈલાશ મહામેરુ પ્રાસાદ મંદિર' એ ગુજરાતના સોમપુરા કારીગરોની કલાનું અદ્ભુત સ્થાન છે. મૂળ મંદિર ત્રિકૂટાચલ પ્રકારનું હતું, પણ છેલ્લાં ૮૦૦ વર્ષમાં આ પ્રકારનું નિર્માણ થયું નથી. ■




મુકેશ પંડ્યા
feedback@bombaysamachar.com


# ગુરુકુળ પદ્ધતિનો નાશ કરવામાં આવ્યો ન હોત તો ભારત આજે ખરા અર્થમાં વિશ્વગુરુ હોત

ભારતમાં અઢારમી સદીમાં અંગ્રેજોની ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ કબજો જમાવ્યો તેનું મુખ્ય કારણ હતું ભારતની સમૃદ્ધિ અને જાહોજલાલી. આજે આપણે ભારતને આત્મનિર્ભર બનાવવાની વાતો કરીએ છીએ, પરંતુ એ સમયે ભારત ખરા અર્થમાં આત્મનિર્ભર હતું. કૃષિપ્રધાન આ દેશમાં અનાજ અને મરીમસાલાઓની રેલમછેલ હતી તો પશુપાલન ક્ષેત્રે ગાયને માતા સમાન મહત્ત્વ આપતા આ દેશમાં દૂધ, ઘીની નદીઓ વહેતી હતી. સુતરાઉ અને રેશમી વસ્ત્રોના ઉત્પાદનમાં પણ ભારત અગ્રેસર હતું, તો રહેઠાણ માટેના બાંધકામ બાબતે પણ સ્વનિર્ભર હતું. હજારો વર્ષ પૂર્વે ભારતમાં બંધાયેલા ઘરો, મંદિરો, મહેલો, કિલ્લાઓ આજે પણ અનેક ગરમી, ઠંડી, વરસાદ, વીજળી, વાવાઝોડા કે ધરતીકંપની ઝીંક ઝીલીને અડીખમ ઊભા છે. આમ રોટી, કપડા ઔર મકાનની મૂળભૂત જરૂરિયાતો બાબતે ભારતને વિદેશ પર આધાર રાખવો પડતો ન હતો અને એટલે જ ભારતને ક્યારેય ભૌતિક સમૃદ્ધિ મેળવવા અન્ય દેશો પર હુમલા કરવા નથી પડ્યા. ઊલટાનું ભારતની જ અનેક પ્રકારની ભૌતિક સમુદ્ધિથી ધરાઈ જઈને હવે લોકોની આધ્યત્મિક ભૂખ પણ વધી રહી હતી. આ ભૂખને કારણે ભારતે આધ્યાત્મિક ક્ષેત્રે પણ ઘણો વિકાસ કર્યો. ભારતની આ ભૌતિક અને આધ્યાત્મિક એમ બન્ને પ્રકારની પ્રગતિથી અંજાઈને અંગ્રેજો પહેલા પણ ઘણા વિદેશીઓ જેવા કે હૂણ, ડચ, મુસ્લિમો ભારતમાં પ્રવેશીને લૂંટફાટ કરી ચૂક્યા હતા.

જોકે, અંગ્રેજોએ જે નીતિ અપનાવી એ ભારતની શિક્ષણપદ્ધતિ માટે મરણતોલ ફટકો સાબિત થયો.

ઇંગ્લેન્ડમાં પ્રથમ શાળા ઈ.સ. ૧૮૧૧માં ખોલવામાં આવી હતી. તે સમયે ભારતમાં સાત લાખથી પણ વધુ ગુરુકુળ હતાં. એટલે કે ભારતના દરેક ગામડા દીઠ લગભગ એક ગુરુકુળ કે પાઠશાળા હતી. ગુરુકુળ શિક્ષણપદ્ધતિ એટલે આજના જમાનાની શાળા કમ હૉસ્ટેલ. બોર્ડિંગ શાળા. ભારતની આ ગુરુ- શિષ્યશિક્ષણ પરંપરાએ અનેક શિસ્તબદ્ધ અને સંસ્કારી વિદ્વાનો પેદા કર્યા હતા. કોઈ પણ એવી વિદ્યા ન હતી જે ભારતમાં ન શીખવાડવામાં આવી હોય.

અગ્નિવિદ્યા (ધાતુશાસ્ત્ર), વાયુવિદ્યા,જળવિદ્યા (પાણી)
અંતરીક્ષવિદ્યા, પર્યાવરણ,
સૂર્યવિદ્યા, ચંદ્રવિદ્યા,
હવામાન, ઊર્જાવિદ્યા
ખગોળવિજ્ઞાન, ભૂગોળ,
કાળવિદ્યા (સમયનો અભ્યાસ), વૈદિક ગણિત અને ભૂમિતિ,


લોર્ડ મેકોલે

ભૂસ્તર વિજ્ઞાન, ધાતુ અને રત્નકામ, નૌકા અને વિમાન વિદ્યા,અગ્નાસ્ત્ર વિદ્યા,
જીવવિજ્ઞાન, યજ્ઞવિદ્યા, વ્યાપાર વાણિજ્ય,
કૃષિવિદ્યા, બાગાયતી, પશુપક્ષી પાલન,
કુંભારકામ, લુહારકામ, સુતારકામ, વણાટકામ,દરજીકામ, રંગકામ, સ્થાપત્યકળા, રસોઈકળા, વન વિદ્યા વગેરે વગેરે.

આ તમામ શિક્ષણ ગુરુકુળ પદ્ધતિમાં ભણાવવામાં આવતું હતું. જોકે, અંગ્રેજી કોન્વેન્ટ શિક્ષણના આગમનથી ભારતમાં ગુરુકુળોની પડતી શરૂ થઈ. મેકોલે નામના એક અંગ્રેજ ઈતિહાસકારે આમાં ભારત માટે ભૂંડી ભૂમિકા ભજવી. તેણે અહીં શિક્ષણ પ્રણાલીનો સર્વે કરાવ્યો હતો જેમાં ઘણાં બ્રિટિશરોએ ભારતની શિક્ષણ વ્યવસ્થા વિશે તેમના અહેવાલો આપ્યા હતાં. તેમાંથી એક બ્રિટિશ અધિકારી હતો જી. ડબ્લ્યુ. લ્યુથર અને બીજો હતો થોમસ મુનરો. બંનેએ જુદા જુદા સમયે અલગ અલગ વિસ્તારોમાં સર્વે કર્યો હતો. ઉત્તર ભારતનું સર્વેક્ષણ કરનારા લ્યુથરે લખ્યું કે અહીં ૯૭ % સાક્ષરતા છે અને મુનરો, જેમણે દક્ષિણ ભારતનો સર્વે કર્યો, તેમણે લખ્યું કે અહીં ૧૦૦ % સાક્ષરતા છે.

મેકોલે સ્પષ્ટપણે ત્યારના બ્રિટિશ સત્તાધારીઓને જણાવ્યું હતું કે જો ભારતને કાયમ માટે ગુલામ બનાવવું હોય તો તેની આત્મ નિર્ભર બનાવતી ગુરકુળ શિક્ષા વ્યવસ્થાને બદલી અંગ્રેજી શિક્ષણ દાખલ કરવું પડશે જેથી દરેક ભારતીય માનસિક રીતે અંગ્રેજી બની જાય. હંમેશાં અંગ્રેજો અને અંગ્રેજી ભાષાના ગુલામ બનીને રહે. આ કાર્ય અંગ્રેજોએ ધીમી પણ મક્કમ ગતિએ કર્યું. કેટલાય ગુરુકુળોનો નાશ કરવામાં આવ્યો. મેકોલેએ એક રૂઢિપ્રયોગ વાપર્યો તેનો મતલબ હતો કે : જેમ અનાજને રોપતા પહેલા ખેતરને સારી રીતે ખેડવામાં આવે તેવી જ રીતે ભારતીયોના મન અને મગજ પૂરી રીતે ખેડી નાખવા અર્થાત્ બદલવા તેમને અંગ્રેજી શિક્ષણ પ્રણાલીમાં લાવવા જોઈએ. તેથી જ તેમણે સૌપ્રથમ ગુરુકુળોને ગેરકાયદેસર જાહેર કર્યા. સંસ્કૃતને ગેરકાયદે જાહેર કર્યું. તેની પર પ્રતિબંધ મૂક્યો. અનેક ગુરુકુળોને આગ લગાવી. અનેક શિક્ષકોને માર માર્યો અને જેલમાં ધકેલી દીધા.

આ ગુરુકુળો ફક્ત રાજા દ્વારા નહીં પણ સમાજના લોકો સાથે મળીને ચલાવવામાં આવતા હતા. શિક્ષણ મફતમાં આપવામાં આવતું હતું. ગુરુકુળો ધીરેધીરે તહસનહસ કરવામાં આવ્યા. બાદ અંગ્રેજી શિક્ષણને કાયદેસર કરવામાં આવ્યું. ભારતની જ અનેક વિદ્યાઓને ઇંગ્લેન્ડમાં લઈ જઈ નવા રૂપરંગ આપી ફરી ભારતમા નવા નામે શીખવવામાં આવી.

કોલકાતામાં પ્રથમ કોન્વેન્ટ સ્કૂલ શરૂ થઈ ત્યાર બાદ અનેક સ્કૂલ કૉલેજો ખોલવામાં આવી. ક્રમશઃ કોલકાતા યુનિવર્સિટી, બોમ્બે યુનિવર્સિટી અને મદ્રાસ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. મેકોલેએ ઇંગ્લેન્ડમાં તેના સંબંધીને એક પત્ર લખ્યો હતો એમાં તેણે જણાવ્યું હતું કે,

આ કોન્વેન્ટ શાળાઓ એવા બાળકોને બહાર લાવશે જેઓ ભારતીય જેવા દેખાશે તો ખરા પરંતુ મગજથી અંગ્રેજી રહેશે. તેઓ તેમના દેશ વિશે કશું જાણશે નહીં. તેઓ તેમની સંસ્કૃતિ વિશે કશું જાણશે નહીં. તેમને તેમની પરંપરાઓ વિશે કોઈ ખ્યાલ રહેશે નહીં. તેઓ તેમના રૂઢિપ્રયોગો જાણશે નહીં. જ્યારે આવા બાળકો આ દેશમાં તૈયાર થશે ત્યારે અંગ્રેજો દૂર થશે તો પણ અંગ્રેજી ભાષા દેશ છોડશે નહીં.

તે સમયે લખેલા પત્રની સત્યતા આપણા દેશમાં સ્પષ્ટ દેખાય છે.

આપણે આપણી જાતને ઊતરતા અનુભવીએ છીએ. આપણી પોતાની ભાષા બોલવામાં અને આપણી પોતાની સંસ્કૃતિને ઓળખવામાં શરમ અનુભવીએ છીએ. જે સમાજ તેની માતૃભાષા અને સંસ્કૃતિથી અળગો થઈ જાય છે તે ક્યારેય ખીલતો નથી અને આ મેકોલેની વિચાર ધારા હતી. આજના યુવાનો ભારત કરતાં યુરોપ વિશે વધુ જાણે છે. ભારતીય સંસ્કૃતિને ભૂલી પશ્ચિમી દેશનું અનુકરણ કરે છે, કારણ કે તેને ભારતીય સંસ્કૃતિની સંપૂર્ણ ઓળખ નથી. સનાતન ધર્મનો ઊંડો પરિચય નથી. વૈદિક જ્ઞાન અને વિદ્યાઓની સમજણ નથી. આપણા જાજરમાન ઈતિહાસની ઝાઝી ગતાગમ નથી. ગળથૂથીમાંથી જ એને અંગ્રેજી ભાષા, વિદ્યા અને સંસ્કૃતિ તરફ ધકેલી દેવાય છે.

આ પંદરમી ઑગસ્ટે આપણો દેશ અંગ્રેજોની ગુલામીથી મુક્ત થયે ૮૦ મું વર્ષ ઉજવશે ત્યારે એ પ્રાર્થના કરીએ કે આજનું Gen Z પશ્ચિમી દેશોની માનસિક ગુલામીથી પણ મુક્ત થાય અને પોતાના ઈતિહાસ માટે પણ ગર્વ અનુભવે. ■

સંત વાણી

મહેશકુમાર મકવાણા
feedback@bombay samachar.com

# મનને સમજાવતી ત્રિકમસાહેબની વાણી

*મન, તું સમજી લે, તારો સગો નથી સંસાર;*
*ભજનમાં ભીના-ભીના રે'જો, ઊતરશો ભવપાર...મન તું...*
*કાયા બેડી કાગદકી, માંઈ સદ્ગુરુ ખેલનહાર;*
*તેના તારૂડા સંત છે, ઉતારશે ભવજલ પાર...મન તું...*
*રાણો, રાજા ને છત્રપતિ, ઈ છે ઘુમરીયો ઠાર;*
*વાદળ-છાયાં વહી જશે, તેને કેટલી લાગશે વાર? મન તું...*
*કુટુંબ-કબીલાની કૂડી છે માયા, ઈ છે ભ્રમ કેરો ભાર;*
*તેમાં મનવા, શું મોહી રહ્યો? ખાઈશ જમનો માર! મન તું...*
*આતમ-સાધન સાધતાં, મારા અંતરે પ્રગટ્યો પ્યાર;*
*ભવસાગરમાં બૂડતાં, એક સદ્ગુરુ તારણહાર...મન તું...*
*વેદ-કિતાબનું કામ નહીં, મારે રોમે-રોમ રણકાર;*
*અનહદ વાજાં વાગિયાં, માંહી મોરલી કરે મલાર...મન તું...*
*હું નહીં, તું નહીં, તે નહીં, તુહીં-તુહીં કિરતાર;*
*ગોતતાં-ગોતતાં ગમ પડી, અસતો રહ્યો ન એક તાર.મન તું...*
*ખીમ, ભાણ, રવિ, રમતા રામ, જીવણ પ્રાણ-આધાર;*
*કહે ત્રિકમ સત ખીમ કે ચરણે ડગલે-ડગલે બલિહાર...મન તું...*

ત્રિકમસાહેબની આ વાણીનું પહેલું જ આકર્ષણ એનો આત્મીય સંવાદ છે. જાણે તેઓ પોતાના મન સાથે જ વાત કરી રહ્યા હોય. ઘણા સંતો મનને ઠપકો આપે છે, ઘણા મનને વશ કરવાની વાત કરે છે, પણ ત્રિકમસાહેબ મનને સમજાવે છે. મન, તું સમજી લે...થી શરૂ થતી આ વાણીમાં ઉપદેશ કરતાં આત્મીયતા વધારે છે. અહીં વાણી રચયિતા મનનો વિરોધી નથી; મનનો હિતેચ્છુ છે. એ જાણે છે કે મનને જબરદસ્તીથી નહીં, સમજણથી જીતી શકાય. એટલે જ આખી વાણીમાં ક્યાંય કઠોરતા નથી, એક સહજ પ્રેમાળ સ્વર સતત સંભળાતો રહે છે.

ત્રિકમસાહેબની દૃષ્ટિએ સંસાર એ જીવનો અંતિમ આશ્રય નથી. માણસ જેને પોતાનું માનીને આખી જિંદગી વળગી રહે છે, એ જ સંસાર જરૂર પડ્યે સાથ છોડીને ચાલ્યો જાય છે. એટલે જ તેઓ મનને ભજનમાં ભીના-ભીના રહેવાનું કહે છે. આ ભીના-ભીના શબ્દ ખૂબ અર્થસભર છે. ભજન કરવું અને ભજનમાં ભીંજાઈ જવું



આ બે જુદી વાતો છે. હોઠ પર નામ હોય અને હૃદય કોરું રહે તો એ ભક્તિ નથી. ભક્તિ ત્યારે જન્મે, જ્યારે મન અહંકાર છોડીને પરમાત્માના પ્રેમમાં ઓગળી જાય.

દેહ વિશે ત્રિકમસાહેબની ઉપમા અત્યંત સહજ છે. આ કાયા તો કાગળની હોડી જેવી છે. કાગળની હોડી ઉપર સમુદ્ર ઓળંગી શકાય નહીં; એવી જ રીતે આ નાશવંત દેહના ભરોસે ભવસાગર પણ તરાય નહીં. માણસ આખી જિંદગી દેહને જ સર્વસ્વ માનીને જીવે છે, જ્યારે દેહ પોતે જ ક્ષણભંગુર છે. તેથી જ તેઓ સદ્ગુરુને ખેવટિયો કહે છે. ભવજળ પાર કરવાની શક્તિ દેહમાં નથી, ધનમાં નથી, પાંડિત્યમાં નથી; એ તો સદ્ગુરુના માર્ગદર્શન અને સંતસંગમાં છે. સંતપરંપરામાં ગુરુનું ગૌરવ એટલા માટે છે કે તે શિષ્યને પોતાનામાં અટકાવતો નથી, પરંતુ પરમસત્ય તરફ દોરી જાય છે.

ત્રિકમસાહેબનું વૈરાગ્ય જીવનથી ભાગવાનું નથી; જીવનનું સાચું સ્વરૂપ ઓળખવાનું છે. રાજા હોય, રાણા હોય કે છત્રપતિ આ બધું વાદળની છાયાની જેમ ક્ષણિક છે. વાદળ આવે છે, થોડો સમય ધરતીને ઢાંકે છે અને પછી વહી જાય છે. સત્તા, સંપત્તિ અને વૈભવનો પણ આવો જ સ્વભાવ છે. ઇતિહાસમાં કેટલાંય સામ્રાજ્યો ઊભાં થયાં અને ભૂંસાઈ ગયાં.

એ જ રીતે કુટુંબ અને કબીલા વિશે પણ તેમનો વિરોધ સંબંધોનો નથી, પરંતુ મોહનો છે. સંબંધો જીવન માટે જરૂરી છે, પણ જ્યારે એ જ સંબંધો મારું અને હુંના અહંકારમાં ફેરવાઈ જાય ત્યારે માયાનો ભાર બની જાય છે. મનુષ્ય આખી જિંદગી એ ભાર ઊંચકવામાં જ પસાર કરી દે છે અને અંતે ખાલી હાથે જવું પડે છે. ત્રિકમસાહેબ મનને પૂછે છે કે જે વસ્તુ કાયમી નથી તેમાં આટલો મોહ શા માટે?

વાણી આગળ વધે છે અને અનુભવની ભૂમિકા શરૂ થાય છે. આત્મસાધના કરતાં કરતાં એમના અંતરમાં પ્રેમ પ્રગટ્યો છે. આ વાત ખૂબ ધ્યાન ખેંચે છે. આધ્યાત્મિક સાધનાનું અંતિમ ફળ માત્ર જ્ઞાન નથી; પ્રેમ છે. જ્ઞાન માણસને પ્રકાશ આપે છે, પરંતુ પ્રેમ એને પૂર્ણ બનાવે છે. જે આત્મસાધનાથી પ્રેમ ન જન્મે તે સાધના હજુ અધૂરી છે. ભવસાગરમાં ડૂબતા જીવને સાચો આધાર પણ આ જ સદ્ગુરુ આપે છે.

ત્રિકમસાહેબ શાસ્ત્રજ્ઞાન કરતાં અનુભવને વધારે મહત્ત્વ આપે છે. તેઓ વેદો કે કિતાબોનો અસ્વીકાર કરતા નથી, પરંતુ એટલું કહે છે કે જ્યાં રોમે-રોમ અનહદનો રણકાર સંભળાવા માંડે, જ્યાં અંતરમાં મોરલીનો મલાર ગુંજવા લાગે, ત્યાં શબ્દોનું કાર્ય પૂર્ણ થઈ જાય છે. સંતવાણીનો આ અત્યંત અગત્યનો સિદ્ધાંત છે.

વાણીનું સાચું શિખર તો 'હું નહીં, તું નહીં, તે નહીં, તુહીં-તુહીં કિરતાર'માં પ્રગટે છે. અહીં પહોંચીને જીવ અને શિવ વચ્ચેનો બધો ભેદ ઓગળી જાય છે. પછી જ્યાં નજર પડે ત્યાં એક જ પરમસત્તાનો અનુભવ થાય છે. જ્યાં સુધી હું છે ત્યાં સુધી દ્વૈત છે. જ્યાં તું પણ ઓગળી જાય અને માત્ર તુહીં-તુહીં રહે, ત્યાં જ અદ્વૈતનો અનુભવ થાય છે. આ અનુભવ બુદ્ધિથી મળતો નથી; ગોતતાં-ગોતતાં, શોધતાં-શોધતાં એક ક્ષણે સહજ રીતે પ્રગટે છે. ત્યારે અસત્યનો એક પણ તાર બાકી રહેતો નથી.

વાણીના અંતે ત્રિકમસાહેબ પોતાના ગુરુ ખીમસાહેબ પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. અહીં કોઈ વ્યક્તિપૂજાની વાત નથી. સંતપરંપરામાં ગુરુનું ગૌરવ એટલા માટે છે કે ગુરુ શિષ્યને પોતાના સુધી બાંધી રાખતો નથી; પરમ સુધી પહોંચાડે છે. તેથી જ ત્રિકમસાહેબ ડગલે-ડગલે બલિહાર જવાની વાત કરે છે.

ત્રિકમસાહેબની આ વાણીમાં ક્યાંય શબ્દાડંબર નથી, ક્યાંય ગૂઢ તત્ત્વચર્ચાનો ભાર નથી. કાગળની હોડી, વાદળની છાયા, ભીનું ભજન, અનહદનો રણકાર આવાં સહજ પ્રતીકો દ્વારા તેઓ જીવનનું ગહન સત્ય સમજાવે છે. જ્ઞાન અને ભક્તિ, વૈરાગ્ય અને પ્રેમ, ગુરુ અને પરમાત્મા આ બધું એમની વાણીમાં પરસ્પર વિરોધી નથી, પરંતુ એક જ આધ્યાત્મિક યાત્રાનાં જુદાં-જુદાં સોપાનો છે. ત્રિકમસાહેબની આ વાણી જીવને પોતાની અંદર ઊતરવાનું આમંત્રણ આપે છે. ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay samachar.com

# ચારણ આઈના આશીર્વાદ- વિવિધ રૂપનો મહિમા એટલે વિહતમાતા

(ગતાંકથી ચાલુ)

સતરમે આંકે શક્તિ અને એનું મહાત્મ્ય-વરત-પૃથ્વીમાં વધાર્યું કળયુગને જેમણે મહાત કર્યો છે. અહીં ટાપરિયા શાખાના ચારણો અને ઝાલાને શક્તિ પ્રસન્ન હતી- હાજરા હજુર હતી એવો સંદર્ભ નિહિત છે. મને તો કચ્છના લાખા ફુલાણી, માવલ સાબાણી અને બાલવણ ભાટ જે બાળક બોલાવતો એની સામે શક્તિ ઉપાસનાથી ચારણે કુંભ પાસેની વાચા સંભળાવેલી. એ માદળ વાદ્ય. ચોટીલા પાસે ખારડી ગામે સચવાયેલું. શક્તિનો આ સંદર્ભ પણ અહીં નિહિત જણાય છે. અઢારમે આંકે પર્વત પર પાણી-વીરડા-પ્રગટાવતી માત કે જેણે બળિયા ઘોડાને તારેલા એવા હે વિહતમાતા અમારા વિઘ્નો કાપજો. ઓગણીસમે તમારા ત્રિશૂળની અણીના નિશાને એક પણ ઘા નિષ્ફળ ગયો નથી એવા હે વિહતમા અમારા કષ્ટ કાપજો. તૂરક વેરીને તમે વઘેરીને અમારી શ્રદ્ધાને બળ આપ્યું છે. એવા હે ચારણકૂળના દેવી વિહતમા અમારા દુઃખ કાપજો. દેવી અમારા ઉપર દયાભાવ રાખીને તું પાધરી-સીધી રીતે અમારી રક્ષા કરે છે. બાયાબાઈ બાવડી- બાવડાના બોલથી- પ્રાર્થનાની હે વિહતમા અમારા વિઘ્નો ટાળજો-વાળજો.

બાયાબાઈનું કાવ્યરચના કૌશલ્ય અહીં પ્રત્યેક કડીમાં આંકના વર્ણની સાથે સમાન વર્ણવાળો શબ્દ પ્રયોજી શક્તિ- માતાજીના સ્વરૂપને નિર્દેશતો અર્થપૂર્ણ શબ્દ એમની કાવ્યકળાનું અને સમુચિત શબ્દને પ્રયોજવાની સૂઝનું દૃષ્ટાંત છે. પ્રત્યેક કડીના પ્રથમ પંક્તિના પૂર્વાર્ધમાં- ઉત્તરાર્ધમાં સમાનવર્ણ પ્રયોજ્યો છે. બીજી પંક્તિમાં પણ સમાન વર્ણના શબ્દો પ્રયોજીને એમની શબ્દભંડોળ શક્તિના દર્શન કરાવ્યા છે. એ બધા જ શબ્દો ભારે અર્થપૂર્ણ છે. ચારણી ભક્તિના સંદર્ભોમાંથી એમનું ધર્મશાસ્ત્ર, દંતકથાઓનું ઊંડુ જ્ઞાન પ્રગટે છે.

કરશનભાઈના અજ્ઞાત કર્તૃત્વ દર્શાવતી મુદ્રીત પ્રત કરતાં મને બાયાબાઈ બાવડી નામાછાપ વાળી કંઠસ્થ પરંપરાની પ્રત વધુ શુદ્ધ જણાઈ છે. જો કે આમાંની ઘણી અશુદ્ધિઓ યશવંતભાઈ અને અરવિંદભાઈએ શુદ્ધ રૂપે સૂચવી તે સ્વીકારી છે. નવદુર્ગા અને વિઘ્નહર્તામા- વિહતમા-એમ મળીને દશ મસ્તકવાળી દેવીની વીશ ભૂજાળી દેવીને પ્રાર્થના છે. વિહતમાનું આવું રૂપ અહીં કેન્દ્રસ્થાને છે. ચારણઆઈના ઉપકારી, આશીર્વાદ, વિવિધ રૂપોનો મહિમા એટલે વિહતમાતા. ભાઈ નિરંજનનો અજ્ઞાન કતૃત્વવાળી વાચના પરત્વેનો અંગુલિનિર્દેશ ભારે ઉપયોગી થઈ પડયો, જે આપણાં વિઘ્નોનો નાશ કરવા વાળી છે એની પ્રાર્થનાની આ રચનાનો, પાઠ નિયત કરવામાં, અર્થઘટન કરવામાં મને સર્વશ્રી યશવંત લાંબા, અરવિંદ બારોટ અને અંબાદાન રોહડિયાની ઊંડી અભિજ્ઞતાનો લાભ પ્રાપ્ત થયો છે એનો આનંદ છે. ■

# જાડેજાએ એવું તે શું કર્યું કે ગંભીર મુદ્રામાં બેઠેલો ગૌતમ હસી પડ્યો?



કોલંબોઃ ભારતના ઓછામાં ઓછા આઠ ખેલાડી હાલમાં કોઈને કોઈ ઈજાને કારણે મેદાનથી દૂર છે અને ટેસ્ટ તથા વન-ડેનો કૅપ્ટન શુભમન ગિલ હાથની આંગળીની ઈજાને લીધે માંડ-માંડ મુક્ત થઈ રહ્યો છે ત્યારે કહી શકાય કે શ્રીલંકામાં ટીમ ઇન્ડિયા અત્યારે ટેન્શનમાં તો છે જ. જોકે શનિવારે રવીન્દ્ર જાડેજાએ શ્રીલંકા ક્રિકેટ ઇલેવન સામેની વૉર્મ-અપ મૅચ દરમ્યાન ડ્રેસિંગ-રૂમની બાલ્કનીમાં હેડ-કોચ ગૌતમ ગંભીર અને તેની બાજુમાં બેઠેલા અન્ય સાથીઓનું મનોરંજન કર્યું હતું.

ટીમ ઇન્ડિયાનો સિનિયર-મોસ્ટ ખેલાડી અને સ્પિન-ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા આટલી સારી મિમિક્રી પણ કરી જાણે છે એ પહેલી વખત જોવા મળ્યું. તેણે સાથી સ્પિનર કુલદીપ યાદવની બોલિંગ ઍક્શનની સ્ટાઇલ કરીને બધાને હસાવ્યા હતા. જાડેજાની આ કુલદીપ-સ્ટાઇલ સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ છે.

એક સમય હતો જ્યારે જાડેજાની જોડી રવિચન્દ્રન અશ્વિન સાથે ખૂબ જામી હતી. બન્નેએ જોડીમાં સ્પિનના તરખાટથી હરીફ ટીમોના બૅટ્સમેનોને ચક્કર ખવડાવી દીધા હતા અને ટીમ ઇન્ડિયાને ઘણી મૅચો જિતાડી હતી. અશ્વિન નિવૃત્ત થઈ ગયો ત્યારથી જાડેજાની કુલદીપ સાથે જોડી જામી છે. કુલદીપની અગાઉના વર્ષોમાં યુઝવેન્દ્ર ચહલ સાથે જુગલબંધી હતી, પણ ચહલને ત્રણ વર્ષથી ભારત વતી રમવા નથી મળતું એટલે કુલદીપના સાથી સ્પિનર તરીકે જાડેજા વધુ જોવા મળે છે.

જાડેજાએ પહેલાં તો હસતાં હસતાં કુલદીપની ફુલ-ફ્લેજમાં ઍક્ટિંગ કરી હતી અને પછી નજીકમાં બેઠેલા હેડ-કોચ ગૌતમ ગંભીરને કંઈક કહ્યું હતું અને ગંભીર ખડખડાટ હસી પડ્યો હતો. કુલદીપને શ્રીલંકામાં એકમાત્ર વૉર્મ-અપ મૅચના પ્રથમ દાવમાં ૭૬ રનમાં બે વિકેટ મળી હતી. ■

# યશસ્વી-ગિલની દમદાર બૅટિંગ-પ્રૅક્ટિસ પછી સિરાજે પણ બૅટથી બતાવી તાકાત

### આખી મૅચમાં એક જ વિકેટ લેનાર સિરાજે પાંચ બૉલમાં ચાર સિક્સર ફટકારી ભારતને છેલ્લી ક્ષણોમાં જિતાડ્યું

કોલંબોઃ શ્રીલંકાના પ્રવાસમાં રવિવારે ભારતની શાનદાર જીત સાથે પૂરી થયેલી એકમાત્ર વૉર્મ-અપ મૅચમાં ઓપનર યશસ્વી જયસ્વાલ (૬૧ રન રિટાયર્ડ આઉટ, ૪૬ બૉલ, બે છગ્ગા, નવ ચોગ્ગા)એ પ્રથમ દાવના શૂન્યને ભૂલીને અને કૅપ્ટન શુભમન ગિલ (૪૪ રન, ૫૪ બૉલ, સાત ચોગ્ગા)એ ઈજા બાદ હાથની આંગળીનો રહ્યોસહ્યો દુખાવો અવગણીને ઉપયોગી બૅટિંગ-પ્રૅક્ટિસ કરી હતી. બન્નેની ૧૦૫ રનની ભાગીદારીએ ત્રણ દિવસીય મૅચના અંતિમ દિવસે ભારતના વિજયનો પાયો નાખ્યો હતો.



મોહમ્મદ સિરાજ

## ભારતીયોની જીત્યા પછી પણ બૅટિંગ શા માટે?

ટીમ ઇન્ડિયાએ શ્રીલંકાની ટૂરમાં વિજયી શરૂઆત કરી જેમાં આ પ્રૅક્ટિસ-મૅચ છ વિકેટે જીતી લીધી. મૅચની અંતિમ ક્ષણોમાં મોહમ્મદ સિરાજે પાંચ બૉલમાં ચાર છગ્ગા ફટકારીને ભારતને જિતાડી દીધું હતું. સિરાજે ૧૫ બૉલમાં ચાર સિક્સર અને એક ફોરની મદદથી અણનમ ૩૨ રન બનાવ્યા હતા. ભારતે ૨૦૭ રનનો લક્ષ્યાંક ચાર વિકેટના ભોગે મેળવી લીધો હતો. ભારતીય ટીમ ૪/૨૦૮ રનના સ્કોર સાથે જ વિજયી ઘોષિત થયું હોત, પરંતુ આ પ્રૅક્ટિસ-મૅચ હતી જેમાં ભારતીય ઇનિંગ્સની ૪૫મી ઓવર (દિવસની કુલ ૯૦ ઓવર) પૂરી કરવાની હોવાથી અમ્પાયરે ભારતના વિજય પછી પણ રમત ચાલુ રહેવા દીધી હતી અને ૪૫મી ઓવરને અંતે ભારતના ૪/૨૧૪ના સ્કોર સાથે મૅચ સમાપ્ત જાહેર કરવામાં આવી હતી.

## શ્રીલંકાને પૂંછડિયા ભારતીયોનો ‘ઇશારો’

સિરાજને આખી મૅચમાં ૬૯ રનમાં ફક્ત એક વિકેટ મળી હતી, પણ તેણે છેલ્લે બૅટિંગમાં ટૂંકી ઇનિંગ્સમાં પરચો બતાવ્યો હતો. પ્રથમ ઇનિંગ્સમાં બીજા પેસ બોલર ગુરનૂર બ્રારે ચાર છગ્ગા અને બે ચોગ્ગાની મદદથી ૧૮ બૉલમાં અણનમ ૩૬ રન બનાવ્યા હતા. એ સાથે, ભારતના પૂંછડિયા ખેલાડીઓએ શનિવાર, ૧૫મી ઑગસ્ટે શરૂ થનારી પ્રથમ ટેસ્ટ માટેની શ્રીલંકન ટીમને સંકેત આપી દીધો કે તેઓ પણ ટીમને જરૂર પડે ત્યારે સારી બૅટિંગ કરી શકે છે.

## ભારતીય બોલર્સને પણ સારી પ્રૅક્ટિસ થઈ

પ્રથમ દાવમાં દેવદત્ત પડિક્કલે ૧૬૪ બૉલમાં ૧૮ ચોગ્ગાની મદદથી અણનમ ૧૪૨ રન બનાવીને ખૂબ સારી બૅટિંગ પ્રૅક્ટિસ કરી હતી. શ્રીલંકા ઇલેવને પ્રથમ દાવમાં ૮/૩૬૩ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો ત્યાર બાદ ભારતે દેવદત્ત પડિક્કલના ૧૪૨ અણનમ ઉપરાંત રવીન્દ્ર જાડેજા (૬૩ રન રિટાયર્ડ આઉટ), માનવ સુથાર (૪૧ રન), કે. એલ. રાહુલ (૪૦ રન), ગુરનૂર બ્રાર (૩૬ અણનમ) અને સારાંશ જૈન (બાવીસ રન રિટાયર્ડ આઉટ)ના યોગદાનોની મદદથી ૬/૩૫૭ના સ્કોર પર દાવ સમાપ્ત જાહેર કર્યો હતો. બીજા દાવમાં શ્રીલંકા ઇલેવને ૬/૨૦૦ ડિક્લેર્ડના સ્કોર સાથે ભારતને જીતવાનો પડકાર આપ્યો હતો અને ભારતે જીતી બતાવ્યું હતું. આ મૅચમાં ભારત વતી રવીન્દ્ર જાડેજાએ સૌથી વધુ ચાર વિકેટ અને ફાસ્ટ બોલર ગુરનૂર બ્રારે ત્રણ વિકેટ લીધી. ભારતીય બોલર્સને પણ આ મૅચમાં ઉપયોગી પ્રૅક્ટિસ થઈ હતી. ભારતની બોલિંગ-બ્રિગેડમાં સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના તેમ જ સ્પિનર કુલદીપ યાદવ, માનવ સુથાર તથા સારાંશ જૈનનો પણ સમાવેશ છે.■

# મોદી-મંત્રઃ જો ખેલેગા વો ખિલેગા

### વડા પ્રધાન કૉમનવેલ્થના મેડલ-વિજેતાઓને મળ્યા, અભિનંદન તથા શુભેચ્છા આપીને ઉત્સાહ વધાર્યો





**વિજેતાઓની યાદગાર ક્ષણોઃ** કૉમનવેલ્થના મેડલ વિજેતા ઍથ્લીટો સાથે પીએમ મોદી. વડા પ્રધાને ગોલ્ડ મેડલિસ્ટ વેઇટલિફ્ટર મીરાંબાઈ ચાનુને આશીર્વાદ આપ્યા હતા. (પીટીઆઇ)

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે પાટનગરમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલોજી (આઇઆઇટી)ના વિદ્યાર્થીઓને એક સમારોહમાં ‘જો શીખેગા વો જીતેગા’નો બહુમૂલ્ય મંત્ર આપ્યા પછી રવિવારે કૉમનવેલ્થ ગેમ્સના ચંદ્રક વિજેતાઓને ‘જો ખેલેગા વો ખિલેગા’નો અમૂલ્ય મંત્ર આપ્યો હતો.

પીએમ મોદી સ્કૉટલૅન્ડના ગ્લાસગો શહેરમાં આયોજિત ૭૪ દેશ વચ્ચેની કૉમનવેલ્થ ગેમ્સમાંથી ૩૯ મેડલ જીતીને પાછા આવેલા ઍથ્લીટો તથા ખેલાડીઓને મળ્યા હતા, તેમને ખૂબ અભિનંદન આપ્યા હતા અને તેમને ભાવિ સ્પર્ધાઓ માટે શુભેચ્છા આપવાની સાથે ‘જો ખેલેગા વો ખિલેગા’ મંત્ર આપ્યો હતો. મોદીએ મેડલિસ્ટો સાથે લાંબી ચર્ચા કરી હતી, વ્યક્તિગત અભિનંદન આપ્યા હતા અને પછીથી ઇન્સ્ટાગ્રામ પર આ સમારોહને લગતો વીડિયો શૅર કરવાની સાથે મંત્ર પણ લખ્યો હતો અને એની સાથે અંગ્રેજીમાં ‘ઑલ્વેઝચિયરફૉર ભારત’ લખ્યું હતું.

કૉમનવેલ્થમાં ભારતીયો ૧૩ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને નવ બ્રૉન્ઝ સહિત કુલ ૩૯ ચંદ્રક જીતીને (૨૦૨૨ની કૉમનવેલ્થની જેમ) ચોથા નંબર પર રહ્યા હતા. મોદીના મેડલિસ્ટો સાથેના વીડિયોમાં ગોલ્ડ મેડલ વિજેતા સાક્ષી ચૌધરી અને બીજા બૉક્સરો તેમ જ ઍથ્લીટો જોવા મળે છે. વીડિયોમાં સાક્ષી ચૌધરીએ કહ્યું છે, ‘આજે આપણા આદરણીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કૉમનવેલ્થના તમામ મેડલિસ્ટો સાથે મુલાકાત કરી. તેમને મળીને અમને ખૂબ આનંદ થયો અને અમે ગર્વ અનુભવીએ છીએ. સર ખૂબ જ વિનમ્ર છે.’ ત્યાર બાદ સાક્ષીએ મોદીને બે શબ્દ કહેવાનો આગ્રહ કર્યો હતો ત્યારે મોદી ‘જો ખેલેગા વો ખિલેગા’નો મંત્ર આપ્યા પછી ‘હંમેશાં ભારતની જીત માટે પ્રોત્સાહિત કરો અને ભારતનો જયજયકાર કરો’ એવું બોલ્યા બાદ ‘ભારત માતા કી જય’નું સૂત્ર પણ પોકાર્યું હતું. ■

# વર્લ્ડ ઍથ્લેટિક્સની હાઈ જમ્પમાં ભારતનો ‘ઊંચો કૂદકો’: બસંત કુમાર મેઘવાલે રચ્યો ઇતિહાસ

યુજીન (અમેરિકા): બસંત કુમાર મેઘવાલ વર્લ્ડ ઍથ્લેટિક્સ અન્ડર-૨૦ ચૅમ્પિયનશિપ્સમાં ઊંચા કૂદકાની હરીફાઈમાં ચંદ્રક જીતનાર પ્રથમ ભારતીય ઍથ્લીટ બન્યો છે. શનિવારે સ્પર્ધાના ચોથા દિવસે તેણે બીજા નંબર પર આવીને સિલ્વર મેડલ જીતી લીધો હતો, જ્યારે ભારતના જ શાહનવાઝ ખાને લાંબા કૂદકાની હરીફાઈમાં બ્રૉન્ઝ મેડલ મેળવ્યો હતો.



બસંત કુમાર મેઘવાલ



શાહનવાઝ ખાન

## મેઘવાલ રાજસ્થાનનો છે

૧૯ વર્ષનો મેઘવાલ રાજસ્થાનમાં સરહદી ભાગમાં આવેલા શ્રી ગંગાનગર જિલ્લાના અનુપગઢનો છે. તેણે આ વિશ્વ સ્પર્ધામાં ૨.૨૧ મીટર ઊંચો કૂદકો માર્યો હતો. તે ભારતીય નૌકા દળનો છે અને ૨.૨૧ મીટર આ રમતમાં તેનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે. ભારતની ભૂતપૂર્વ રાષ્ટ્રીય વિક્રમધારક હાઇ જમ્પર સહાના કુમારી તેની કોચ છે. યુજીનની આ જ હરીફાઈમાં અલ્જિરિયાનો યુનેસ આયાચી ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે ૨.૨૧ મીટરનું નિશાન પ્રથમ પ્રયાસમાં પાર કર્યું હોવાથી તે ગોલ્ડ મેડલને પાત્ર બન્યો હતો. મેઘવાલે એ માર્કિંગ બીજા પ્રયાસમાં પાર કર્યું હોવાથી રજતચંદ્રક જીત્યો હતો. બ્રિટનનો ઑટિસ પૂલેએ ત્રીજા પ્રયાસમાં ૨.૨૧ મીટર પાર કર્યું એ બદલ તેને બ્રૉન્ઝ અપાયો હતો.

## શાહનવાઝ ઉત્તર પ્રદેશનો છે

લાંબા કૂદકાની હરીફાઈમાં ભારતના શાહનવાઝ ખાને ૭.૮૪ મીટર લાંબો કૂદકો લગાવીને કાંસ્યચંદ્રક મેળવ્યો હતો. હરીફાઈમાં આ તેનો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ હતો. તેના ક્રમવાર લાંબા કૂદકા આ મુજબના હતાઃ ૭.૬૭ મીટર, ૭.૭૨ મીટર, ૭.૮૪ મીટર, ૭.૫૨ મીટર, ૭.૮૩ મીટર અને ૫.૩૭ મીટર. તે ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લાના મધઈપુર ગામનો છે. તેના પિતા ટેક્સીચાલક છે.

ઇટલીનો ડેનિયલ ઇન્ઝોલી ૭.૯૭ મીટરના લાંબા કૂદકા બદલ ગોલ્ડ મેડલ અને ઑસ્ટ્રેલિયાનો મૅસન મૅક્ગ્રોડર ૭.૯૬ મીટર બદલ સિલ્વર મેડલ જીત્યો હતો. શુક્રવારે આશિષ યાદવ ભાલાફેંકમાં સિલ્વર મેડલ જીત્યો એ સાથે આ વિશ્વ સ્પર્ધામાં ભારતે મેડલ જીતવાની શરૂઆત કરી હતી. ■

---

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તીણું | મંદ |
| તીવ્ર | ક્રોધિત |
| તુચ્છ | નમ્ર |
| તુમાખી | બુઠ્ઠું |
| તુષ્ટ | મહાન |

## માતૃભાષાની મહેક

ઈશ્વર એટલે જગતનાં ઉત્પત્તિના સર્જક પરમાત્મા, સર્વશક્તિમાન, પરમેશ્વર. ઈશ્વર વિશે અનેક કહેવતો છે જેમાં ઈશ્વર મોત કાંઈ પોતાને માથે લેતો નથી મતલબ કે માણસ પોતાના કર્મને લીધે મરે છે એ જીવનમાં ઉતારવા જેવી છે. ઈશ્વરના ઘરનું તેડું આવવું એટલે મોત આવવું, યમદૂત આવવાં, મૃત્યુ પામવું.

## ગુજરાત મોરી મોરી રે

જાડેજા રાજવીઓના કુળદેવી આશાપુરા માતાને સમર્પિત માતાનો મઢ ધર્મ સ્થાનક ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે?

અ) સબારકાંઠા બ) રાજકોટ
ક) કચ્છ ડ) જૂનાગઢ

## ઈર્શાદ

હૈયા ભીતર દવ બળે, કોઈ ન જાણે સાર,
કાં મન જાણે આપણું, કાં જાણે કરતાર.

---- લોક રચના

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | ૫ | | ■ |
| | ■ | ■ | | ■ | ૬ | | | ■ | ૭ |
| | ■ | ૮ | | | ■ | | ■ | ૯ | |
| ૧૦ | | | | ■ | ૧૧ | ■ | ■ | ■ | |
| ■ | ■ | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ૧૪ | | ■ | ૧૫ | | | ■ | ૧૬ | ■ | ■ |
| | ■ | ■ | | ■ | ■ | ૧૭ | | | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | | | | |
| | ■ | ૨૨ | | ૨૩ | ■ | | ■ | | |
| ■ | ૨૪ | | | | ■ | ૨૫ | | | |

### આડી ચાવી

૧. પરમપદે પહોંચેલું, બુદ્ધ (૪)
૩. અપંગ, પાંગળું (૪)
૬. જુલમ (૩)
૮. ઝરૂખો (૩)
૯. દાંત (૨)
૧૦. એક જાતનો છોડ (૪)
૧૨. ચારે બાજુ (૩)
૧૩. ભાઈ (૨)
૧૪. ઊણપ, ઓછપ (૨)
૧૫. પાંચ વર્ષની ઉંમરનો બાળક (૩)
૧૭. જૈન સાધુઓને રહેવાનું સ્થાન (૪)
૧૯. રાખ, ભસ્મ (૨)
૨૧. કિંમત, મહત્ત્વ (૩)
૨૨. વારસો (૩)
૨૪. દાનત એવી --- (૪)
૨૫. પૃથ્વીની સપાટી (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ જા | ય | ૨ પ | ૩ ત્રી | ■ | ■ | ૪ પ્ર | યો | જ | ૫ ન |
| ય | ■ | ૬ તા | જ | ગી | ■ | લ | ■ | ■ | મ |
| ૭ દા | ૮ ન | વ | ■ | ■ | ૯ જ | ય | ૧૦ શ્રી | ■ | સ્કા |
| ૧૧ દ | પ | ટ | ■ | ૧૨ ગ | ■ | ■ | ૧૩ મં | જૂ | ર |
| ■ | ગું | ■ | ૧૪ સ | ર્વ | ■ | ૧૫ અં | ત | ■ | ■ |
| ■ | ■ | ૧૬ લ | ભ્ય | ■ | ૧૭ ચં | બુ | ■ | ૧૮ રિ | ■ |
| ૧૯ છૂ | ટ | ક | ■ | ■ | પો | ■ | ૨૦ ગ | વા | ૨૧ હ |
| ટા | ■ | ૨૨ વા | ૨૩ ત | ડ | ■ | ■ | ૨૪ મ | જ | નુ |
| છે | ■ | ■ | ત્કા | ■ | ૨૫ દો | ૨૬ રં | ગી | ■ | મં |
| ૨૭ ડા | મા | ડો | ળ | ■ | ■ | ૨૮ જ | ન | હિ | ત |

### ઊભી ચાવી

૧. જાપતો, દેખરેખ (૪)
૨. ત્રિવેણી સંગમ, ગંગા, જમુના, સરસ્વતી (૪)
૩. તલવાર (૨)
૪. પાપ (૩)
૫. બરફ, ઝાકળ (૨)
૭. મા-બાપ (૪)
૮. પતિ (૩)
૧૧. પુષ્કળ, પાર વિનાનું (૩)
૧૨. વર્ષની ત્રણ ઋતુમાંની એક (૩)
૧૪. કર્કશા, કજિયાખોર સ્ત્રી (૪)
૧૬. ધોધ (૩)
૧૭. ગાફેલ, સાવચેત નહીં તેવું (૪)
૧૮. રડારોળ (૪)
૨૦. ખાવાનો પદાર્થ (૩)
૨૨. પૈસાદાર, તવંગર (૨)
૨૩. સાચું, સતીત્વનો જુસ્સો (૨)

## ઓળખાણ પડી?

૪૭૫ વર્ષ પહેલા રાજા દ્વારા બાંધવામાં આવેલું ૨૪ મીટર ઊંચું હિડિમ્બા દેવી મંદિર કઈ જગ્યાએ સ્થિત છે એની ઓળખાણ પડી?



અ) અગરતલા બ) મનાલી ક) કોહિમા ડ) દિસપુર

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘હૈયા ભીતર દવ બળે’ પંક્તિમાં દવનો અર્થ શું થાય એ જણાવો.

અ) નજીક બ) વિશાળ ક) સુંદર ડ) મુશ્કેલ

## માઈન્ડ ગેમ

મુખ્યત્વે ઘડિયાલ અને મગરની જાળવણી અને સંરક્ષણને પ્રાધાન્ય આપતું કેન ઘડિયાલ અભયારણ્ય કયા રાજ્યમાં છે ?

અ) કર્ણાટક બ) મધ્ય પ્રદેશ ક) આસામ ડ) પંજાબ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૬ | ૧ | | | ૯ | ૭ | ૫ |
| | ૯ | | | ૭ | | | | |
| | ૪ | | | | | | | ૮ |
| ૯ | ૩ | | | | | ૧ | | |
| ૧ | ૬ | | ૩ | | ૯ | | ૫ | ૭ |
| | | ૫ | | | | | ૮ | ૯ |
| ૬ | | | | | | | ૯ | |
| | | | | ૧ | | | ૪ | |
| ૪ | ૫ | ૯ | | | ૬ | ૮ | ૩ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૬ | ૫ | ૪ | ૮ | ૩ | ૧ | ૯ |
| ૯ | ૩ | ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૭ | ૫ |
| ૮ | ૧ | ૫ | ૯ | ૭ | ૩ | ૬ | ૪ | ૨ |
| ૪ | ૬ | ૯ | ૮ | ૫ | ૭ | ૨ | ૩ | ૧ |
| ૭ | ૮ | ૧ | ૩ | ૬ | ૨ | ૫ | ૯ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૪ | ૯ | ૧ | ૭ | ૮ | ૬ |
| ૧ | ૯ | ૭ | ૨ | ૮ | ૫ | ૪ | ૬ | ૩ |
| ૬ | ૪ | ૨ | ૭ | ૩ | ૯ | ૧ | ૫ | ૮ |
| ૩ | ૫ | ૮ | ૬ | ૧ | ૪ | ૯ | ૨ | ૭ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તિમિર | તેજ |
| તિરસ્કાર | આદર |
| તિરોભાવ | આવિર્ભાવ |
| તીક્ષ્ણ | બુઠ્ઠું |
| તીખું | મોળું |

**ગુજરાત મોરી મોરી રેઃ** ઉમરેઠ

**ઓળખાણ પડી?** વડનગર

**માઈન્ડ ગેમ :** બાંગ્લાદેશ

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** મુશ્કેલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) ધરેન્દ્ર મુલરાજ (૪) પ્રતિમા પમાણી (૫) ભામિની સંપટ (૬) મુલરાજ કપૂર (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) ભરત કજરીયા (૯) રસિક જૂઠાણી(ટોરન્ટો-કેનેડા) (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) મહેશ એન. સંઘવી (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) જ્યોતી ખાંડવાલા (૧૯) નંદુભાઈ અ. ગોઠી (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) વિણા સંપટ (૨૨) દેવેન્દ્ર સંપટ (૨૩) અંજુ ટોલીયા (૨૪) ભાવના કર્વે (૨૫) રમેશ દલાલ (૨૬) હીના દલાલ (૨૭) ઈનાક્ષી દલાલ (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) કમલ મટાલીયા (૩૦) ડાયના સંતોક (૩૧) નિતીન જયંતીલાલ બજરિયા (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) અલકા વાણી (૩૪) મધુલતા ચંદ્રશોખર માંકડ (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) મનીષા શેઠ (૩૭) ફાલ્ગુની શેઠ (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેશ દોશી (૪૫) અબ્દુલ્લા એફ. મુનીમ

# જામનગર જિલ્લામાં ચાંદીપુરાનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો: ધ્રોલના પંથકના છ વર્ષના બાળકનું રાજકોટમાં સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: જિલ્લા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાંદીપુરા વાઇરસના શંકાસ્પદ કેસોના રિપોર્ટ નોંધાઈ રહ્યા છે, ત્યારે જામનગર જિલ્લામાં ચાંદીપુરાનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાતા તંત્ર દોડતું છે. ધ્રોલ તાલુકાના ડુંગરા પંથકના એક ૬ વર્ષના બાળકનો ચાંદીપુરા રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે, બાળકનું રાજકોટની હૉસ્પિટલમાં સારવાર દરમિયાન અગાઉ જ મૃત્યુ નિપજ્યું હતું અને મૃત્યુ બાદ તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાનું આરોગ્ય તંત્ર દ્વારા જાણવા મળ્યું હતું.

મળતી માહિતી મુજબ, ધ્રોલ તાલુકાના ડુંગરા પંથકના બાળકને શંકાસ્પદ ચાંદીપુરાના લક્ષણો જણાતા સારવાર માટે રાજકોટની સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાળકની તબિયત ગંભીર હોવાથી તેની સારવાર ચાલી રહી હતી. દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. શરૂઆતમાં કરવામાં આવેલા રિપોર્ટમાં ચાંદીપુરા અંગેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો, પરંતુ બાદમાં લેવામાં આવેલા રિપોર્ટનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આ સાથે જ જામનગર જિલ્લામાં ચાંદીપુરાનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો છે. હાલ પાંચ બાળકો સારવાર હેઠળ છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, હાલ જામનગર જિલ્લામાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા ૫ બાળકો સારવાર હેઠળ છે, જ્યારે ૨ બાળકો સારવાર બાદ સ્વસ્થ થતાં ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આરોગ્ય તંત્ર દ્વારા શંકાસ્પદ કેસોમાં જરૂરી તપાસ અને સેમ્પલિંગની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અત્યાર સુધીમાં ચાંદીપુરાના શંકાસ્પદ કેસોના નવ દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું, જ્યારે કેટલાક શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

જામનગર જિલ્લામાં ચાંદીપુરાનો પ્રથમ પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ સક્રિય બન્યા છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા વધુ સઘન સર્વેલન્સ શરૂ કરવામાં આવ્યું છે. શંકાસ્પદ વિસ્તારોમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા મુલાકાત લઈ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી રહી છે. તાવ, ઊલટી, ખેંચ, બેભાન થવું સહિતના શંકાસ્પદ લક્ષણો ધરાવતા બાળકો પર ખાસ નજર રાખવામાં આવી રહી છે. ટીમ દ્વારા સંબંધિત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચાંદીપુરા વાઇરસ મુખ્યત્વે રેતીમાખી (સેન્ડફ્લાય)ના કરડવાથી ફેલાઈ શકે છે. તેથી આરોગ્ય તંત્ર દ્વારા લોકોને આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવા, મચ્છર-માખી અને રેતીમાખીના ઉપદ્રવથી બચવા તથા બાળકોમાં ચાંદીપુરા જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર અથવા હૉસ્પિટલનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. ■

# કચ્છના રાપરમાં ૩.૩ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર અને તેની આસપાસના વિસ્તારોમાં રવિવારની બપોરે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સિસ્મોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, બપોરે ૧:૩૪ વાગ્યે રિક્ટર સ્કેલ પર ૩.૩ની તીવ્રતા ધરાવતો ભૂકંપ નોંધાયો હતો, જેનું કેન્દ્રબિંદુ રાપરથી આશરે ૧૫ કિલોમીટર દૂર સ્થિત હતું.

ડરામણા અવાજ સાથે આવેલા આંચકાને પગલે કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો અને સાવચેતીના ભાગરૂપે લોકો પોતાના ઘરોની બહાર દોડી આવ્યા હતા. જો કે ભૂકંપના આંચકાના કારણે કોઈ જાનમાલને નુકશાની થયાના અહેવાલો પ્રાપ્ત થતા નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છ 'વેરી હાઈ રિસ્ક સિસ્મિક ઝોન'માં આવેલો પ્રદેશ છે અને અહીં અવારનવાર ભૂકંપના આંચકાઓ આવતા રહે છે.

કચ્છમાં વર્ષ ૨૦૦૧માં નોંધાયેલો વિનાશકારી ભૂકંપ ભારતમાં છેલ્લા ૨૦૦ વર્ષમાં આવેલો ત્રીજો સૌથી ભયાવહ મોટો ભૂકંપ હતો જેમાં સેંકડો લોકોનાં મોત થયા હતાં. ■

# આ વર્ષે વિદેશમાં વસતા ભાઈઓને રાખડી મોકલવાનું થશે મોંઘું, કુરિયર ચાર્જમાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રક્ષાબંધનનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બહેનો દૂર વસતા તેમના ભાઈઓને રાખડી મોકલવાની તૈયારી કરી રહી છે. જોકે જે બહેનોના ભાઈ સાત સમુદ્ર પાર વિદેશમાં વસે છે તેમને રાખડી મોકલવાનું બહેનોને મોંઘું પડવાનું છે. વિદેશમાં રાખડી મોકલવાના કુરિયર ચાર્જમાં લગભગ ૭થી ૧૦ ટકાનો વધારો થયો હોવાનું સૂત્રો જણાવે છે.

યુનાઇટેડ સ્ટેટ્સ, યુનાઇટેડ કિંગડમ, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા મુખ્ય દેશોમાં જતા કુરિયર્સ પર સૌથી વધુ અસર જોવા મળી રહી છે, કારણ કે રક્ષાબંધન પહેલાના અઠવાડિયા પિક ટાઈમ માનવામાં આવે છે. ગુજરાતી સમાજ બહુ મોટી સંખ્યામાં વિદેશમાં વસે છે. આથી સૌથી મોટા પ્રમાણમાં રાખડી અહીંથી વિદેશ મોકલવામાં આવે છે. વિદેશમાં વસતા ભાઈઓને રાખડીની સાથે મીઠાઈ, સૂકામેવા તેમ જ અમુક વસ્તુઓ પણ મોકલવામાં આવતી હોય છે. કુરિયરના ભાવ વધવાનું કારણ પ્લેનની ટિકિટોની વધતી કિંમતો અને ડૉલર સામે રૂપિયાની નબળી હાલત માનવામાં આવે છે.

આ સીઝનમાં પ્રીમિયમ કુરિયર સેવાઓ દ્વારા મોકલવામાં આવતા આંતરરાષ્ટ્રીય માલનો ખર્ચ સામાન્ય રીતે રૂ. ૨,૫૦૦-૩,૦૦૦ થાય છે, જે ગંતવ્ય સ્થાન, વજન, ડિલિવરી સમય અને ટ્રેકિંગ સુવિધાઓના આધારે થાય છે. સસ્તી સેવાઓ ઉપલબ્ધ છે, પરંતુ ઝડપી ડિલિવરી અને ઉન્નત ટ્રેકિંગ પસંદ કરતા ગ્રાહકો ગયા વર્ષ કરતાં વધુ ચૂકવણી કરી રહ્યા છે.

વિદેશમાં રાખડી સહિતની વસ્તુઓ મોકલવામાં માટે અમુક સસ્તી સુવિધાઓ પણ ઉપલબ્ધ છે, પરંતુ મોટા ભાગે મોકલનારા લોકો ટ્રેક કરી શકાય અને ઝડપથી પહોંચી જાય તેવી કુરિયર સેવાઓ પસંદ કરતા હોય છે, જે મોંઘી હોય છે. કુરિયર સર્વિસ આપતા લોકો જણાવે છે કે વધી રહેલી પ્લેનની ટિકિટ્સ અને લોજિસ્ટિક ખર્ચને કારણે ભાવ વધી રહ્યો છે. જોકે ડોમેસ્ટિક કુરિયર સર્વિસના ભાવમાં ખાસ વધારો નોંધાયો નથી, તેમ આ વેપાર સાથે સંકળાયેલા લોકો જણાવે છે. ■

# જ્યાં આજે કચ્છનું રણ છે ત્યાં એક સમયે નદીઓ વહેતી અને ખેતી થતી!: ૧,૦૦૦ વર્ષ જૂની માનવ વસાહત મળી

## ૧૦૦થી વધુ હાડપિંજરો અને પ્રાચીન અવશેષો ઉત્ખનનમાં પ્રાપ્ત થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભાતીગળ પ્રદેશ કચ્છના અફાટ રણમાં પાકિસ્તાન સરહદ નજીકથી એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને પ્રાચીન માનવ વસાહતના પુરાવા મળી આવ્યા છે. કચ્છ યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંયુક્ત સંશોધન દરમિયાન આ સાઇટ પરથી ૧૦૦થી વધુ માનવ હાડપિંજરો તેમજ ૧,૦૦૦થી ૧,૫૦૦ વર્ષ પુરાણા માટીનાં વાસણો, તાંબાના સિક્કા, રમકડાં અને બાંધકામના અવશેષો મળી આવ્યા છે.

પ્રાથમિક તબક્કે સંશોધકોએ આ સ્થળને 'બરબાદપુર' નામ આપ્યું છે. મળેલા અવશેષોની વિવિધતા પરથી એવું માનવામાં આવી રહ્યું છે કે આ માત્ર એક સાધારણ રહેણાક વિસ્તાર નહોતો, પરંતુ એક સમયની અત્યંત વિકસિત અને સમૃદ્ધ માનવ વસાહત હતી.

આ પુરાતત્ત્વીય સાઇટની શોધ સૌપ્રથમ વર્ષ ૨૦૨૪માં સીમા સુરક્ષા દળના જવાનો દ્વારા પેટ્રોલિંગ દરમિયાન કરવામાં આવી હતી.

ત્યારબાદ કચ્છ યુનિવર્સિટી દ્વારા અહીં વૈજ્ઞાનિક ઉત્ખનન હાથ ધરાયું હતું, જેમાં પાછળથી ડેક્કન કોલેજ યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટી જેવા પ્રતિષ્ઠિત સંસ્થાનના નિષ્ણાતો જોડાયા હતા.

કચ્છ યુનિવર્સિટીના જિયોલોજિસ્ટ ડો. ગૌરવ ચૌહાણના જણાવ્યા અનુસાર, ઉત્ખનનમાં મળી આવેલા તમામ ૧૦૦થી વધુ હાડપિંજરોમાં એક વિશિષ્ટ સમાનતા જોવા મળી છે. દરેક હાડપિંજરમાં માથું ઉત્તર દિશા તરફ, પગ દક્ષિણ દિશા તરફ અને મોં પશ્ચિમ દિશા તરફ રાખવામાં આવ્યું છે. દફનવિધિમાં જોવા મળેલી આ એકસમાનતા કોઈ ચોક્કસ ધાર્મિક માન્યતા અથવા તો તે સમયે ઘટેલી કોઈ મોટી હોનારત તરફ ઈશારો કરે છે.

પુરાતત્ત્વવિદોના અનુમાન મુજબ, આજે જ્યાં આકરો તાપ અને રણ પ્રદેશ છે, ત્યાં વર્ષો પહેલાં મીઠા પાણીના વહેણ અને ફળદ્રુપ જમીન હતી. આજથી સાડા પાંચ હજાર વર્ષ પહેલાં ધોળાવીરા ખાતે વસેલી સભ્યતા સમય જતાં પશ્ચિમ તરફ શિફ્ટ થઈ હતી. સિંધુ નદીના પ્રવાહ બદલાવાને કારણે લોકો નદીકાંઠાના આ ફળદ્રુપ રેતાળ પ્રદેશોમાં આવીને વસ્યા હોવાની શક્યતા છે. પ્રાથમિક સંશોધનમાં આ સાઇટનો સંબંધ પ્રાચીન સુમરા ડાયનેસ્ટી (રાજવંશ) સાથે પણ હોવાનું જાણવા મળ્યું છે. અહીં તે સમયે નાની ઊંચાઈવાળા વિસ્તારોમાં લોકો વસવાટ કરતા અને ઉત્તમ ખેતી કરતા હતા.

સંશોધકોનું માનવું છે કે વર્ષ ૧૮૧૯માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ અને તેના કારણે નદીઓના પ્રવાહમાં થયેલા ભૂગર્ભીય ફેરફારોને લીધે જમીનમાં દટાયેલા આ પ્રાચીન અવશેષો ધીમે-ધીમે જમીનની સપાટી પર આવ્યા હોઈ શકે છે.હવે આ માનવ અવશેષો અને પુરાતત્ત્વીય સામગ્રીનો ચોક્કસ સમયગાળો જાણવા માટે કાર્બન ડેટિંગ અને ડીએનએ વિશ્લેષણ જેવા આધુનિક વૈજ્ઞાનિક પરીક્ષણો હાથ ધરવામાં આવશે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની અંતિમ મંજૂરી મળ્યા બાદ અહીં વધુ વિસ્તૃત ઉત્ખનન શરૂ કરાશે, જેનાથી કચ્છના પ્રાચીન સામાજિક અને સંસ્કૃતિક ઇતિહાસના અનેક અણઉકેલાયેલાં રહસ્યો પરથી પડદો ઊંચકાશે. ■

# સુરેન્દ્રનગરમાં પોલીસના ઘરે ડબ્બા ટ્રેડિંગની તપાસ જેતપુરના પીઆઈ કરશે: એએસઆઈ સસ્પેન્ડ, ૨૩ સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: શહેરના રતનપર વિસ્તારમાં આવેલી રામેશ્વર ટાઉનશિપના મકાન નં. ૫૨માં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા કથિત ગેરકાયદે શેરબજારના ડબ્બા ટ્રેડિંગના નેટવર્ક પર રાજકોટ રેન્જ આઈજીની ટીમે દરોડો પાડી મોટી કાર્યવાહી હાથ ધરી છે. આ મકાનમાં ધજાળા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ સંજયસિંહ રાઠોડના ઘરે ડબ્બા ટ્રેડિંગનું નેટવર્ક ચાલતું હોવાની વિગતો બહાર આવી હતી. ઘટનાને પગલે એએસઆઈ સંજયસિંહ રાઠોડને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી છ આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા, જ્યારે તપાસમાં કુલ ૧૬ બ્રોકરો સહિત ૨૩ આરોપીઓ સામે જોરાવરનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ૧૦ લેપટોપ, ૨૯ મોબાઈલ ફોન, ૪ પેનડ્રાઈવ, નોટબુક, વાઈ-ફાઈ ઉપકરણો, ચાર્જર તેમજ રોકડ રકમ સહિત કુલ આશરે રૂ. ૩.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાથમિક તપાસમાં આ ગેરકાયદે ડબ્બા ટ્રેડિંગના નેટવર્કમાં ૧૦૦ કરોડથી વધુના હિસાબી વ્યવહારો મળી આવ્યા હોવાનો ખુલાસો થયો છે. તેમજ હાર-જીતની રકમની લેવડદેવડ આંગડિયા પેઢી મારફતે કરવામાં આવતી હોવાની પણ તપાસમાં વિગતો સામે આવી હોવાનું જાણવા મળ્યું હતું.

તપાસ દરમિયાન જતીન, લાલો, નિતેશ, એમએનટી, અજય, ડી.આર., સીસી, આકાશ, ચિરાગ, કે.પી., સુરેશ, સની, મિતલ, સ્વેતાંશુ અને પ્રશાંત સહિત કુલ ૧૬ બ્રોકરોના નામ સામે આવ્યા હોવાનું જણાવાયું હતું.

રાજકોટ રેન્જની ટીમે સ્થળ પરથી દિવ્યરાજસિંહ વનરાજસિંહ ચુડાસમા, વિપુલભાઈ કરશનભાઈ સિંધવ, અરુણભાઈ મહેન્દ્રભાઈ કોઠારી, દલસુખભાઈ કરશનભાઈ સિંધવ, વિજયભાઈ ગોવિંદભાઈ દેત્રોજા અને મકાનમાલિક નાથુભા કાનાભા રાઠોડ સહિત છ શખ્સોને ઝડપી લીધા હતા.

સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ કેસની તપાસ સુરેન્દ્રનગર પોલીસ પાસેથી આંચકી જેતપુરના પી.આઈ. એ.ડી. પરમારને સોંપવામાં આવી છે. રાજકોટ રેન્જ આઈજીપી નિર્લિપ્ત રાયની ટીમ દ્વારા કરાયેલી આ કાર્યવાહીમાં કબજે કરાયેલા લેપટોપ, મોબાઈલ ફોન, પેનડ્રાઈવ અને અન્ય ડિજિટલ તેમજ દસ્તાવેજી પુરાવાની તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ તપાસમાં જો ૧૦૦ કરોડથી વધુના વ્યવહારોની વિગતોની પુષ્ટિ થશે તો સમગ્ર ડબ્બા ટ્રેડિંગ નેટવર્કની નાણાકીય કડીઓ વધુ વિસ્તૃત બનવાની શક્યતા છે. સાથે જ આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંકળાયેલા છે અને આંગડિયા પેઢી મારફતે કેટલી રકમની હેરફેર થઈ છે તે દિશામાં પણ તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

એએસઆઈના ઘરે જ કથિત ગેરકાયદેસર શેરબજાર ડિલિંગનું નેટવર્ક ઝડપાતા પોલીસ બેડામાં પણ ભારે ચર્ચા જાગી છે અને અન્ય જવાબદાર અધિકારીઓ સામે પણ કાર્યવાહી થવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. ■

# અમદાવાદમાં પોશ વિસ્તારમાં પીજીમાં રહેતી યુવતી સાથે સિક્યોરિટી ગાર્ડે આચર્યું દુષ્કર્મ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી આવતા હજારો યુવાનો અભ્યાસ અથવા કામકાજ માટે આવે છે. મોટેભાગે તેઓ પેઈંગ ગેસ્ટ તરીકે એક રૂમ કે ફ્લેટ્સમાં રહેતા હોય છે. રેસિડેન્શિયલ સોસાયટીમાં પણ આ રીતે ફ્લેટ્સ આપવામાં આવે છે. જોકે આ યુવાનોની સુરક્ષા એક સવાલ જ છે. આ વાતને સાબિત કરતી ઘટના અમદાવાદના પોશ વિસ્તારમાં બની છે. અહીંની સોસાયટીમાં પીજી તરીકે રહેતી એક યુવતી સાથે સોસાયટીના વોચમેને જ દુષ્કર્મ આચર્યું હતું. જોકે પોલીસે આરોપીની કલાકોમાં પકડી પાડ્યો હતો.

ઘટનાની મળતી વિગતો અનુસાર યુવતી રાત્રે એપાર્ટમેન્ટના ધાબા પર જમ્યા બાદ વોક લેવા ગઈ હતી. અહીં સિક્યોરિટી ગાર્ડ ધરમસિંહ રામશંકરસિંહ પણ આવી ચડ્યો હતો અને તેણે ધાબાનો દરવાજો બંધ કરી દીધો હતો.

તેણે વાયરથી યુવતીના ગળાને દબાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને ત્યારબાદ તેને ધાબામાં જ લોક કરી જતો રહ્યો હતો. યુવતીએ થોડી તાકાત એકઠી કરી બૂમાબૂમ કરતા લોકો આવ્યા હતા અને પોલીસને બોલાવી હતી. પોલીસે અલગ અલગ ટીમ રવાના કરી આરોપીને પકડી લીધો હતો. પીડિતાને તાત્કાલિક મેડિકલ ટેસ્ટ માટે લઈ જવામાં આવી હતી.

આરોપી અંગે મળતી માહિતી અનુસાર મૂળ ઉત્તર પ્રદેશનો રહેવાસી વોચમેન સોસાયટીમાં સાતેક દિવસ પહેલા જ કામે લાગ્યો હતો. તેને કામ આપનારી સિક્યોરિટી એજન્સીએ કોઈ પણ પ્રકારનું પોલીસ વેરિફિકેશન વગર માત્ર ઓળખકાર્ડ લઈને તેને સોસાયટીમાં ગાર્ડ તરીકે કામે લગાડી દીધો હતો. એજન્સીની આ ગંભીર બેદરકારી બદલ તેની સામે પણ પગલાં લેવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ સાથે પોલીસે સોસાયટીને પણ પોતાને ત્યાં કામે રાખતા લોકોની માહિતી રાખવા સલાહ આપી હતી. ■

# અમદાવાદમાં અકસ્માત નીકળ્યો હત્યાનો બનાવ: દફનાવેલો મૃતદેહ કાઢી પોલીસ કરશે તપાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરની પોલીસ વર્ષો કે દાયકાઓ પહેલા બનેલી હત્યાના બનાવોનો પર્દાફાશ કરી રહી છે ત્યારે ફરી એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના દાણીલીમડા વિસ્તારમાં એક મહિના પહેલા બનેલી અકસ્માતની ઘટના હત્યા હોવાનું બહાર આવતા પોલીસે હવે તેનો દફનાવેલો મૃતદેહ બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી.

આ હત્યામાં પરિવારના લોકો અને જમાઈ સામેલ હોવાનું બહાર આવ્યું હતું. ઘરનો ૩૨ વર્ષનો દીકરો ખોટી લતે ચડી ગયો હતો અને રોજ માટે ઘરમાં ઝઘડા થતા હતા. તે પૈસા માગતો અને ન આપે તો માતા-પિતાને પણ હેરાન કરતો હતો. ઘટનાના દિવસે જમાઈ ઘરે આવ્યો હતો અને ઘરમાં ફરી પૈસાના મામલે ઝઘડો થયો હતો અને વાત મારામારીએ પહોંચી ગઈ હતી. આ કથિત ઝપાઝપીમાં ઘરના લોકોએ મૃતકને મારી નાખ્યો હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું.

ત્યારબાદ પરિવારે મૃતક ઘરની સીડી પરથી પડી ગયો અને મૃત્યુ પામ્યો તેવી વાર્તા બનાવી મૃતકની દફનવિધિ પણ કરી નાખી હતી. જોકે ખૂબ જ ઉતાવળમાં બનેલી આ ઘટનાએ શંકા જગાવી હતી અને એક સિનિયર પોલીસ અધિકારીએ પોતાની રીતે તપાસ શરૂ કરી હતી. આ માટે જમાઈને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો. પહેલા તો તેણે સીડી પરથી પડી જવાની વાતનું જ રટણ કર્યું હતું, પરંતુ પછીથી તે ભાંગી પડ્યો હતો અને તેણે હત્યા થઈ ગયાની કબૂલાત કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. હવે આ કેસ દાણીલીમડા પોલીસ સંભાળી રહી છે અને મૃતદેહને બહાર કાઢી તેનું પોસ્ટ મોર્ટમ કરવાની તજવીજ હાથ ધરવામાં આવશે, જેથી હત્યા અને તેની આસપાસની ઘટનાઓનો ચોક્કસ રિપોર્ટ મળી શકે. ■

# ૫૦ વર્ષીય શિક્ષિકા બાવીસ વર્ષના વિદ્યાર્થીના પ્રેમથી પરેશાન, યુવક સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૫૦ વર્ષીય એક મહિલા ટ્યુટરે તેનાંથી અડધાથી ઓછી ઉંમરના ભૂતપૂર્વ વિદ્યાર્થીથી પરેશાન થઈ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. વિદ્યાર્થીના લગ્ન પ્રસ્તાવને નકારી કાઢ્યા બાદ મહિનાઓ સુધી કથિત હેરાનગતિ મહિલાએ સહન કરી હતી. મહિલાએ ૨૨ વર્ષીય વિદ્યાર્થીને તેનો અભ્યાસક્રમ પૂરો થયા પછી તેના વર્ગોમાં જવાનું બંધ કરવા કહ્યું હતું. તેના બદલે, તેણે મહિનાઓ સુધી તેનો પીછો કર્યો, વારંવાર ફોન કર્યા, છરી બતાવી અને આત્મહત્યા કરવાની ધમકી આપી હતી. મહિલાની ફરિયાદ બાદ વેજલપુર પોલીસે યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધી હતી.

મહિલા ૨૮ અને ૨૪ વર્ષના બે સંતાનની માતા છે અને જુહાપુરા ખાતે અંગ્રેજી વિષયના ક્લાસ ચલાવે છે. વર્ષ ૨૦૨૫માં આ યુવક તેમને ત્યાં આવ્યો હતો અને ડિસેમ્બર ૨૦૨૫માં તેનો કોર્સ પૂરો થયો હતો. તે સમયે યુવકે મહિલા સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. મહિલાએ તેને અભ્યાસમાં ધ્યાન આપવાની સલાહ આપી હતી અને તે તેની માતાની ઉંમરની છે, તેમ પણ કહ્યું હતું. જોકે યુવકે તેનો પીછો છોડ્યો ન હતો અને અલગ અલગ રીતે તેને પરેશાન કર્યા હતા.

થોડા દિવસો પહેલા તે ચાકુ લઈ મહિલાના ઘરે આવી ગયો હતો. ત્યારબાદ મહિલાને વોટ્સ એપ દ્વારા મેસેજ મોકલી પોતે ઈમારતના ૧૫માં માળે હોવાનો અને આત્મહત્યા કરવાનો હોવાનું કહ્યું હતું. મહિલા ડરી ગઈ હતી અને તેણે તેને નીચે આવવા ફોન કરી કહ્યું હતું. જોકે તેણે ફરીથી બીજા દિવસે ફોન કરતા મહિલાએ વેજલપુર પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ■

# ખંભાત તાલુકા ભાજપના યુવા મોરચાના કારોબારી સભ્ય અને તેના મિત્ર સામે દુષ્કર્મની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જિલ્લાના ખંભાત તાલુકા ભાજપા યુવા મોરચાના કારોબારી સભ્ય સામે પરીણિતા પર અવારનવાર દુષ્કર્મ ગુજારવા મામલે ફરિયાદ નોંધાતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે. ખંભાતના એક ગામમાં રહેતો અને મૂળ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલો વિજય રાવજીભાઈ ચૌહાણ તાલુકા ભાજપ યુવા મોરચામાં કારોબારી સભ્ય છે. તેની સામે ૨૧ વર્ષની પરીણિત મહિલાએ દુષ્કર્મ ગુજારવા, અશ્લીલ વીડિયો-ફોટા ઉતારી બ્લેકમેઇલ કરવા તથા જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગંભીર આક્ષેપો સાથે ગુનો નોંધાવ્યો છે. આ મહિલાએ વિજય ચૌહાણના મિત્ર કિરણ જાદવ સામે પણ મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજાર્યું હોવાની ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ, વિજય ચૌહાણ જૂન ૨૦૨૫માં સોશિયલ મીડિયા મારફતે પીડિત પરિણીતાના સંપર્કમાં આવ્યો હતો. તેણે વાતોની જાળમાં ફસાવી મહિલા સાથે સંબંધ બાંધ્યા હતા અને આ દરમિયાન તેના કેટલાક વાંધાજનક ફોટા પોતાના ફોનમાં પાડી લીધા હતા. જો કે બાદમાં વિજય ચૌહાણે મહિલાના પરિવારજનો સમક્ષ માફી માગીને તમામ ફોટો-વીડિયો ડિલીટ કરી દેવાની ખાતરી આપી હતી. જો કે જય ચૌહાણે ફોટો-વીડિયો ડિલીટ કર્યા નહોતા. આરોપીએ અશ્લીલ સામગ્રી વાઈરલ કરી દેવાની ધમકી આપીને તે મહિલાને બળજબરીપૂર્વક ગેસ્ટ હાઉસ ખાતે લઈ ગયો હતો. ત્યાં તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. વિજયના મિત્ર કિરણ જાદવે પણ પરિણીતા પર દુષ્કર્મ ગુજાર્યું હતું અને એકબીજાના વીડિયો પણ શૂટ કરી લીધા હતા. આ વીડિયોના આધારે તેઓ પીડિતાને સતત બ્લેકમેઇલ કરતા હતા.

અંતે પરિણીતાએ સતત શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને કાયદાની વિવિધ કલમો હેઠળ આરોપીઓ વિજય રાવજીભાઈ ચૌહાણ અને કિરણ જાદવ વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# પાટણના સિદ્ધપુરમાં બે ખેડૂતોના અકસ્માતમાં કરુણ મોત: કારચાલક ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાટણ જિલ્લાના સિદ્ધપુર તાલુકામાં આવેલા બિલિયા ગામ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કારચાલકે બાઇકને જોરદાર ટક્કર મારતા બે ખેડૂતોના ગંભીર ઇજાને કારણે કરુણ મોત નીપજ્યાં હતાં. ઘટના બાદ અકસ્માત સર્જનાર કારચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે મૂકીને ભાગી છૂટ્યો હતો. આ કરુણ ઘટનાથી સમગ્ર બિલિયા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સિદ્ધપુર પોલીસે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ માટે તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ, બિલિયા ગામના વતની નવીન પટેલ અને અંબારામ પટેલ પોતાના ખેતરે ખેતીકામ અર્થે ગયા હતા. કામ પૂર્ણ કરીને જ્યારે બંને ખેડૂતો બાઇક પર ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે બિલિયા ગામ નજીક રોડ ક્રોસ કરતી વખતે પાછળથી પૂરપાટ ઝડપે આવતી કારના ચાલકે બેફામપણે વાહન હંકારીને તેમની બાઇકને અડફેટે લીધી હતી. આ ટક્કરમાં કારના આગળના ભાગનો પણ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે કારની ટક્કર વાગતા જ બાઇક સવાર બંને ખેડૂતો ફૂટબોલની માફક હવામાં ફંગોળાઈને આશરે ૨૦ ફૂટ દૂર જઈને રોડ પર પટકાયા હતા.

અકસ્માત બાદ ગંભીર રીતે ઘવાયેલા ખેડૂતોને તાત્કાલિક સારવાર અર્થે સિદ્ધપુરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે તેમને વધુ સઘન સારવાર માટે મહેસાણા લઈ જતી વખતે રસ્તામાં જ અંબારામ પટેલે દમ તોડી દીધો હતો, જ્યારે નવીન પટેલે બીજા દિવસે સારવાર દરમિયાન પ્રાણ ગુમાવ્યા હતા.

# મુંબઈ લોકલમાં ટિકિટ વિના મુસાફરી પડશે ભારે, ટીસીની સંખ્યા બમણી કરવાની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી એવી લોકલ ટ્રેનમાં હવે ટિકિટ વિના મુસાફરી કરતા પ્રવાસીઓ સામે કડક પગલાં લેવામાં આવશે. મુંબઈની લોકલ ટ્રેનોમાં ટિકિટ તપાસની વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવે દ્વારા ટિકિટ ચેકિંગ સ્ટાફની સંખ્યા આશરે બેગણી કરવાનો પ્રસ્તાવ રેલવે બોર્ડને મોકલવામાં આવ્યો હતો.

હાલમાં મધ્ય રેલવેના મુંબઈ વિભાગમાં આશરે ૧,૪૦૦ અને પશ્ચિમ રેલવેમાં આશરે ૧,૧૦૦ ટીસી કાર્યરત છે. પરંતુ દૈનિક લાખો પ્રવાસીઓની સંખ્યા જોતા આ સ્ટાફ ઓછો પડી રહ્યો છે. એવામાં ટીસીની સંખ્યામાં વધારો કરવા માટે નિમણૂક કરવાની માગ કરવામાં આવી છે. આ મંજૂરી મળશે તો ટીસીની સંખ્યામાં વધારો કરવામાં આવશે, જેથી લોકલ અને નોન-સબર્બન સેક્શનમાં ટિકિટ ચેકિંગની પ્રક્રિયા વધુ સઘન બનાવવામાં આવશે.

રેલવે બોર્ડના સ્ટાન્ડર્ડ અનુસાર દરેક ૧,૧૦૦ પ્રવાસીઓ પર ૧ ટિકિટ ચેકિંગ સ્ટાફ હોવો જોઈએ. મધ્ય રેલવેની મુંબઈ લોકલમાં દૈનિક સરેરાશ ૩૫ થી ૩૮ લાખ પ્રવાસીઓ મુસાફરી કરે છે, જ્યારે પશ્ચિમ રેલવેમાં ૨૮ થી ૩૦ લાખ પ્રવાસીઓ મુસાફરી કરે છે. આ રીતે મધ્ય રેલવેને અંદાજિત ૨,૮૦૦ ટીસી જ્યારે પશ્ચિમ રેલવેને આશરે ૨,૩૦૦ થી ૨,૪૦૦ ટીસીની જરૂર છે, એટલે કે કુલ ૪,૭૦૦ ટીસીની જરૂરિયાત છે.

મુંબઈના સબર્બન લોકલ ટ્રેનમાં દૈનિક ૭૦ લાખની આસપાસ પ્રવાસીઓની અવરજવર થાય છે. ડ્યૂટી પર હાજર ટીસીની સંખ્યા જોતા દરેક સ્ટેશનો અને લોકલ ટ્રેનોમાં નિયમિત ટિકીટ તપાસ કરવી શક્ય બનતી નથી, જેનો લાભ ઉઠાવી અમુક પ્રવાસીઓ વગર ટિકિટે મુસાફરી કરે છે તેમ જ ફર્સ્ટ કલાસ અને એસી લોકલમાં ટિકિટ વગર મુસાફરી કરવા જેવા મામલામાં પ્રતિબંધ લાવવામાં મુશ્કેલી પડે છે.

રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર ટીસીની સંખ્યા વધતા ટિકિટ વગર મુસાફરી કરતા પ્રવાસીઓ વિરુદ્ધ મોટા પાયે કાર્યવાહી કરવામાં આવશે. ભીડના સમયે મુખ્ય સ્ટેશનો પર અલગ તપાસ ટીમ તૈનાત કરવામાં આવશે. એસી લોકલ, ફર્સ્ટ ક્લાસ, મહિલા અને દિવ્યાંગ પ્રવાસીઓ માટે અનામત ડબ્બામાં નિયમોનું ઉલ્લંઘન પર અસરકારક કાર્યવાહી થઈ શકશે. તહેવારો, વિશેષ તપાસ અભિયાનો અને રાત્રીના સમયે અલગ ટીમ મારફત સઘન ચેકિંગ કરવામાં આવશે.

હાલમાં કાર્યરત ટીસી પર તપાસ અભિયાન સરપ્રાઈઝ ચેકિંગથી લઈને સ્પેશિયલ ડ્યૂટી તેમ જ મોટા સ્ટેશનો પર વધારાની જવાબદારીઓનું ઘણું ભારણ છે. વધુ સ્ટાફ મળવાથી વધુ સારી રીતે કામની વહેંચણી થઈ શકશે અને કર્મચારીઓના કામનું ભારણ પણ ઘટશે. મુંબઈ લોકલ ટ્રેનમાં દૈનિક લગભગ ૭૦થી ૮૦ લાખ પ્રવાસીઓ મુસાફરી કરે છે, જે આશરે ૪૫૦ કિલોમીટર લાંબા રેલવે નેટવર્કને સાચવે છે. ■



**હાલાકીઃ**
થાણેમાં છેલ્લા કેટલાક દિવસમાં ઓવળા ગામ પાસે સર્વિસ રોડ પર પડેલા મોટા મોટા ખાડાઓને કારણે રવિવારે ઘોડબંદર રોડ અને માજીવાડા જંકશન પર ટ્રાફિક જામ થયો હતો. (અમય ખરાડે)

# નાશિકમાં ધરતીકંપના હળવા આંચકા

## અનેક ઘરોમાં તિરાડો પડી, જાનહાનિના સમાચાર નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાશિકમાં રવિવારે હળવો ધરતીકંપ આવ્યા બાદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં તિરાડો પડી હતી. કોઈ જાનહાનિના અહેવાલ ન હોવાનું અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (એનસીએસ) મુજબ, શનિવારે રાત્રે ૧૦ વાગ્યે નાશિકમાં ૪.૩ ની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો, ત્યારબાદ રવિવારે વહેલી સવારે ૫.૩૩ વાગ્યે ૩.૩ ની તીવ્રતાનો ફરી ધરતીકંપ આવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા મુજબ, મહારાષ્ટ્ર-ગુજરાત સરહદ નજીક હટગડ પર્વતમાળાની નજીક ભાનવડ વિસ્તારમાં પાંચ કિ.મી.ની ઊંડાઈએ ધરતીકંપની પ્રવૃત્તિ નોંધાઈ હતી. જિલ્લાના નાશિક શહેર, સુરગાણા, કાલવાન, દેવલા, ચાંદવાડ, પેઠ, ડિંડોરી અને નિફાડ તાલુકામાં કેટલાક સ્થળોએ ધરતીકંપના આંચકા અનુભવાયા હતા, જેના કારણે રહેવાસીઓમાં ગભરાટ વ્યાપી ગયો હતો અને ડરના માર્યા રહેવાસીઓ તેમના ઘરોમાંથી બહાર નીકળી ગયા હતા.

જિલ્લા વહીવટી અધિકારીએ જણાવ્યું હતું કે સુરગાણા તાલુકાના ભાદર અને ડિંડોરી તાલુકાના નાનાશી ખાતે ઘરોની દીવાલોમાં તિરાડો પડી ગઈ છે. કોઈ જાનહાનિના અહેવાલ નથી. વિસ્તારમાં બંધનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું, પરંતુ કોઈ નુકસાન થયું નથી, એમ તેમણે જણાવ્યું હતું.

પ્રશાસને નાગરિકોને અપીલ કરી હતી કે લોકોએ ડરવું જોઈએ નહીં અને તેમણે કોઈપણ અફવાઓ પર વિશ્વાસ કરવો નહીં. જોકે દરેક વ્યક્તિએ સતર્ક રહેવું જોઈએ અને સુરક્ષાને લઈને સાવચેતી રાખવી જોઈએ. ■

# મિત્રો સાથે ફરવા નીકળેલા સગીરનું ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ

મુંબઈઃ મિત્રો સાથે ફરવા નીકળેલા ભિવંડીના ૧૭ વર્ષના સગીરનું મૃત્યુ થયું હોવાની ઘટના સામે આવી હતી. કલવા સ્ટેશન નજીક સગીર દરવાજા પર ઊભો હતો ત્યારે અચાનક હાથ છટકી જતાં તે નીચે પટકાયો હતો. મૃતકની ઓળખ મોહંમદ ફાઝીલ શફીક અન્સારી તરીકે થઇ હોઇ તે ભિવંડીના બાલા કંપાઉન્ડ વિસ્તારનો રહેવાસી હતો.

ભિવંડીથી નીકળેલા ફાઝીલ અન્સારી અને તેના મિત્રો ટ્રેન પકડીને કલ્યાણ સ્ટેશન આવ્યા હતા અને ત્યાંથી તેઓ મુંબઈ આવી રહ્યા હતા. ફાઝીલ દરવાજા પર ઊભો રહીને પ્રવાસ કરી રહ્યો હતો અને કલ્યાણ સ્ટેશન નજીક તેનો હાથ છટકી જતાં તે ટ્રેનમાંથી નીચે પડી ગયો હતો, જેમાં તેના માથામાં ગંભીર ઇજા પહોંચી હતી. રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)ની મદદથી ફાઝીલને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો. ફાઝીલના મૃતદેહને ત્યાર બાદ પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. ■

### સાંગલીમાં ‘શોલે’ સ્ટાઈલ ડ્રામા

# પ્રેમિકાને ‘હા’ પડાવવા પ્રેમી મોબાઈલ ટાવર પર ચડ્યો

સાંગલીઃ મહારાષ્ટ્રના સાંગલીના કુપવાડા વિસ્તારમાં ‘શોલે’ ફિલ્મ જેવો કિસ્સો સામે આવ્યો છે. અજય જાધવ નામનો યુવક પોતાની પ્રેમિકા તેના પ્રેમનો એકરાર કરે તે માટે ઊંચા મોબાઈલ ટાવર પર ચડી ગયો હતો. યુવકે સ્પષ્ટ કહ્યું હતું કે જ્યાં સુધી તેની પ્રેમિકા આવીને ‘હા’ નહીં કહે ત્યાં સુધી તે નીચે નહીં ઉતરે. આ ઘટનાથી વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

કુપવાડા વિસ્તારમાં રહેતો અજય જાધવ આજે બપોરે અચાનક એક ઊંચા મોબાઈલ ટાવર પર ચડી ગયો હતો. શરૂઆતમાં આસપાસ હાજર લોકોને આ મામલે કંઈ ખબર પડી નહોતી. બાદમાં યુવકે નીચે આવવાની મનાઈ ફરમાવતા લોકો સમક્ષ પોતાની માગ રજૂ કરી હતી. આ સૂચના મળતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

મોબાઈલ ટાવર પર બેઠેલા આ યુવકને પોલીસ દ્વારા પણ સમજાવવામાં આવ્યો હતો. આ ખબર વિસ્તારમાં ઝડપથી ફેલાઈ જતા આસપાસના વિસ્તારના સ્થાનિકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા. જેના લીધે ભારે ભીડ એકથી થઈ ગઈ હતી.

કુપવાડા પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર આનંદરાવ ઘાટગે અને તેમની ટીમે યુવકને સમજાવવા સતત પ્રયાસો કર્યા હતા. પોલીસે વીડિયો કોલ દ્વારા પણ વાતચીત કરી હતી, અને તેને વિશ્વાસ અપાવ્યો હતો કે તે સુરક્ષિત નીચે આવીને પોતાની વાત રજૂ કરે.

અથાગ પ્રયત્નો બાદ અજય નીચે આવવા સંમત થયો હતો. બાદમાં સુરક્ષિત નીચે ઉતરી ગયા બાદ સ્થાનિકો, પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે રાહતના શ્વાસ લીધા હતા. હાલમાં આ ઘટના પર લોકો વચ્ચે ચર્ચાએ ખૂબ જોર પકડ્યું છે. મોબાઈલ ટાવરથી યુવક નીચે તો ઉતરી ગયો પરંતુ તેની પ્રેમિકાએ ‘હા’ કહ્યું કે નહીં તે વાત અધૂરી છે, પરંતુ સૌના માટે શોલે ફિલ્મમાં બસંતીને મનાવવા માટે ધર્મેન્દ્ર પાણીની ટાંકી પર ચઢી જાય છે, ત્યારપછી બસંતીને લગ્ન કરવા માટે મનાવે છે, ત્યારે ગામ આખામાં ચર્ચાનું કારણ બની જાય છે. ■



**વારસોઃ**
થાણેમાં રવિવારે આયોજિત કરવામાં આવેલા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી માટે પરંપરાગત પહેરવેશ, શસ્ત્રો અને વાજિંત્રો લઈને આવેલા આદિવાસી બંધુઓને જોવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી અને તેમાં આ આદિવાસીઓ દ્વારા પરંપરાગત તારપા નૃત્ય કરવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

# નાગપુર રેલવે સ્ટેશન પર ડીઆરઆઈની મોટી કાર્યવાહીઃ ₹૩.૦૯ કરોડનું વિદેશી સોનું જપ્ત, એકની અટકાયત

નાગપુરઃ નાગપુર રેલવે સ્ટેશન પર ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ની ટીમે સૌથી મોટી કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહી હેઠળ આશરે ૩ કરોડ ૯ લાખ રૂપિયાની કિંમતનું વિદેશી સોનું ઝડપી પાડ્યું હતું. આ સોનું ભારત-બાંગ્લાદેશ સીમાની તસ્કરી મારફતે દેશમાં લાવવામાં આવ્યું હતુ, અને ટ્રેન દ્વારા આગળ લઇ જવામાં આવી રહ્યું હતું. ડીઆરઆઈની નાગપુર ટીમે ગુપ્ત સૂચનાના આધારે જ્ઞાનેશ્વરી એક્સપ્રેસમાં કાર્યવાહી કરતા સંદિગ્ધ પ્રવાસીને દબોચી લીધો હતો. તેની પાસેથી ૧૬ સોનાના બિસ્કિટ જપ્ત કરવામાં આવ્યા હતા.

મળતી વિગતો અનુસાર જપ્ત કરેલા સોનાના બિસ્કિટનું વજન ૨.૧૬૫ કિલોગ્રામ જેટલું મળી આવ્યું હતું. જેની અંદાજિત કિંમત ૩ કરોડ ૯ લાખ રૂપિયા જણાવવામાં આવી હતી. ડીઆરઆઇના અધિકારીઓને સૂચના મળી હતી કે દાણચોરી કરાયેલા સોનાને જ્ઞાનેશ્વરી એક્સપ્રેસ મારફતે આગળ લઇ જવામાં આવી રહ્યું હતું, ત્યાર બાદ અધિકારીઓએ નાગપુર સ્ટેશન પર સંદિગ્ધ પ્રવાસી પર તાતી નજર રાખીને તેને ઝડપી પાડ્યો હતો.

દાણચોરીનું સોનું છુપાવવા માટે આરોપીઓએ ખાસ પ્રકારની પદ્ધતિ અપનાવી હતી. સોનાના બિસ્કિટ પેન્ટની રંગીન સેલોટેપથી લપેટીને જૂના છાપામાં બાંધીને રાખ્યા હતા. જેનો હેતુ સોનાની ઓળખ છુપાવવી અને તપાસ દરમિયાન સુરક્ષા એજન્સીને ભરમાવવાનો હતો. જોકે ડીઆરઆઈને મળેલી ગુપ્ત જાણકારીના લીધે દાણચોરીની યોજના નિષ્ફળ બનાવી હતી.

પ્રાથમિક તપાસમાં આરોપી દ્વારા કથિતપણે દાણચોરીના સોનાને છુપાવવા અને તેને નિશ્ચિત વ્યક્તિ સુધી પહોંચાડવાની વાત સ્વીકારવામાં આવી હતી. ડીઆરઆઈએ સીમા શુલ્ક અધિનિયમ ૧૯૬૨ની જોગવાઈઓ હેઠળ સોનું જપ્ત કરી આરોપી પ્રવાસીની અટકાયત કરી હતી. હાલમાં ડીઆરઆઈ આ સમગ્ર મામલે ઊંડી તપાસ કરી રહી છે. એજન્સીએ ભારતમાં આટલું સોનુ ક્યાંથી લાવવામાં આવ્યું અને દાણચોરીના નેટવર્કમાં અન્ય કેટલા લોકો સામેલ છે અને જપ્ત કરાયેલું સોનું ક્યાં વ્યક્તિ સુધી પહોંચાડવામાં આવતું હતું, આ દરેક બાબતો વિશે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ■

# બાંદ્રામાં યુવકે ૧૩મા માળેથી ઝંપલાવી જીવાદોરી ટૂંકાવી

## ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ અને તેની બહેન વિરુદ્ધ ગુનો

મુંબઈઃ ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ અને તેની બહેને ખોટા કેસમાં ફસાવવાની ધમકી આપ્યા બાદ ૨૪ વર્ષના યુવકે ઇમારતના ૧૩મા માળેથી ઝંપલાવીને આત્મહત્યા કરી હોવાની ઘટના બાંદ્રા વિસ્તારમાં બની હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ૬ ઑગસ્ટે આ ઘટના બની હતી. સનથ રાઘવન નામના યુવકની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે સનથની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ અને તેની બહેન વિરુદ્ધ આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કર્યો હતો.

બાંદ્રા પૂર્વમાં આવેલી ઇમારતમાં માતા-પિતા અને નાના ભાઇ સાથે રહેતો યુવક અગાઉ જજ પાસે લૉ ક્લર્ક તરીકે કામ કરી ચૂક્યો હતો. યુવક તાજેતરમાં માનસિક તણાવ હેઠળ હતો. છ ઑગસ્ટના રોજ બે મિત્રોએ યુવકની માતાને કૉલ કર્યો હતો અને જણાવ્યું હતું કે યુવક બેંગલુરુમાં અભ્યાસ કરતો હતો ત્યારે તેના યુવતી સાથે સંબંધ બંધાયા હતા. જોકે બંને વચ્ચે બ્રેક-અપ થયા બાદ યુવતી અને તેની મોટી બહેન યુવકને ખોટા પોલીસ કેસમાં ફસાવવાની ધમકી આપી રહી હતી. દરમિયાન માતાએ આ અંગે પૂછપરછ કરતાં યુવકે તમામ હકીકત જણાવી હતી. માતા ફોન પર વાત કરી રહી હતી ત્યારે યુવક બેડરૂમમાં ગયો હતો અને અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. બાદમાં તેણે ૧૩મા માળના ફ્લેટમાંથી નીચે ઝંપલાવ્યું હતું. યુવકને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. (પીટીઆઇ)■

### નાગપુર બળાત્કાર કેસ

# પોલીસ રિમાન્ડના બે દિવસ અપૂરતા છે, કેસની સુનાવણી ઝડપી થવી જોઈએઃ નીલમ ગોરહે

નાગપુર : થાણેના એક યુવક દ્વારા ૧૬ વર્ષની કિશોરી પર કથિત જાતીય હુમલાના મામલે શિવસેનાના નેતા નીલમ ગોરહેએ રવિવારે ફાસ્ટ ટ્રેક કાર્યવાહીની માગ કરી હતી અને આરોપીના બે દિવસના પોલીસ રિમાન્ડ પર અસંતોષ વ્યક્ત કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૯ વર્ષીય નિર્મય માધવ પખારેએ કથિત રીતે કિશોરીને ૩૦ કલાકથી વધુ સમય સુધી બંધક બનાવી રાખી હતી અને બાંધી રાખી હતી. તેણે કિશોરી પર જાતીય હુમલો કર્યો હતો અને છરી વડે લગભગ ૨૦ ઘા માર્યા હતા. સોમવારે પોલીસે તેને એક ભાડાના રૂમમાંથી મુક્ત કરાવી હતી.

વિધાન પરિષદના સભ્ય નીલમ ગોરહે અહીંના હુડકેશ્વર પોલીસ સ્ટેશનમાં અધિકારીઓને મળ્યા બાદ પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યાં હતાં. તેમણે પીડિતાના પરિવાર સાથે ફોન પર વાતચીત પણ કરી હતી. ગોરહેએ પોલીસ તપાસ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને દાવો કર્યો હતો કે કિશોરીના ગુમ થયાની જાણ કરવા માટે પરિવારે સંપર્ક કર્યા બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી હતી. છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ બુધવારે રાત્રે સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા આરોપી પખારેને ગુરુવારે પોલીસ રિમાન્ડ પૂરા થયા બાદ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો હતો. ગોરહેએ કહ્યું કે તેઓ આ કેસના સંદર્ભમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેઅને સુનેત્રા પવારને મળશે. તેમણે આ કેસની સુનાવણી ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં કરવાની માગ પણ કરી હતી અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મુખ્યમંત્રી આ બાબતે ધ્યાન આપશે.

સેનાના નેતાએ આ કેસમાં વધુ લોકોની સંડોવણીની શંકા વ્યક્ત કરી હતી, તેમજ આરોપીને મદદ કરનાર પર પણ કાર્યવાહી કરવા માગ કરી હતી. ઉપરાંત, આરોપીએ અન્ય યુવતીઓ સાથે પણ આવાં કૃત્યો કર્યાં છે કે કેમ તે તપાસવાની પણ માગ કરી. નાગપુર પોલીસે થાણે જિલ્લામાં આવેલા આરોપીના ઘરેથી ધારદાર હથિયારો, એક લેપટોપ અને ગર્ભનિરોધક સાધનોનો મોટો જથ્થો પણ જપ્ત કર્યો છે. (પીટીઆઈ)■

# થાણેમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર સિક્યોરિટી ગાર્ડનો મૃતદેહ મળ્યો

થાણેઃ થાણેમાં કન્સ્ટ્રક્શન સાઇટ પર બેઝમેન્ટ એરિયામાં રવિવારે ૬૦ વર્ષનો સિક્યુરિટી ગાર્ડનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના હાથની એક આંગળી તૂટેલી હતી અને તેના શરીર પર ઇજાના નિશાન મળી આવતાં તેની હત્યા કરાઇ હોવાની શંકા વ્યક્ત કરાઇ છે.

મૃતકની ઓળખ અશોક સાળુંખે તરીકે થઇ હતી, જે સ્ટેશન એરિયા ટ્રાફિક ઇમ્પ્રૂવમેન્ટ સ્કીમ (એસએટીઆઇએસ-૨) પ્રોજેક્ટ સાઇટ પર કોન્ટ્રેક્ટ પર સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

સાળુંખે શનિવારે સવારે આઠ વાગ્યે કામ પર આવ્યો હતો અને રાતે આઠ વાગ્યા સુધી ત્યાં હતો. જોકે ડ્યૂટી પત્યા બાદ તે કોપરી વિસ્તારમાં પોતાના ઘરે પહોંચ્યો નહોતો. પરિવારજનોએ આખી રાત શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ પત્તો લાગ્યો નહોતો. જોકે રવિવારે સવારે કન્સ્ટ્રક્શન સાઇટ પર બેઝમેન્ટ એરિયામાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો, જેને પગલે કોપરી પોલીસને તેની જાણ કરાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સાળુંખેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ તેના મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ જાણી શકાશે, એમ અધિકારીએ કહ્યું હતું.(પીટીઆઇ)■

# ડાયરેક્ટર શકીલ નૂરાની પર રેપનો આરોપ, મુંબઈ પોલીસે કરી ધરપકડઃ ૩૩ વર્ષની એક્ટ્રેસે કરી ફરિયાદ

મુંબઈઃ ફિલ્મ ઉદ્યોગમાં અત્યાર સુધી અનેક અભિનેત્રીઓ કાસ્ટિંગ કાઉચને લઈને પોતાના અનુભવો શેર કરી ચૂકી છે અને હવે મનોરંજન જગતમાંથી વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ફિલ્મ ‘જોરૂ કા ગુલામ’ સહિત અનેક જૂની અને ચર્ચાસ્પદ હિન્દી ફિલ્મોનું દિગ્દર્શન કરી ચૂકેલા પ્રખ્યાત ડિરેક્ટર શકીલ નૂરાનીની મુંબઈની માલવણી પોલીસે યૌન ઉત્પીડનના કેસમાં ધરપકડ કરી છે.

શકીલ નૂરાની (૭૩) સામે ૩૩ વર્ષીય અભિનેત્રીએ દુષ્કર્ષ અને યૌન ઉત્પીડનના આરોપ લગાવતા માલવણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ મુંબઈ પોલીસે આ દિગ્દર્શકની ધરપકડ કરી છે. શકીલ નૂરાનીની ધરપકડ કર્યા બાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ૧૨ ઓગસ્ટ સુધીની પોલીસ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે.

‘બડે દિલવાલા’ (૧૯૯૯) અને ‘જોરૂ કા ગુલામ’ (૨૦૦૦) જેવી ફિલ્મોના લેખન, નિર્માણ અને દિગ્દર્શન માટે જાણીતા શકીલ નૂરાની પર પીડિતાએ એવો આરોપ કર્યો છે કે ફિલ્મ પ્રોજેક્ટ પર ચર્ચા કરવાના બહાને શકીલે તેને પોતાના ઘરે બોલાવી હતી.

પોલીસે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, દિગ્દર્શક શકીલ નૂરાનીએ આગામી ફિલ્મ પ્રોજેક્ટ પર ચર્ચા કરવાના બહાને ૩૩ વર્ષીય અભિનેત્રીને માલવણી સ્થિત પોતાના ઘરે બોલાવી હતી.

આરોપ છે કે ત્યાં તેમણે મહિલાનું યૌન ઉત્પીડન કર્યું હતું. આ મામલામાં મહિલાને કથિત રીતે નશીલો પદાર્થ આપવાનો અને બાદમાં કથિત વીડિયોના માધ્યમથી તેને ધમકી આપવાના આરોપો પણ સામેલ છે.

માલવણી પોલીસે આ મામલામાં શકીલ નૂરાની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) ની કલમ ૬૪(૨)(ખ), ૧૨૩, ૩૫૧(૨) અને ૮૮ હેઠળ ગુનો નોંધ્યો છે. ધરપકડ કર્યા બાદ શકીલ નૂરાનીને માલવણી પોલીસે બોરીવલી હોલિડે કોર્ટમાં રજૂ કર્યા હતા, જ્યાંથી તેમને ૧૨ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. શકીલ નૂરાની હિન્દી સિનેમાના જાણીતા લેખક, દિગ્દર્શક અને નિર્માતા છે. તેમણે ૧૯૯૧માં રિલીઝ થયેલી ‘વિષ્ણુ દેવા’થી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું હતું.

તેમણે ૧૯૯૯માં રિલીઝ થયેલી ‘બડે દિલવાલા’થી લેખન ક્ષેત્રે ઝંપલાવ્યું હતું. જેના તેઓ દિગ્દર્શક અને નિર્માતા પણ હતા. તેમણે ગોવિંદા અને ટ્વિંકલ ખન્ના અભિનીત ‘જોરૂ કા ગુલામ’નું પણ દિગ્દર્શન કર્યું હતું. વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયેલી આ ફિલ્મ હિટ રહી હતી. ■

# રેલવે બોર્ડના ‘સ્ટેશન મહોત્સવ’ હેઠળ મુંબઈનાં પાંચ ઐતિહાસિક રેલવે સ્ટેશનોનો જન્મદિવસ ઉજવાશે

## સેન્ટ્રલ રેલવે પર કલ્યાણ, કર્જત, ખંડાલા અને ખોપોલી સ્ટેશનોની ઉજવણી

મુંબઈઃ મુંબઈના રેલવે ઈતિહાસની વિશેષ ઉજવણી થવા જઈ રહી છે, જેમાં રેલવે બોર્ડ દ્વારા શહેરના પાંચ ઐતિહાસિક સ્ટેશનોની એક અનોખા ‘સ્ટેશન મહોત્સવ જન્મદિનની ઉજવણી’ માટે પસંદગી કરવામાં આવી છે. આ ઉજવણી તે તારીખોને યાદ કરશે જ્યારે આ સ્ટેશનો અસ્તિત્વમાં આવ્યા હતા, અને તેના દ્વારા રેલવેના એવા મહત્વપૂર્ણ સ્થળો પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે જે ૧૫૦ વર્ષથી વધુ સમયથી આ ક્ષેત્રના વિકાસનો હિસ્સો રહ્યા છે. સેન્ટ્રલ રેલવે પર ૧૮૫૪માં સ્થપાયેલ કલ્યાણ સ્ટેશન ૯ ઓક્ટોબરે તેનો સ્થાપના દિવસ ઉજવશે. ૧૮૬૩માં સ્થપાયેલા કર્જત અને ખંડાલા સ્ટેશનો અનુક્રમે ૧૪ ઓક્ટોબર અને ૨૩ ઓક્ટોબરે તેમની વર્ષગાંઠની ઉજવણી કરશે. ૧૮૫૬માં સ્થપાયેલ ખોપોલી સ્ટેશન ૧૮ નવેમ્બરે ઉજવણી કરશે. વેસ્ટર્ન રેલવે પર, ૨૮ નવેમ્બર ૧૮૬૪ના રોજ અસ્તિત્વમાં આવેલા બાંદ્રા સ્ટેશનની ઉજવણી નવેમ્બર મહિનામાં યોજાનાર છે.

આ પાંચ સ્ટેશનો મુંબઈની રેલવે ગાથાના વિવિધ અધ્યાયોનું પ્રતિનિધિત્વ કરે છે. કલ્યાણ મુંબઈને દખ્ખણ સાથે જોડતા એક મહત્ત્વપૂર્ણ જંક્શન તરીકે ઊભરી આવ્યું, જ્યારે કર્જત અને ખંડાલા પશ્ચિમ ઘાટ તરફના ઐતિહાસિક ચઢાણ પરના નિર્ણાયક સ્થળો બન્યા હતા. ખોપોલી પણ મુંબઈની બહાર રેલવેના પ્રારંભિક વિસ્તરણનો વારસો ધરાવે છે. બીજી તરફ, બાંદ્રા મુંબઈના ઉપનગરી રેલવે નેટવર્કના વિકાસ અને પશ્ચિમી ઉપનગરોના પરિવર્તનને પ્રતિબિંબિત કરે છે.

રેલવે બોર્ડે ચાર મહિનાના ઉજવણી કાર્યક્રમ માટે સમગ્ર ભારતમાં ૧૦૩ હેરિટેજ સ્ટેશનોની પસંદગી કરી છે. દરેક ઝોનલ રેલવેને તારીખો સૂચવવા અને સ્ટેશનના ઇતિહાસ તથા વારસાને લગતા કાર્યક્રમોનું આયોજન કરવા માટે કહેવામાં આવ્યું છે. સમગ્ર દેશમાં, આ યાદીમાં હાવડા, સીલદાહ, લખનૌ, જયપુર, જોધપુર, દાર્જિલિંગ, મૈસૂર અને તિરુવનંતપુરમ જેવા જાણીતા સ્ટેશનોનો સમાવેશ થાય છે. મુંબઈ માટે, આ ઉજવણીઓ એક વર્ષગાંઠ કરતાં પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તે શહેરના રેલવે વારસાને ફરીથી જાણવાની અને તેના ઉપનગરો, વ્યાપારી માર્ગો તથા વિશાળ ક્ષેત્ર સાથેના સંપર્કોને ઘડવામાં આ સ્ટેશનોએ ભજવેલી ભૂમિકાને સમજવાની તક પૂરી પાડે છે. ■

# સપ્તાહ દરમિયાન ક્રૂડતેલના ભાવ, પશ્ચિમ એશિયાના અહેવાલો અને ફુગાવાના ડેટા પર બજારની વધઘટ અવલંબિત

નવી દિલ્હીઃ વર્તમાન સપ્તાહે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવની વધઘટ, પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવની સ્થિતિ અને સપ્તાહ દરમિયાન જાહેર થનારા ફુગાવાના ડેટાની બજારની વધઘટ પર અસર જોવા મળે તેવી શક્યતા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યા હતા. વધુમાં દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પૂર્વવત્ અથવા તો વિક્ષેપિત રહેવાના અહેવાલો, સ્થાનિક બજારમાં વિદેશી રોકાણકારોની લે-વેચ ઉપરાંત વર્તમાન નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકગાળાના જાહેર થનારા પરિણામોની પણ બજાર પર અસર જોવા મળશે, એવું વિશ્લેષકોનું માનવું છે.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સ્તરે જાહેર થનારા જુલાઈ મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટા પર રોકાણકારોની નજર મંડાયેલી રહેશે. તેમ જ ગત શુક્રવારે મોડી સાંજે જાહેર થયેલા વિદેશી હૂંડિયામણની અનામતમાં થયેલા ૧૦ અબજ ડૉલરના વધારાને કારણે જોવા મળેલી બાહ્ય ક્ષેત્રની સ્થિરતાની બજાર પર અસર રહેશે. આ સિવાય સપ્તાહ દરમિયાન હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ., ભારત ફોર્જ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ અને ટાટા મોટર્સ જેવી કંપનીઓનાં પરિણામોની જાહેરાત થનારી હોવાથી પરિણામોની પણ બજાર પર અસર જોવા મળશે, એમ રેલિગેર બ્રોકિંગ લિ.નાં સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

વધુમાં વૈશ્વિક સ્તરે બજાર વર્તુળોની મીટ સ્ટ્રેટ હોર્મુઝ રાબેતા મુજબ થવા માટે થઈ રહેલી પ્રગતિ, ક્રૂડતેલની વધઘટ અને ઈરાન સાથેની ભૂરાજકીય તણાવ હળવો કરવા માટે થઈ રહેલી વાટાઘાટો પર અવલંબિત રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

વર્તમાન સપ્તાહે મુખ્યત્વે મધ્યપૂર્વના દેશોમાં તણાવ હળવો થવાની દિશાની પ્રગતિ અને જુલાઈ મહિનાના અમેરિકાનાં ફુગાવાના ડેટા પર બજાર વર્તુળોની મીટ મંડાયેલી રહેશે અને તેમાં પણ ઈરાનની ઓમાન સાથેની સ્ટ્રેટ ઑફ હોર્મુઝને ધ્યાનમાં રાખીને થતી વાટાઘાટો કેન્દ્ર સ્થાને રહેશે, એમ ઓનલાઈન ટ્રેડિંગ અને વૅલ્થટેક કંપની એનરિચ મનીના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું.

દરમિયાન ગત સપ્તાહે અથવા તો ઑગસ્ટ મહિનાના પહેલા સપ્તાહમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૨,૯૨૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. તેમ જ ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ સાપ્તાહિક ધોરણે ૪૦૪.૫૩ પૉઈન્ટ અથવા તો ૦.૫૧ ટકા વધીને અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ૧૮૭.૦૫ પૉઈન્ટ અથવા તો ૦.૭૬ ટકા વધીને બંધ રહ્યો હતો. ગત સપ્તાહે નવાં ક્લોઝિંગ ઑક્શન સેશન (સીએએસ) અને એફ ઍન્ડ ઓ સ્ટોકનાં માળખાંમાં ફેરફાર અમલી બનાવાયા હતા તેમ જ રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનેટરી પૉલિસીની બેઠકમાં વ્યાજદર યથાવત્ રાખવા અંગે લીધેલા નિર્ણયની બજાર પર અસર રહેતાં ભારે ચંચળતાને અંતે પણ બજાર સુધારાના અન્ડરટોને બંધ રહ્યું હોવાનું અજિત મિશ્રાએ ઉમેર્યું હતું.

તે જ પ્રમાણે સ્વસ્તિકા ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ સંતોષ મીનાએ જણાવ્યું હતું કે ગત સપ્તાહનું મુખ્ય કેન્દ્ર બિંદુ ક્લોઝિંગ ઑક્શન સેશન (સીએએસ) જ રહ્યું હતું, જ્યારે વર્તમાન સપ્તાહે આગામી ૧૨મી ઑગસ્ટે ભારતનાં જુલાઈ મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સનાં અને ૧૪મી ઑગસ્ટે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટાની જાહેરાત થનારી હોવાથી આર્થિક દૃષ્ટિએ સપ્તાહ મહત્ત્વનું છે. આ સિવાય વૈશ્વિક સ્તરે આગામી ૧૨મી અને ૧૩મી ઑગસ્ટના રોજ અમેરિકાના અનુક્રમે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સના ડેટાની જાહેરાત થનાર છે. ■

# ઑગસ્ટના પહેલા સપ્તાહમાં વિદેશી રોકાણકારોની ₹ ૧૨,૯૨૧ કરોડની ખરીદી

નવી દિલ્હીઃ તાજેતરમાં બૃહદ્ આર્થિક સ્થિતિમાં સુધારો, અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતનો આશાવાદ, ક્રૂડતેલના ભાવમાં ઘટાડો અને રૂપિયામાં સ્થિરતા આવતા ઑગસ્ટ મહિનાના પહેલા સપ્તાહમાં વિદેશી રોકાણકારોની ભારતીય ઈક્વિટીમાં લેવાલી જળવાઈ રહેતાં રૂ. ૧૨,૯૨૧ કરોડની ખરીદી રહી હતી.

અગાઉ સતત ચાર મહિના સુધી વિદેશી રોકાણકારોની ઈક્વિટીમાં આક્રમક વેચવાલી જળવાઈ રહ્યા બાદ ગત જુલાઈ મહિનામાં વિદેશી રોકાણકારોનો રૂ. ૨૦,૨૦૦ કરોડનો ચોખ્ખો આંતરપ્રવાહ રહ્યો હતો. વિદેશી રોકાણકારોની ગત માર્ચ મહિનામાં રૂ. ૧.૧૭ લાખ કરોડની, એપ્રિલ મહિનામાં રૂ. ૬૦,૮૪૭ કરોડની, મે મહિનામાં રૂ. ૩૨,૯૬૩ કરોડની અને જૂન મહિનામાં રૂ. ૪૯,૩૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તે પૂર્વે ફેબ્રુઆરી મહિનામાં રૂ. ૨૨,૬૧૫ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાનું સીડીએસએલએ આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે તાજેતરમાં વિદેશી રોકાણકારોની ખરીદી જોવા મળી રહી હોવા છતાં વર્ષ ૨૦૨૬માં વિદેશી રોકાણકારો ચોખ્ખા વેચવાલ જ રહ્યા છે. કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં સમગ્ર વર્ષ દરમિયાન જોવા મળેલી તેઓની કુલ રૂ. ૧.૬૬ લાખ કરોડની વેચવાલી અથવા તો બાહ્યપ્રવાહ સામે વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં તેઓએ રૂ. ૨.૪૧ લાખ કરોડ પાછાં ખેંચ્યા છે.

તાજેતરમાં વિદેશી રોકાણકારોનો જોવા મળેલો આંતરપ્રવાહ મુખ્યત્વે અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતનો આશાવાદ ઉપરાંત ક્રૂડતેલના ભાવમાં ઘટાડો તથા રૂપિયામાં સ્થિર વલણ રહેતાં રોકાણકારોનાં માનસમાં બદલાવનો નિર્દેશ આપે છે. વધુમાં રિઝર્વ બૅન્કે વૃદ્ધિ અને ફુગાવાનો વરતારો પ્રોત્સાહક આપતાં રોકાણકારોના વિશ્વાસમાં વધારો થયો છે. તેમ જ ભારતીય ઈક્વિટીમાં ઓછી વિદેશી માલિકી ધરાવનારા માટે નવી ફાળવણીનો અવકાશ પણ સર્જાયો હોવાનું રોકાણ પ્લેટફોર્મ ધરાવતી કંપની ટ્રેકનાં સહ સંસ્થાપક અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર વેદાન્ત ગુપ્તેએ જણાવતા ઉમેર્યું હતું કે તાજેતરમાં વિદેશી રોકાણકારોની જોવા મળેલી ખરીદીમાં મોટાભાગનું રોકાણ સેકન્ડરી માર્કેટમાં જોવા મળ્યું છે જે આઈપીઓ કરતાં ભારતીય લિસ્ટેડ કંપનીઓમાં વધુ રસ હોવાના સંકેત આપે છે.

વધુમાં બજાજ બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના નાયબ ઉપપ્રમુખ પબિત્રો મુખરજીએ જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવમાં ઘટાડો અને ક્રૂડ તેલના ભાવ ઘટતાં બજારનું સેન્ટિમેન્ટ સુધરતાં સ્થાનિક તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી જોવા મળી હતી. ■

# એફડીઆઈના પ્રસ્તાવને કેબિનેટની મંજૂરી માટેની મર્યાદા વધારવા સરકારની વિચારણા

નવી દિલ્હીઃ દેશમાં વિદેશી રોકાણકારો માટે રોકાણની સાનુકૂળ પરિસ્થિતિ નિર્માણ થાય તે માટે સરકાર સીધા વિદેશી રોકાણ માટે કેબિનેટ કમિટી ઑન ઈકોનોમિક અફેર્સ (સીસીઈએ)ની મંજૂરી માટેની મર્યાદા જે હાલ રૂ. ૫૦૦૦ કરોડની છે તે વધારીને રૂ. ૧૫,૦૦૦ કરોડ કરવાની વિચારણા કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કેબિનેટ કમિટી ઑન ઈકોનોમિક અફેર્સ એ એક વડા પ્રધાનના વડપણ હેઠળની ઉચ્ચસ્તરીય સમિતિ છે અને તેમાં ગૃહ પ્રધાન અને નાણાં પ્રધાન જેવાં ટોચના કેન્દ્રિય કેબિનેટના પ્રધાનોનો સમાવેશ થતો હોય છે.

હાલની સીધા વિદેશી રોકાણની નીતિ અંતર્ગત જો વિદેશી ઈક્વિટીનો રોકાણ આંતરપ્રવાહ રૂ. ૫૦૦૦ કરોડથી વધુનો પ્રસ્તાવ હોય તો તેની અરજી સમિતિ સમક્ષ મુકવામાં આવે છે, જ્યારે રૂ. ૫૦૦૦ કરોડ કરતાં ઓછા રોકાણનો પ્રસ્તાવ હોય તો સંબંધિત મંત્રાલય દ્વારા નિર્ણય લેવામાં આવે છે. જોકે, આ મર્યાદામાં નવેમ્બર, ૨૦૧૫ પછી કોઈ ફેરફાર કરવામાં નથી આવ્યા.

સૂત્રોએ જણાવ્યું હતું કે હાલની આર્થિક સ્થિતિ, ફુગાવો, છેલ્લા કેટલાક સમયથી રોકાણમાં જોવા મળેલી વૃદ્ધિ અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસનાં લક્ષ્યાંકને ધ્યાનમાં લેતા આ મર્યાદાની સમીક્ષા કરવી જરૂરી બની છે. અગાઉ સેક્રેટરીઓની કમિટીએ તેની બેઠકમાં પણ કેબિનેટ કમિટી ઑન ઈકોનોમિક ઑફર હેઠળ સીધા વિદેશી રોકાણના પ્રસ્તાવોની સરકારી રૂટ મારફતે મંજૂરી માટેની મર્યાદામાં ફેરફાર કરવા માટે ભલામણ કરવામાં આવી હતી. જોકે, આ પ્રસ્તાવ હજુ ચર્ચાના સ્તરે જ હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

વધુમાં સરકાર દરિયાપારનાં આંતરપ્રવાહ અને રોજગારને વેગ આપવા માટે ડાઉનસ્ટ્રીમ ઈન્વેસ્ટમેન્ટ માટેના સીધા વિદેશી રોકાણનાં ધોરણો પણ હળવા કરવાના પ્રસ્તાવ પર વિચારણા કરી રહી હોવાનું તેમણે જણાવતા ઉમેર્યું હતું કે આ પ્રસ્તાવ મુજબ સરકાર અપસ્ટ્રીમ સ્થાનિક કંપનીને પહેલેથી જ આવી મંજૂરી મળી ગઈ હોય તેવી ભારતીય કંપનીઓમાં પરોક્ષ વિદેશી રોકાણને નવી મંજૂરી મેળવવામાંથી મુક્તિ આપવાનું વિચારી રહી છે. હાલમાં સરકારી રૂટ મારફતે મંજૂરી બે કિસ્સાઓમાં લેવી જરૂરી છે જેમાં ડાઉનસ્ટ્રીમ એકમ અથવા પરોક્ષ વિદેશી રોકાણ માટે અને ભારત સાથે સરહદ ધરાવતી જમીનમાં રોકાણ માટે.

સરકારે વિદેશી રોકાણનાં આંતરપ્રવાહને આકર્ષવા માટે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે અને એપ્રિલ ૨૦૦૦થી માર્ચ ૨૦૨૬ દરમિયાન કુલ રોકાણ ૧.૧૬ ટ્રિલિયન ડૉલરની સપાટી પાર કરી ગયું છે. દેશમાં ટોચના દસ મુખ્ય રોકાણકર્તા દેશોમાં મોરેશિયસ, સિંગાપોર, અમેરિકા, નેધર્લેન્ડ, જાપાન, યુકે અને યુએઈનો સમાવેશ થાય છે. ■

# ટોચની ૧૦ કંપની પૈકી ચારની માર્કેટકૅપમાં ₹ ૧.૪૩ લાખ કરોડનો વધારો, સ્ટેટ બૅન્ક મોખરે

નવી દિલ્હીઃ વીતેલા સપ્તાહ દરમિયાન દેશની ટોચની ૧૦ કંપનીઓ પૈકી ચાર કંપનીઓનાં માર્કેટ કેપિટલાઈઝેશન અથવા તો માર્કેટકેપમાં રૂ. ૧.૪૩ લાખ કરોડનો વધારો થયો છે, જેમાં સૌથી વધુ વધારો સ્ટેક બૅન્ક ઑફ ઈન્ડિયામાં થયો છે. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૪૦૪.૫૩ પૉઈન્ટ અથવા તો ૦.૫૧ ટકાનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૮૭.૦૫ પૉઈન્ટ અથવા તો ૦.૭૬ ટકાનો વધારો થયો હતો.

એકંદરે ગત સપ્તાહે નવાં ક્લોઝિંગ ઑક્શન સેશન (સીએએસ) અને એફ ઍન્ડ ઓ (ફ્યુચર ઍન્ડ ઓપ્શન) સ્ટોકનાં નવાં માળખાનો અમલ થવાની સાથે ગત સપ્તાહે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની નાણાનીતિની સમીક્ષાની બેઠક હોવાથી ભારે ચંચળતા હોવા છતાં બૅન્ચમાર્ક સુધારા સાથે બંધ રહ્યા હોવાનું રેલિગેર બ્રોકિંગનાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

ગત સપ્તાહે દેશની ટોચની ૧૦ કંપનીઓમાં મુખ્યત્વે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ અને લાર્સન ઍન્ડ ટૂબ્રોનાં માર્કેટ કેપિટલાઈઝેશનમાં વધારો થયો હતો, જ્યારે ભારતી એરટેલ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, બજાજ ફાઈનાન્સ, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા અને હિન્દુસ્તાન યુનીલિવરનાં માર્કેટકેપમાં ધોવાણ થયું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના અંતે સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનું માર્કેટકેપ રૂ. ૬૩,૯૨૨.૦૩ કરોડ વધીને રૂ. ૧૦,૧૧,૭૨૧.૮૪ કરોડની સપાટીએ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટકેપ રૂ. ૩૨,૮૧૬.૪ કરોડ વધીને રૂ. ૧૮,૦૧,૯૨૫.૧૯ કરોડ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસનું માર્કેટકેપ રૂ. ૩૧,૮૭૫.૩૫ કરોડ વધીને રૂ. ૮,૮૭,૭૭૦.૧૩ કરોડ અને લાર્સન ઍન્ડ ટૂબ્રોનું માર્કેટકેપ રૂ. ૧૪,૬૩૭.૭૬ કરોડ વધીને રૂ. ૫,૫૬,૪૮૨.૪૫ કરોડની સપાટીએ રહ્યું હતું.

જોકે, સપ્તાહના અંતે એલઆઈસીનું માર્કેટકેપ રૂ. ૪૦,૫૪૩.૨૩ કરોડ ઘટીને રૂ. ૪,૯૬,૮૯૧.૮૨ કરોડ, બજાજ ફાઈનાન્સનું માર્કેટકેપ રૂ. ૩૭,૧૬૮.૯૬ કરોડ ઘટીને રૂ. ૬,૭૩,૬૪૮.૫૫ કરોડ, એચડીએફસી બૅન્કનું માર્કેટકેપ રૂ. ૨૪,૧૮૩.૧૬ કરોડ ઘટીને રૂ. ૧૧,૨૭,૯૬૭.૪૭ કરોડ, આઈસીઆઈસીઆઈ બૅન્કનું માર્કેટકેપ રૂ. ૯૫૦૭.૬૭ કરોડ ઘટીને રૂ. ૧૦,૨૦,૩૭૦.૬૩ કરોડ, ભારતી એરટેલનું માર્કેટકેપ રૂ. ૭૫૮૧.૬૫ કરોડ ઘટીને રૂ. ૧૨,૨૨,૪૨૩.૯૮ કરોડ અને હિન્દુસ્તાન યુનીલિવરનું માર્કેટકેપ રૂ. ૪૭૯૩.૧૬ કરોડ ઘટીને રૂ. ૪,૮૮,૮૦૮.૯૭ કરોડની સપાટીએ રહ્યું હતું.

સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઈઝેશન અનુસાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું, ત્યાર બાદ અનુક્રમે ભારતી એરટેલ, એચડીએફસી બૅન્ક, આઈસીઆઈસીઆઈ બૅન્ક, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ટીસીએસ, બજાજ ફાઈનાન્સ, લાર્સન ઍન્ડ ટૂબ્રો, એલઆઈસી અને હિન્દુસ્તાન યુનીલિવરનો સમાવેશ થતો હતો. ■

# ઑસ્ટ્રેલિયા ખાતે ૧૮ ટન મખાનાનું શિપમેન્ટ

નવી દિલ્હીઃ ભારતે બિહારથી ઑસ્ટ્રેલિયા ખાતે ૧૮ ટન મખાનાનું શિપમેન્ટ કર્યું હોવાનું વાણિજ્ય મંત્રાલયે ગત શનિવારે એક યાદીમાં જણાવ્યું હતું.

આ કન્સાઈન્મેન્ટ માટે મખાનાનું સ્રોત બિહારનો દરભંગા જિલ્લો રહ્યો હતો. આમ આંતરરાષ્ટ્રીય સ્તરે બિહારના મખાનાની વિશેષ ભૌગોલિક ઓળખ પ્રાપ્ત થઈ હોવાથી ખેડૂતોની આવકમાં વધારો થવાની શક્યતા વધી છે. નોંધનીય બાબત એ છે કે દેશમાં મખાનાના કુલ ઉત્પાદનમાં બિહાર ૮૫ ટકા હિસ્સો ધરાવે છે.

વધુમાં આ ક્ષેત્રને વધુ મજબૂત કરવા માટે મખાનાનો એક અલગથી એચએસ (હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ) કોડ આપવામાં આવ્યો છે જે જુલાઈ, ૨૦૨૫થી અમલી બનાવવામાં આવ્યો છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતની મખાનાની નિકાસ ૭૦૦૦ ટનની સપાટીએ રહી હતી અને મખાનાના મૂલ્યવર્ધિત ઉત્પાદનોની નિકાસ અમેરિકા, મધ્યપૂર્વ અને આફ્રિકા સહિતનાં ૨૦ દેશોમાં થઈ હોવાનું મંત્રાલયે યાદીમાં ઉમેર્યું હતું. ■

# ચાંદીની ખરીદી વધતા બિસ ચાંદીનાં હૉલમાર્કિંગ ટેસ્ટિંગમાં વધારો કરશે

નવી દિલ્હીઃ સોનાના ભાવમાં થયેલા વધારાને કારણે ખરીદદારો સોના કરતાં ચાંદી તરફ વધુ વળ્યા હોવાથી બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (બિસ) ચાંદીની ટેસ્ટિંગ લેબોરેટરીઝમાં વધારો કરશે, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવતાં ઉમેર્યું હતું કે બે વર્ષમાં ચાંદીનાં રેફરલ અને એસે લેબોરેટરીઝને રાષ્ટ્રીય સ્તરે વિસ્તારવામાં આવશે.

નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૦૫થી ચાંદીનું હોલમાર્કિંગ મરજિયાત હતું અને સપ્ટેમ્બર, ૨૦૨૫થી ખરીદદારોને પ્યોરિટીની ચકાસણી માટે હોલમાર્ક થયેલી ચાંદીની ચીજોને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન (એચયુઆઈડી) નંબર આપવામાં આવતો હતો.

ગત સાલ અમે ચાંદીનાં આભૂષણો માટે પણ એચયુઆઈડી આપવાનું શરૂ કર્યું હતું અને માગમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી અમે સ્ટોકની આવશ્યકતાનો ક્યાસ લીધો હતો અને અમારી લેબોરેટરીમાં ચાંદીનાં આભૂષણોની ચકાસણી માટે સજ્જ થયા હોવાનું બિસનાં ડેપ્યૂટી ડિરેક્ટર જનરલ શિત એસ હકે પીટીઆઈને જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અમે આગામી બે વર્ષ સુધી ચાંદીનાં આભૂષણોની અમારી લેબોરેટરીમાં તપાસણીને પહોંચી વળવા સક્ષમ છીએ અને તે દરમિયાન અમે રેફરલ અને એસે લેબોરેટરીનું દેશભરમાં વિસ્તરણ પણ કરતાં રહીશું, એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૫૯ લાખ ચાંદીનાં આભૂષણો અને આર્ટિકલનુ હૉલમાર્કિંગ કરવામાં આવ્યું હતું, જ્યારે તે પૂર્વેના વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૨ લાખ ચાંદીનાં આભૂષણોનું હૉલ માર્કિંગ કરવામાં આવ્યું હતું. હાલ દેશમાં બિસ અધિકૃત અંદાજે ૨૩૦ એસેઈંગ અને હૉલમાર્કિંગ સેન્ટર છે. ■

# દેશની બિન-અશ્મીભૂત વીજ ઊર્જાની ક્ષમતા ૩૦૦ ગિગા વૉટની પાર

## વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગિગા વૉટની ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંકઃ પ્રલ્હાદ જોશી

નવી દિલ્હીઃ દેશમાં બિન અશ્મીભૂત ઊર્જા અથવા તો પાવર ઉત્પાદનની ક્ષમતા વધીને ૩૦૦ ગિગા વૉટની પાર થઈ ગઈ છે અને આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં રિન્યૂએબલ એનર્જીની ક્ષમતા વધીને ૫૦૦ ગિગા વૉટ થઈ જવાનો આશાવાદ કેન્દ્રીય પ્રધાન પ્રલ્હાદ જોશીએ વ્યક્ત કર્યો છે.

અત્રે સીઆઈઆઈનાં ઉપક્રમો યોજાયેલ સાતમી 'ઈન્ટરનેશનલ એનર્જી કોન્ફરન્સ એન્ડ એક્ઝિબિશન'ને સંબોધતા કેન્દ્રીય પ્રધાન પ્રલ્હાદ જોશીએ જણાવ્યું હતું કે ગત જાન્યુઆરીથી જૂન મહિના સુધીનાં ટૂંકા છ મહિનાના સમયગાળામાં બિન અશ્મીભૂત ઊર્જા-ઈલેક્ટ્રિસિટીની ઉત્પાદનક્ષમતામાં ૩૦.૫૮ ગિગા વૉટનો ઉમેરો થયો છે. જે ગત સાલના સમાનગાળાની સરખામણીમાં પચ્ચીસ ટકા જેટલો વધારો દર્શાવે છે. દેશમાં છેલ્લાં બે વર્ષમાં રિન્યૂએબલ એનર્જી અથવા તો બિન અશ્મીભૂત ઈંધણની ક્ષમતામાં ૯૦ ગિગા વૉટનો ઉમેરો થયો હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે આપણી અશ્મીભૂત સિવાયની ઉત્પાદન ક્ષમતા ૩૦૦ ગિગા વૉટની સપાટી પાર કરી ગઈ છે અને અમારું મક્કમપણે માનવું છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગિગા વૉટની ક્ષમતા હાંસલ કરીશું. વધુમાં તેમણે ઉદ્યોગના અગ્રણીઓને સંશોધન અને વિકાસ પાછળ વધુ રોકાણ કરવાનો અનુરોધ કરતાં જણાવ્યું હતું કે પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના હેઠળ પ્રત્યેક છ દિવસે એક લાખ ઘરને આવરી લેવામાં આવતા હોવાથી આ સ્કીમ હેઠળ સિમાચિહ્નરૂપ ૫૦ લાખ ઘર આવરી લેવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે ગત ઑક્ટોબર, ૨૦૨૫થી જુલાઈ, ૨૦૨૬ સુધીનાં નવ મહિનાના સમયગાળામાં ઘરની ઉપર સ્થાપવામાં આવતા રૂફ ટોપ સોલારની સંખ્યા જે ઑક્ટોબર, ૨૦૨૫માં પ્રતિદિન ૫૦૦૦ની હતી તે ૩.૨ ગણી કરતાં વધીને જુલાઈ, ૨૦૨૬માં ૧૬,૩૨૮ની સપાટીએ પહોંચી છે અને ૧૯ લાખ ઘરોને વીજળીના બિલ શૂન્ય આવી રહ્યા છે. આ સ્કીમ હેઠળનાં ૧૨ લાખ ઘરોએ તેની અતિરિક્ત ઈલેક્ટ્રિસિટીનું વેચાણ કરીને રૂ. ૪૨૧ કરોડની આવક રળી છે. તેઓએ માત્ર ઈલેક્ટ્રિસિટીનો વપરાશ જ નથી કર્યો પરંતુ વીજળીનું ઉત્પાદન પણ કરતા ઘરદીઠ વર્ષે રૂ. ૩૫૦૦ની વધારાની આવક પણ કરી હોવાનું જણાવ્યું હતું. ■

# અત્યાર સુધીમાં ૮૯૪.૨૨ લાખ હેક્ટર વિસ્તારમાં ખરીફ વાવેતર

નવી દિલ્હીઃ વર્તમાન ખરીફ મોસમમાં ગત ૩૧મી જુલાઈ સુધીમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧થી ૨૦૨૪-૨૫ સુધીના સામાન્ય સરેરાશ ૧૧૦૪.૪૬ લાખ હેક્ટરનાં વાવેતર વિસ્તાર પૈકી ૮૧ ટકા અર્થાત્ ૯૨૦.૭૨ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે. તેમ છતાં કુલ ખરીફ પાક હેઠળનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૯૨૦.૭૨ લાખ હેક્ટર સામે હજુ ૨૬.૫ ટકા ઓછો હોવાનું કૃષિ મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત ૩૧મી જુલાઈ સુધીમાં મુખ્ય ખરીફ પાક ગણાતા ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૩૦૮.૩૯૯ લાખ હેક્ટર સામે ૬.૮૯ ટકા ઘટીને ૩૦૧.૪૯ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે. આ ઉપરાંત કઠોળનો વાવેતર વિસ્તાર પણ ગત સાલના સમાનગાળાના ૧૦૧.૬૦ લાખ હેક્ટર સામે ૬.૪૧ ટકા ઘટીને ૯૫.૧૮ લાખ હેક્ટર રહ્યો છે. કઠોળના વાવેતરમાં મુખ્યત્વે તુવેરનો વાવેતર વિસ્તાર ૩.૫૩ ટકા ઘટીને ૩૪.૯૧ લાખ હેક્ટર (૩૮.૪૪ લાખ હેક્ટર), મગનો વાવેતર વિસ્તાર ૩.૫૩ ટકા ઘટીને ૨૯.૨૨ લાખ હેક્ટર (૩૨.૨૩ લાખ હેક્ટર), મઠનો વાવેતર વિસ્તાર ૧.૭૨ ટકા ઘટીને ૬.૯૫ લાખ હેક્ટર (૮.૬૬ લાખ હેક્ટર) અને અન્ય કઠોળનો વાવેતર વિસ્તાર ૦.૧૯ ટકા ઘટીને ૨.૮૫ લાખ હેક્ટર (૩.૦૪ લાખ હેક્ટર)ની સપાટીએ રહ્યો હતો. જોકે, અડદનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૯.૦૪ લાખ હેક્ટર સામે ૨.૦૩ ટકા વધીને ૨૧.૦૮ લાખ હેક્ટર અને કળથીનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાની સમકક્ષ ૧૮,૦૦૦ હેક્ટરની સપાટીએ રહ્યો હતો.

ગત ૩૧મી જુલાઈ સુધીમાં કડ ધાન્ય અથવા તો જાડા ધાન્ય અથવા તો શ્રી ધાન્યનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૭૦.૬૦ લાખ હેક્ટર સામે ૧૨.૮૩ ટકાના ઘટાડા સાથે ૧૫૭.૭૭ લાખ હેક્ટરના સ્તરે રહ્યો હતો. જેમાં જુવારનો વાવેતર વિસ્તાર ૦.૪૫ ટકા ઘટીને ૧૨.૧૬ લાખ હેક્ટર (૧૨.૬૧ લાખ હેક્ટર), બાજરાનો વાવેતર વિસ્તાર ૪.૨૦ ટકા ઘટીને ૫૭.૪૪ લાખ હેક્ટર (૬૧.૬૪ લાખ હેક્ટર), રાગીનો વાવેતર વિસ્તાર ૦.૯૩ ટકા ઘટીને ૧.૮૭ લાખ હેક્ટર (૨.૮૦ લાખ હેક્ટર), નાની બાજરીનો વાવેતર વિસ્તાર ૦.૬૬ ટકા ઘટીને ૨.૭૫ લાખ હેક્ટર (૩.૪૦ લાખ હેક્ટર) અને મકાઈનો વાવેતર વિસ્તાર ૬.૫૯ ટકા ઘટીને ૮૩.૫૬ લાખ હેક્ટર (૯૦.૧૫ લાખ હેક્ટર)ની સપાટીએ રહ્યો હતો.

જોકે, સમીક્ષા હેઠળના સમયગાળા સુધીમાં તેલીબિયાનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૭૧.૧૩ લાખ હેક્ટર સામે સાધારણ ૧.૧૯ ટકા વધીને ૧૭૨.૩૨ લાખ હેક્ટર રહ્યો છે. જેમાં મગફળીનો વાવેતર વિસ્તાર ૧.૧૬ ટકા વધીને ૪૩.૦૬ લાખ હેક્ટર (૪૧.૯૦ લાખ હેક્ટર), સૂર્યમુખીનો વાવેતર વિસ્તાર ૦.૪૧ ટકા વધીને ૯૮,૦૦૦ હેક્ટર (૫૮,૦૦૦ હેક્ટર), તલનો વાવેતર વિસ્તાર ૧.૧૦ ટકા વધીને ૯.૨૭ લાખ હેક્ટર (૮.૧૭ લાખ હેક્ટર) અને અન્ય તેલીબિયાંનો વાવેતર વિસ્તાર ૦.૦૪ ટકા વધીને ૧૦,૦૦૦ હેક્ટર (૫૦૦૦ હેક્ટર)ના સ્તરે રહ્યો છે, જ્યારે સોયાબીનનો વાવેતર વિસ્તાર ૦.૮૪ ટકા ઘટીને ૧૧૭.૬૮ લાખ હેક્ટર (૧૧૮.૫૨ લાખ હેક્ટર), ખુરસાણીનો વાવેતર વિસ્તાર ૦.૦૨ ટકા ઘટીને ૧૦,૦૦૦ હેક્ટર (૧૨,૦૦૦ હેક્ટર) અને એરંડાનો વાવેતર વિસ્તાર ૦.૬૫ ટકા ઘટીને ૧.૧૩ લાખ હેક્ટર (૧.૭૯ લાખ હેક્ટર)ની સપાટીએ રહ્યો છે. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

એસ એન્ડ ટી યુટિલિટી શિફ્ટિંગનું કામ

ડે. ચીફ સિગ્નલ એન્ડ ટેલિકોમ એન્જિનિયર (ફિલ્ડ) (કન્સ્ટ.) ચર્ચગેટ, મુંબઈ, પશ્ચિમ રેલવે, મુંબઈ-૪૦૦૦૨૦ આમંત્રિત કરે છે. ઈ-ટેન્ડર નં. DyCSTE-C-BCT-341. કામનું નામઃ એસ એન્ડ ટી યુટિલિટી શિફ્ટિંગનું કામ પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનમાં વાઢવણ-વાનગાંવ-પાલઘર સેક્શનમાં પાલઘરથી વાઢવણ પોર્ટ (૨૨.૨૩ કિ.મી.)ની નવી બીજી લાઈન સંબંધિત. એનઆઈટી મૂલ્યઃ રૂ. ૯૭,૩૯,૬૫૩.૨૭. ઈએમડીઃ રૂ. ૧,૯૪,૮૦૦/-. ઈ-બિડ બંધ થવાની તારીખઃ ૩૧.૦૮.૨૦૨૬ના ૧૫.૦૦ ક. બિડિંગ શરૂ થવાની તારીખઃ ૧૭.૦૮.૨૦૨૬. વધુ વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લો www.ireps.gov.in 0467

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(સ્યૂઅરેજ ઓપરેશન વિભાગ)

નં. E.E.M./SEW./૨૯૪૫ શહેર-I તા. ૦૭.૦૮.૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન નીચેના ઓનલાઈન ટેન્ડર મંગાવે છે. ટેન્ડર કોપી ઈ-પ્રોક્યોરમેન્ટ સેક્શન હેઠળ મહા ટેન્ડર પોર્ટલ (http://mahatenders.gov.in/nicgep/app) પરથી ડાઉનલોડ કરી શકાય છે.

| ક્ર. નં. | કામનું વર્ણન | ટેન્ડર સંદર્ભ નં. | રૂ.માં બારડી | રૂ.માં ટેન્ડર ફી | ટેન્ડર નીચેની તા. પાકશે |
|---|---|---|---|---|---|
| ૧. | નેપિયનસી રોડ સ્યૂએજ પમ્પિંગ સ્ટેશન માટે ઓપરેશન સર્વિસેસની જોગવાઈ | ટેન્ડર Id.: ૨૦૨૬_MCGM_૧૩૨૫૬૧૭_૧ | ૧૦,૦૦૦/- | ૧,૬૦૦.૦૦/- + ૧૮% GST | ૨૦.૦૮.૨૦૨૬ સાં. ૦૪.૦૦ ક. સુધી. |
| ૨. | દાદર પમ્પિંગ સ્ટેશન ખાતે પંપ નં. ૨૦૧ & ૨૦૮ના નોન રિટર્ન વાલ્વ બદલવાનું કામ. | ટેન્ડર Id.: ૨૦૨૬_MCGM_૧૩૨૫૫૯૩_૧ | ૧૧,૬૦૦/- | ૩,૯૯૩.૦૦/- + ૧૮% GST | ૨૪.૦૮.૨૦૨૬ સાં. ૦૪.૦૦ ક. સુધી. |
| ૩. | દાદર પમ્પિંગ સ્ટેશન ખાતે ભીના કૂવા અને સૂકા કૂવાના વેન્ટિલેશન સિસ્ટમનું નવીનીકરણ | ટેન્ડર Id.: ૨૦૨૬_MCGM_૧૩૨૫૮૨૪_૧ | ૧૫,૬૦૦/- | ૩,૯૯૩.૦૦/- + ૧૮% GST | ૨૦.૦૮.૨૦૨૬ સાં. ૦૪.૦૦ ક. સુધી. |

વધુ વિગતો માટે http://mahatenders.gov.in/nicgep/app પર લોગઓન કરો.

સહી/-
(સતિશ શિંદે)
E.E. મિકે. (સ્યૂ.) શહેર-I

PRO/1035/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# બારામતી એરપોર્ટ પર ફરી એક પ્લેન ક્રેશ!

## ટ્રેની પાઈલટનો બચાવ, અજિત પવારના નિધન બાદ ફરી સુરક્ષા પર સવાલો!

મુંબઈ: મહારાષ્ટ્રમાં પુણે નજીક આવેલા બારામતીમાં ફરી એકવાર ટ્રેનિંગ પ્લેન ક્રેશ થવાની ઘટના સામે આવી છે. બારામતી એરપોર્ટ પર લેન્ડિંગ સમયે એક પ્રશિક્ષણ વિમાન જમીન પર પટકાયું હતું. રાહતની વાત એ રહી કે આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર ટ્રેની પાઇલટનો આબાદ બચાવ થયો હતો. જોકે, એક જ વર્ષમાં આ ત્રીજી વખત દુર્ઘટના થતાં એરપોર્ટની સુરક્ષા સામે ગંભીર સવાલો ઉપસ્થિત થયા છે.

મળી રહેલી માહિતી અનુસાર, રવિવારે બપોરે ટ્રેનિંગ ઉડાન દરમિયાન જ્યારે વિમાન એરપોર્ટ કેમ્પસમાં લેન્ડ કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ બારામતી એરપોર્ટ પર વારંવાર બનતી આવી દુર્ઘટનાઓને કારણે સ્થાનિક તંત્ર અને એરપોર્ટની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થયા છે.

આ અગાઉ ૧૩મી મે, ૨૦૨૬ના રોજ રેડબર્ડ (છ્યમબશમિ) કંપનીનું એક ટ્રેનર વિમાન ટેકનિકલ ખામી સર્જાવાને કારણે બારામતી એરપોર્ટ નજીક આવેલા ગોજુબાવી ગામની સીમમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જમીન પર

(જુઓ પાનું ૪) ▶▶



**બાપ્પા આલે રે...:**
મુંબઈના પરેલમાં આવેલી વિવિધ વર્કશોપમાંથી રવિવારની રજાનો લાભ લઈને ગણપતિ ઉત્સવ પહેલા ભારે ટ્રાફિક વચ્ચે ભક્તો ગણપતિની વિશાળકાય મૂર્તિ લઈ રહ્યા હતા ત્યારે મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. (અમય ખરાડે)

# જળાશયોમાં પાણીની સપાટીમાં ઘટાડાથી પાલિકા ચિંતિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જુલાઈમાં મુશળધાર વરસાદ પડવાથી ૯૦ ટકા સુધી ભરાઈ ગયેલા જળાશયોમાં પાણીની સપાટીમાં સતત ઘટાડો જણાઈ રહ્યો છે. વરસાદની ગેરહાજરીમાં સાતેય જળાશયોમાં રવિવારે સવારે ૮૮.૭૦ ટકા પાણીનું સ્તર હતું, જે છેલ્લા બે વર્ષની સરખામણીમાં ઓછું હતું.

મુંબઈમાં અલગ અલગ વિસ્તારોમાં પાણીની અછત હોવાની નગરસેવકો સતત ફરિયાદ કરી રહ્યા છે ત્યારે રવિવારે સવારે મુંબઈને પાણીપુરવઠો કરનારા જળાશયોમાં હાઇડ્રોલિક એન્જિનિયર વિભાગના અહેવાલ મુજબ પાણીનો જથ્થો ૮૮.૭૦ ટકા રહ્યો હતો. જળાશયોમાં ૧૨૮૩,૮૨૬ મિલ્યન લિટર પાણીનો જથ્થો હતો. જુલાઈમાં મુશળધાર પડનારો વરસાદ ઑગસ્ટમાં લગભગ ગાયબ થઈ ગયો છે. છેલ્લા અનેક દિવસોથી મુંબઈ સહિત જળાશયોના કેચમેન્ટ એરિયામાં વરસાદના હળવા ઝાપટાં પડી રહ્યા છે, તેથી પાણીમાં કંઈ ખાસ વધારો થયો નથી.

ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં જળાશયોમાં પાણી ૯૦ ટકા સુધી પહોંચી જતા નગરસેવકોએ મુંબઈમાં રહેલા ૧૦ ટકા પાણીકાપને પાછો ખેંચી લેવાની પણ માગણી કરી હતી. જોકે અલ નિનોની અસર હેઠળ ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં ઓછા વરસાદની ચેતવણીને પગલે પાલિકા પ્રશાસન પાણીકાપ પાછો ખેંચવામાં ઉતાવળ કરવા માંગતી ન હોવાનું કહેવાય છે.

રવિવારે સવારે જળાશયમાં પાણીનો

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રોપર્ટી ટૅક્સના ડિફોલ્ટરોને મિલકતની નિલામીની પાલિકાની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પશ્ચિમ ઉપનગરમાં પ્રોપર્ટી ટૅક્સ ચૂકવવાનું ટાળનારા ડિફોલ્ટરોને તેમની મિલકતની હરાજી કરવાની નોટિસ આપવામાં આવી છે. લાંબા સમય સુધી તેમને નોટિસ ફટકાર્યા બાદ પણ ટૅક્સ નહીં ચૂકવવાને કારણે પાલિકાએ તેમને આ ચેતવણી આપી હોવાનું જાણવા મળ્યું હતું.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પશ્ચિમ ઉપનગરમાં બે પ્રોપર્ટી ટૅક્સધારકોને આપેલી મુદતમાં ટૅક્સ ચૂકવી દેવાની નોટિસ આપી છે, નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે કે જો બાકી રકમ સમયમર્યાદામાં ચૂકવવામાં નહીં આવે તો તેમની મિલકતોની લિલામી કરવામાં આવશે.

શનિવારે બહાર પાડવામાં આવેલી આ જાહેર નોટિસ અનુસાર કાંદિવલી પશ્ચિમમાં ૧૫માં માળે આવેલી ૨૩૦ ચોરસ મીટરની મિલકત પર ૬૩.૩૯ લાખ રૂપિયાનો મિલકત કર બાકી છે, સાથે ૪.૯૫ લાખ રૂપિયાનો દંડ પણ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી બાકી છે. બીજી, સાંતાક્રુઝ પૂર્વમાં ૧,૦૭૭ ચોરસ મીટરની કમર્શિયલ મિલકત પર ૧.૬૦ કરોડ રૂપિયાનો બાકી ટૅક્સ અને ૨.૮૪ કરોડ રૂપિયાનો દંડ બાકી છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ માલિકોને બાકી રકમ ચૂકવવા માટે સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે, જો રકમ ચૂકવવામાં નહીં આવે તો અમે મિલકતોની હરાજી શરૂ કરીશું. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ ૨૦૬(૨) હેઠળ હરાજીની નોટિસ આપવામાં આવી છે અને નિર્ધારિત સમયગાળામાં બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેતી મિલકતોને કાયદાની કલમ ૨૦૩-૨૦૬ હેઠળ જપ્ત કરવામાં આવે છે અને હરાજી કરવામાં આવે છે.

નોંધનીય છે કે પાલિકાએ એ ૨૦૨૫-૨૬માં

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્રમાં દૂધ પ્રતિ લિટર ₹ બે મોંઘું!

## ૧૧મી ઓગસ્ટથી ગાય-ભેંસના દૂધ ઉપરાંત દહીં-છાશના ભાવ પણ વધશે

મહારાષ્ટ્રમાં મોંઘવારીનો વધુ એક મોટો ફટકો સામાન્ય જનતાને પડવા જઈ રહ્યો છે. 'મિલ્ક પ્રોડ્યુસર્સ એન્ડ પ્રોસેસર્સ વેલફેર એસોસિયેશન'ના નિર્ણય બાદ રાજ્યમાં દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા બે નો વધારો કરવામાં આવ્યો છે. દૂધના આ નવા વધારેલા ભાવ મંગળવાર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૬થી સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવશે.

દૂધની ખરીદી, ઈંધણ અને પેકેજિંગ ખર્ચમાં થયેલા વધારાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની માહિતી એસોસિયેશન દ્વારા આપવામાં આવી છે. જોકે, આ ભાવવધારો માત્ર દૂધ જ નહીં, પરંતુ દૂધમાંથી બનતા અન્ય ડેરી પ્રોડક્ટ્સ જેવી કે દહીં, છાશ, ઘી અને પનીરના ભાવમાં પણ ૧૦ ટકા સુધીનો વધારો ઝીંકાયો છે. આ વધારાને કારણે કારણે ગૃહિણીઓનું માસિક બજેટ

(જુઓ પાનું ૪) ▶▶

# ભાણેજને વેચ્યાની પોલ ખુદ મામાએ ખોલી: સગી બહેન અને બનેવી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી

## વરસાદમાં પગ લપસવાથી હાથમાંથી બાળક છટકીને નીચે પટકાતાં ઈજા પામ્યો અને બાદમાં તેનું મૃત્યુ થયું હોવાનું જુઠ્ઠાણું માતાએ ચલાવ્યું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધારાવી વિસ્તારમાં રહેતા દંપતીએ તેમના દોઢ વર્ષના દીકરાને ૧.૦૫ લાખ રૂપિયામાં એક મહિલાને વેચી દીધો હોવાની ઘટના સામે આવી હતી. વરસાદમાં પગ લપસવાથી હાથમાંથી બાળક છટકીને નીચે પટકાતાં ઇજા પામ્યો અને બાદમાં તેનું મૃત્યુ થયું હોવાનું જુઠ્ઠાણું માતાએ ચલાવ્યું હતું. જોકે બાળકના મામાએ હોસ્પિટલમાં જઇને તપાસ કરી હતી અને બાદમાં શંકાને આધારે તેની બહેનની કરેલી પૂછપરછમાં ભાણેજને વેચ્યાની તેણે કબૂલાત કરી હતી.

ગોરેગામમાં રહેતા અને સુરક્ષારક્ષક તરીકે કામ કરતા સની શિવબહાદુર સિંહે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ધારાવી પોલીસે તેની બહેન રોલી સંદીપ સિંહ, તેનો પતિ સંદીપ જનરાજ સિંહ અને રાણી નામની મહિલા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

રોલી સિંહે ૬ ઑગસ્ટે તેની માતાને કૉલ કરીને જણાવ્યું હતું કે વરસાદને કારણે સવારે પગ લપસી જતાં હાથમાંથી છટકીને તેનો દોઢ વર્ષનો પુત્ર અનંતસિંહ નીચે પટકાતાં તેના માથામાં ગંભીર ઇજા થઇ છે અને તેને સારવાર માટે સાયન હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આની જાણ બાદમાં રોલી સિંહના ભાઇ સની સિંહને કરાતાં તે સાંજના ભાણેજને જોવા માટે હોસ્પિટલમાં પહોંચ્યો હતો. તેણે ત્યાં તપાસ કર્યા બાદ બહેન અને બનેવી સંદીપ સિંહને કૉલ કર્યા હતા. જોકે બહેનનો મોબાઇલ બંધ હતો, જ્યારે બનેવી કૉલ રિસિવ નહોતો કરી રહ્યો. તેણે હોસ્પિટલમાં બહેન-બનેવીની શોધ ચલાવી હતી, પણ તેઓ ક્યાંય નજરે પડ્યાં નહોતાં. સંદીપ સિંહે બાદમાં કૉલ રિસિવ

(જુઓ પાનું ૪) ▶▶

# હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં રેકોર્ડ બ્રેક વરસાદ

મુંબઈ: 'અલ નિનો'ની અસર હેઠળ દેશભરમાં ઓછા વરસાદની હવામાન નિષ્ણાતોની આગાહી છતાં મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં જુલાઈ મહિનામાં સારો એવો વરસાદ પડી ગયો છે. તેમાં પણ મુંબઈ નજીકના હિલ સ્ટેશન ગણાતા મહાબળેશ્વરમાં તો આ વર્ષે વરસાદે અગાઉનો રેકોર્ડ જ બ્રેક કરી નાંખ્યો છે. અત્યાર સુધી મહાબળેશ્વરમાં ૫,૦૦૦ મિલીમીટરથી વધુ વરસાદ પડી ચૂક્યો છે. અધિકારીના કહેવા મુજબ અલ નિનોને કારણે ઓછા વરસાદનો ડર હતો પણ આ વર્ષે તો વરસાદે રેકોર્ડ જ કરી નાંખ્યો છે.

મહાબળેશ્વર નગરપાલિકાના ડેટા મુજબ આ વર્ષે મહાબળેશ્વરમાં ૨૦ જૂનથી પાંચ ઑગસ્ટ સુધીના લગભગ દોઢેક મહિનાના ગાળામાં ૫,૦૦૦ મિલિમીટરથી વધુ વરસાદ પડી ચૂકયો છે. આ અગાઉ ૧૯૭૭માં ૩૧ જુલાઈ સુધીમાં ૩,૭૦૭ મિલીમીટરના હાઈએસ્ટ વરસાદના રેકોર્ડને તોડીને આ વર્ષે ૩૧ જુલાઈના ૪,૧૨૭.૬ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

દેશભરમાં આ વર્ષે અલ નિનોને કારણે નબળા ચોમાસાની આગાહી કરવામાં આવી હતી. આગાહીને જાણે સાચ્ચી કરતી હોય તેમ આ વર્ષે ચોમાસાની એન્ટ્રી પણ મુંબઈ સહિત રાજ્યમાં મોડી હતી. લગભગ ૨૩ જૂન બાદ રાજયમાં વરસાદ આવ્યો હતો અને તેમાં પણ જૂનમાં ઓછી માત્રામાં વરસાદ પડયો હતો. જોકે જુલાઈ મહિનામાં વરસાદે

(જુઓ પાનું ૪) ▶▶

# બેંગકોકથી ₹ ૨.૦૯ કરોડનો ગાંજો લાવનારો સુરતનો યુવક મુંબઈ એરપોર્ટ પર ઝડપાયો

મુંબઈ: બેંગકોકથી ૨.૦૯ કરોડ રૂપિયાનો ઉચ્ચ ગુણવત્તાનો ગાંજો બેગમાં છુપાવીને લાવનારા સુરતના યુવકની મુંબઈ એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવી હતી.

કસ્ટમ્સના એર ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) ધરપકડ કરેલા યુવકની ઓળખ સુરતના અભિષેક આકેશભાઇ ટેલર તરીકે થઇ હતી. અભિષેક ટેલરને રવિવારે અદાલતમાં હાજર કરવામાં આવ્યો હતો. કસ્ટમ્સના વિશેષ સરકારી વકીલ હૃષીકેશ મુંડે કોર્ટમાં હાજર રહ્યા હતા અને તેમણે દલીલ કરી હતી. કોર્ટે બાદમાં અભિષેકને જુડિશિયલ કસ્ટડી ફટકારવામાં આવી હતી. અભિષેક બેંગકોકથી ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટમાં શનિવારે મોડી રાતના મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. રવિવારે મળસકે ત્રણ વાગ્યાની આસપાસ એઆઇયુના અધિકારીઓએ એરપોર્ટ પર અરાઇવલ હોલ નજીકથી અભિષેકને શંકાને આધારે આંતર્યો હતો.

અભિષેકની બેગમાં તલાશી લેવામાં આવતાં તેમાંથી

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



**જેન-ઝી:**
ગોવાલિયા ટેન્ક ખાતે ૧૯૪૨ના ભારત છોડો આંદોલનની ભાવનાને ગૌરવ, એકતા અને દેશભક્તિની ભાવના સાથે યાદ કરીને, લોકો ઓગસ્ટ ક્રાંતિ દિવસ પર ગોવાલિયા ટેન્ક, મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ આપવા માટે એકઠા થયા હતા, જેમાં મોટી સંખ્યામાં જેન-ઝી જોવા મળતા હતા. (અમય ખરાડે)

# પીઓપીની મૂર્તિના દરિયામાં વિસર્જનને મંજૂરી આપો

## ગણેશોત્સવ સમન્વય સમિતિની મુખ્ય પ્રધાન પાસે માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગણેશોત્સવ નજીક છે ત્યારે આ વર્ષે પણ પ્લાસ્ટર ઑફ પેરિસ (પીઓપી)ની બનેલી ગણેશમૂર્તિના વિર્સજનને લઈને સરકારના ધોરણને લઈને ગણેશ મંડળો મૂંઝવણમાં છે ત્યારે ગયા વર્ષની માફક આ વર્ષે પણ બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની મૂર્તિઓને દરિયામાં વિસર્જન કરવાની મંજૂરી આપવામાં આવે એવી માગણી કરી છે.

પીઓપી મૂર્તિઓના વિસર્જનનો મુદ્દો કોર્ટમાં હોવાથી સરકાર તેના પર નક્કર અને સ્પષ્ટ વલણ અપનાવે તેવી માગણી પણ બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિ દ્વારા કરવામાં આવી હતી. મુંબઈમાં સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની વિવિધ સમસ્યાઓ, માગણીઓ અને આયોજન અંગે બૃહન્મુંબઈ સાર્વજનિક ગણેશોત્સવ સમન્વય સમિતિની એક બેઠક દાદરમાં

(જુઓ પાનું ૪) ▶▶




# શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રે જેલમાંથી મુક્ત, ગોવા રવાના

થાણે : થાણે જિલ્લાની એક મ્યુનિસિપલ હૉસ્પિટલમાં ડોક્ટરો પર હુમલો કરવાના આરોપસર ધરપકડ કરાયેલા શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રે જેલમાંથી મુક્ત થયા છે અને મહારાષ્ટ્રની બહાર રહેવાની જામીનની શરતનું પાલન કરવા માટે પાડોશી રાજ્ય ગોવા ગયા છે.

બોમ્બે હાઈ કોર્ટે તેમને જામીન આપ્યા અને કેસની સુનાવણી ઝડપથી તથા નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો આદેશ આપ્યો તેના બીજા દિવસે, શનિવારે મ્હાત્રે કલ્યાણ વિસ્તારની આધારવાડી જેલમાંથી બહાર આવ્યા. મ્હાત્રેએ પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ આ કેસમાં સહ-આરોપી એવા તેમના ત્રણ સમર્થકો સાથે ગોવાના અંજુનામાં રહેશે. તેમણે કહ્યું, કે મને ન્યાયતંત્ર પર સંપૂર્ણ વિશ્વાસ છે અને ન્યાયતંત્ર જે પણ ચુકાદો આપશે તેનો હું સંપૂર્ણ સ્વીકાર કરીશ. મ્હાત્રેને જામીન આપતી વખતે, કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની બેન્ચે તેમના અને

(જુઓ પાનું ૪) ▶▶

# રેલવે રૂટના 'સુધારેલા' અલાઈનમેન્ટ સામેના વિરોધને પગલે નાશિક-પુણે હાઈવે પર ટ્રાફિક ખોરવાયો

નાશિક : નાશિક-પુણે સેમી-હાઈ-સ્પીડ રેલવે રૂટના મૂળ અલાઈનમેન્ટમાં ફેરફાર ન કરવાની માગ સાથે મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રવિવારે હજારો લોકોરસ્તા પર ઉતરી આવ્યા હતા અને તેમણે હાઈવે પર ટ્રાફિક જામ કર્યો હતો.

પોલીસે હાઈવે પર સિન્નર ખાતે આંદોલનનું નેતૃત્વ કરનારા સ્થાનિક એમએલસી સત્યજીત તાંબે અને કેટલાક લોકોની અટકાયત કરી હતી. કેટલાક આંદોલનકારીઓએ તાંબેને લઈ જતી પોલીસની ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. આ આંદોલનમાં ભૂતપૂર્વ પ્રધાન અને કૉંગ્રેસ નેતા બાળાસાહેબ થોરાત તથા નાશિકના સાંસદ રાજાભાઉ વાજેએ પણ ભાગ લીધો હતો.

નાશિક-પુણે રેલવે રૂટનો વિવાદ મુખ્યત્વે નારાયણગાંવ અને સંગમનેર થઈને જતા સીધા અને ટૂંકા રૂટને રદ કરવાના કથિત નિર્ણય પર કેન્દ્રિત છે. પુણે જિલ્લામાં આવેલા 'જાયન્ટ મીટરવેવ રેડિયો ટેલિસ્કોપ' (જીએમઆરટી)ના ટેકનિકલ સિગ્નલોમાં સંભવિત દખલગીરીની ચિંતાઓને કારણે આ નિર્ણય લેવાયો હોવાનું મનાય છે. તેના બદલે, સરકારે અહિલ્યાનગર અને શિરડી થઈને રૂટ વાળવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના કારણે સ્થાનિક સ્તરે ભારે વિરોધ થઈ રહ્યો છે. મહારાષ્ટ્ર સરકારે પ્રસ્તાવિત પુણે-નાશિક સેમી-હાઈ-સ્પીડ રેલવે રૂટની જીએમઆરટી પર થનારી અસરનો અભ્યાસ કરવા માટે પરમાણુ ઊર્જા પંચના ભૂતપૂર્વ અધ્યક્ષ અનિલ કાકોડકરના નેતૃત્વમાં એક નિષ્ણાત સમિતિની રચના કરી છે.(પીટીઆઈ)■